

વનશ્રી (કોડાઇકાનાલનું નિસર્ગ દૃશ્ય) ચિત્રકાર · ત્રિગુણાતીત પંચોલી (સ્થળવર્ણન અંદર વાંચો)

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

૩૧૮

વર્ષ ૨૭ · અંક ૬

તંત્રી · બચુભાઈ રાવત

જૂન · ઈ. ૧૯૫૦



સૌન્દર્યો ચિત્રકાર: વી. એ. માળી

(બૉમ્બે આર્ટ સોસાયટીના સૌજન્યથી)



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક(ટૅકસ સાથે) રૂા. ૭।।; પરદેશમાં રૂા. ૯।। અથવા શિ૦૧૫ છુટક નકલ: બાર આના

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક
જૂન ૧૯૫૮

અજાણ ઉર

: પૃથ્વી :

અજાણ ઉર બે નવાં, મન જુદાં, જુદા ગામનાં,
કુટુંબ નવલાં વળી, જન કુટુંબનાં, ને સ્થિતિ
જુદી, તન જુદાં, જુદાં વય ઉછેર, નામે નવાં;
અહો, જગત ક્રીડતા ઉભય જીવની શી ગતિ !

મળ્યાં, નયનથી હળ્યાં; પ્રણયમૌનકેરી રતિ
હસી, શરમમાં લસી: વિકલ શબ્દભાવે વહ્યાં
અશેષ દિનરાત જે હૃદયની રચી ઉન્નતિ
પ્રભાતકમલો સમાં યુગલ થૈ બન્યાં એક શાં.

દેશળજી પરમાર



સ્મિત

· મિશ્ર ·

આનંદની અંતર-સાગરે કશી
છલી રહી ઊર્મિ! અને તરંગ એ
એ વાત છાની કહેવા ધસેલા
બે હોઠની ઉપર, કિન્તુ એને
દાબી દીધા કે નવ વાત છાની
આવી રિતે બોલવી છાજતી, રે!

કિન્તુ ધસ્યા ઊઠિ તરંગ, પાછા
ક્યાં નહીં ને નયનો મહીં એ
આવી અને ગુપ્ત રિતે ઉઘાડું
પાડી દિધું અંતરનું રહસ્ય!

હરીન્દ્ર દવે

યજ્ઞ

(વસંતતિલકા)

સાફલ્યની મગત ના, નવ યત્ન-ગર્વ,
અર્પ્યે જવું સતત રે! નિજ પ્રેય સર્વ,
શ્રેયાર્થ અજ્ઞ જનના બસ એ જ યજ્ઞ;
ને એ જ છે જગતચાલક આદ્ય-ચક્ર.

નીચોવતા ઉરથકી જલ કૈંક મેઘો,
સીંચે અનેક સરિતા જલઓઘ મીઠો;
ખારાશ તો ય ઘટતી નહિ સિંધુગાંહે!
ને મેઘ કે સરિત ના નિજ યત્ન છોડે.

ખેતરિયે મંગલ

આપણ ખેતરિયે મંગલ
ટહૂકે મોરા, બાદલ વરસે ઝરમરઝરમર જલ...
આપણ ખેતરિયે મંગલ.

ધરતીની ધૂળ ઝરતી આજે
મનહર મીઠી ગંધ,
નીલ દાભના અંકુરે શો
હલમલ રે આનંદ!
થલે થલે વ્હેતાં ઝરણાંનો નાદ રમે કલકલ...

'હું લાવી ઓરાગણુ:'
'લાવ્યો હું ધોરી ને હલ:'
ભોળી તે મ્હેનતનાં આપણ
ભેળાં જમશું ફલ.
આભ-ધરાને આધારે જે
રંગછટા અંકાઈ,
એનાં રે જીવતર હૈયાંને
ઉમંગ રે'શું ગાઈ,
દિનભરનાં ભીંજ્યાં, પોઢણિયે ઓઢીશું કંવલ...
આપણ ખેતરિયે મંગલ.

રાજેન્દ્ર શાહ

સ્નેહની રુશનાઈ

તમારી સ્નેહની રુશનાઈ ન'તી મેં એવી જાણી કે
લખાશે ગ્રંથ પૂરો ત્યાં બધા અક્ષર ઊડી જાશે!

પ્રિયકાન્ત મણિયાર

બે ગીત

૧

એવું કોણ રે ચાલી જાય!
ભર્યું ભર્યું મારું ભીતર ખાલી થાય! —એવું૦
સંધ્યાની સ્મિતસુરખી છાઈ,
નભ ના રહ્યું નીલું;
એ જ રે રંગીન તેજ ગાઇ રહ્યું
વિલયનો લય પીલું;
અવ હું એવો અંધાર અંતર ઝીલું
મુજને મારો જ સંગ તેસાલી જાય! —એવું૦
હળવું મારું હૈયું થાતાં,
પાપચે એનો ભાર;
મનનું કોઇ માનવી જાતાં
સૂનાં સકલ દ્વાર;
ન્યાળીને મુજ નયનનીરની ધાર
નભનું તારકવૃન્દ રે મ્હાલી જાય! —એવું૦

૨

એવું કોણ રે હસી જાય?
જાણે ચાંદમુખીનો વાદળઘેરો ઘૂંઘટ ખસી જાય!—એવું૦

નીંદભૂલી બે નેન રોઈ,
ને મનમાં મૌન છવાયું;
પૂનમમાં ય મેં અમાસ જોઇ
તે ગીત ન એક ગવાયું;
એવી અંતરસૂની એકલતાની વચમાં વસી જાય!—એવું૦

મેઘલી રાતને પાલવ મેલે
રે કોણ ઉષાની કોર?
ભીતરનાં સૌ દ્વાર ઠેલે
રે બ્હાર કોનો કલશોર?
આતમના મુજ અણુંઅણુમાં વિરાટ ધસી જાય!—એવું૦

નિરંજન ભગત

ડૉ. હરિપ્રસાદ દેસાઈ

લેખક · રવિશંકર રાવળ



એમણે કદી સ્વાર્થ જોયો ન હતો; કીર્તિ શોધી ન હતી; પણ માત્ર 'જ્ઞાન, ચારિત્ર્ય અને સેવા'ના મંત્રને ધ્યેય તરીકે રાખીને અવિરત પુરુષાર્થ વડે એવું તો ઉદાત્ત અને ઊર્ધ્વગામી જીવનવિધાન કર્યું કે જે દ્વારા તે ગુજરાત આગળ ઘણી ભાવનાઓ અને સ્વપ્નાં મૂકી ગયા.

૧૯૨૩માં હું શેઠ અંબાલાલ સારાભાઈની ગૃહશાળામાંથી છૂટો થયો અને ફરી શહેરમાં બાકરોપોળના મારા મકાનમાં આવી વસ્યો. ડાક્ટર મારી પ્રવૃત્તિમાં વધુ રસ લેતા ને વખતોવખત વિદ્વાન મિત્રોને મારે ત્યાં તેડી લાવતા. એ રીતે ડૉ. સુમન્ત મહેતા ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી ગિદવાણી તથા શ્રી મલકાણીનો પરિચય કરાવી તેમને મારે ત્યાં ચિત્રો બતાવવા લાવેલા.

આમ મારી આસપાસ તેમના ઊમળકા અને આનંદનું વાતાવરણ મને ઘણું પ્રોત્સાહક અને પ્રેરક લાગતું. પણ એ તો એનું સક્રિય ફળ જોવાને ઇંતેજાર હતા. આથી ૧૯૨૩ના જુલાઈની ૨૭મી તારીખે તે મને સર ચીનુભાઈને ત્યાં પ્રથમ પરિચય માટે લઇ ગયા. હું માત્ર નિસ્પૃહ ભાવે કલારસિક મંડળના સમાગમના લોભે જ ત્યાં ગએલો. એ આખા કુટુંબના સદ્ભાવ ને સ્વાગતથી મારા મનમાં ઘણી જ લાગણી થઇ. બધાં કલારસનાં તરસ્યાં, અને માર્ગદર્શન ને અભ્યાસના અભાવે તેમનાં જીવનમાં પ્રાપ્ત થએલી તકોનો સુંદર ઉપયોગ કરવા અધીર હતાં. એમને સ્વેચ્છાથી માર્ગદર્શન આપવા મેં સ્વીકાર્યું. ડાક્ટર માર્ફત તેમણે મને નિયમિત પુરસ્કારથી એ કામ કરવા પુછાવ્યું. પરંતુ કોઈ પણ જાતનું બંધન સ્વીકારવાની વૃત્તિ હવે મને રહી નહોતી, એટલે 'મારામાં શ્રદ્ધા હોય તો હું પ્રસંગોપાત્ત માર્ગદર્શન કે અભ્યાસપાઠ આપું અને તેને તેઓ અનુસરશે તો મને પુરસ્કારથી પણ વધુ બદલો મળ્યો માનીશ' એમ મેં જણાવ્યું.

તે પછી એમના ભવનમાં એક સુસજ્જિત ચિત્રખંડ તૈયાર કરાવ્યો અને ત્યાં ઘરનાં આબાલવૃદ્ધ ધીમેધીમે કલાની તાલીમ ને પરિચયમાં વિકાસ કરવા લાગ્યાં. એ એક અનોખું પ્રકરણ છે; પણ તેમાં ડાક્ટર અખંડ રસ લેતા ને કંઈ પણ કામ કે નવી યોજના થાય તેથી ખુશ રહેતા. પોતે પણ કલા પર આવતાં પત્રો ને પુસ્તકોનું અવલોકન અને મનન કરતા થઈ ગયા.

આ નાનકડા કલારસિક મંડળે માત્ર ચિત્રકળા જ નહિ પણ સંગીત, સાહિત્ય અને નૃત્ય તથા નાટ્યમાં અમદાવાદમાં કેટલી યે પ્રારંભિક પ્રેરણા આપી છે, પણ વિશેષ તો ત્યાંથી ઊગતા કલાકારોને અનેક વાર પ્રોત્સાહન અને ઉદાર સહાય પણ મળી રહેતાં, અને એ રીતે કળાની એક લીલી વાડી ત્યાં ફાલવા માંડી હતી. ડૉ. હરિપ્રસાદ એ બધાના સલાહકાર ગુરુજન કે સન્મિત્ર બની સદૈવ એ જાગૃતિ રખાવવા અહોનિશ પ્રયત્ન કરતા. ડૉક્ટર તરીકે એ કુટુંબની શારીરિક સંપત્તિની જ તકેદારી નહિ, પણ સાંસ્કારિક તેમજ આધ્યાત્મિક સંવૃદ્ધિ માટેની તેમની નિસ્પૃહ ચિંતા પણ આદર્શ હતી.

કળાઓના આશ્રયદાતા તરીકે એ કુટુંબના ગુણો ને જ્ઞાન વિકસાવવા તે નવાંનવાં પુસ્તકો અને વ્યક્તિઓનો તેમને પરિચય કરાવતા અને અંતે તેમાંથી ગુજરાતમાં તેમનાં દાન અને સંસ્કારનો પ્રવાહ વહે એ જ તેમની શુભ નેમ હતી. કેટલા યે વિદ્યાર્થીઓ ત્યાંથી સ્કોલરશિપો પામતા. એ મંડળની ગ્રીષ્મ-યાત્રાઓના પ્રવાસો મહિનાઓ સુધી હિંદના શીતલ પર્વતીય નિવાસોમાં વીતે કે કલાધામો યા પ્રાચીન સ્થળો જોવામાં જાય, તોપણ ડાક્ટરને અને મને બહુ આદર અને પ્રેમપૂર્વક તેમાં સ્થાન મળતું. લગભગ એ દરેક પ્રવાસના સચિત્ર વૃત્તાંતો 'કુમાર'માં પીરસાયા છે.

આ પ્રવાસો દરમ્યાનના નિવૃત્તિસમયમાં ડાક્ટરે તેમની સાહિત્યપ્રવૃત્તિનો એક અનોખો પ્રકાર સર્જ્યો. કુટુંબમંડળ અને સાથીઓની વ્યક્તિઓને વિનોદ ને ઉપાલંભ આપવા તેમણે 'ભસેગા ઓર કાટેગા' નામની એક હસ્તલિખિત 'ગૃહપત્રિકા' કાઢવા માંડી હતી. 'ભસતા કૂતરા કરડે નહિ' એવી લોકોક્તિની સામે તેમણે આ નામ યોજ્યું હતું કે 'આ કૂતરો તો એવો છે કે જે ભસશે પણ ખરો અને કરડશે પણ ખરો.' એનો અર્થ એ કે 'તમારો દોષ પણ બતાવીશ ને રોકીશ પણ ખરો.' એમાં, ઉપલક દેખાવમાં ટીખળ અને મજાક ઉડાવતા પ્રસંગોની પાછળ દોષ બતાવી સુખ ને કલ્યાણનો માર્ગ લેવાનો ગુપ્ત બોધ આપતાં કાવ્યો, ગીતો, ટુચકા, સંવાદો વગેરે ડાક્ટર રચતા ને લખતા. દાખલા તરીકે એક વાર એ લોકો સેંકડો રૂપિયા ખર્ચીને બહુ વિરલ અને સમૃદ્ધિદાયક ગણાતો, જમણા મુખનો શંખ લઈ આવ્યા. ડાક્ટર આવા વેવલા વહેમો અને પોમલી માન્યતાઓને આધીન બની શકતા નહિ, એટલે એ શંખ આવ્યો કે

૫૦મે વર્ષે ડાયરીમાં એમણે લખ્યું...

“૨૫ વર્ષની ઉમરે મેં જાહેર જીવન શરૂ કર્યું. આજે મને પચાસ વર્ષ થયાં છે. એ ૨૫ વર્ષ દરમિયાન કોઇ દિવસ યજ્ઞ કર્યા વગર હું જમ્યો નથી. યજ્ઞ એટલે જેમાં કશો સ્થૂલ સ્વાર્થ નથી એવી કેવળ સ્વાર્થત્યાગની ક્રિયા, ભાષણ, ઉપદેશ, સેવા અથવા પરોપકાર અર્થે કરેલું કંઇ કામ. લખાણ એમાં ગણી શકાય. દવાખાનું આમાં મને સહાયક થયું. એમાં કંઈ ને કંઈ પરોપકારનો પ્રસંગ સહેજે પ્રાપ્ત થઇ જાય.’

...

એમની છેલ્લી ડાયરીના છેલ્લા પાના પર, અવસાન પહેલાં પાંચમા દિવસની, તા. ૨૪-૩-’૫૦ની છેલ્લી નોંધ આ પ્રમાણે છેઃ

“પ્રભુએ મને માગ્યું મોત આપ્યું.”

“જે શહેરની જીવનભર સેવા કરી છે ત્યાં જ મૃત્યુ થાય તો અંતિમ વિદાય સારી થાય; પણ તે વિષે મમતા નકામી છે. સ્વજનોથી દૂર કે પરદેશમાં થાય તો યે શું છે? એવા ખોટા મોહ છોડવા સારા.”

“મૃત્યુ નજીક છે એમ લાગતાં પ્રભુને ‘જબ પ્રાણ તન સે નીકલે, સાંવરા નિકટ હો’ એ પ્રાર્થના કરી. મારો રેકર્ડ ચોખ્ખો છે એ ભાવથી મૃત્યુનો ડર લાગતો જ નથી.”

‘ભસેગા ઔર કાટેગા’ છે આખર તો પણ શ્વાન,
ધર્મરાજની સાથે ફરિયો અધિકાર એંધાણ.
રામરામ છે હવે અમારા, બોલ્યુંચાલ્યું માફ
કરજો, વિનતી એટલી ને દિલ હતું અમ સાફ.

‘ભસેગા-કાટેગા’ની ફાઈલો તેમની આવી કૃતિઓનો ભંડાર છે. હું તેમાં રમૂજી ચિત્રો પણ કરતો. શ્રી દાદાસાહેબ માવળંકર, શ્રી રસિકલાલ પરીખ, ડૉ. બાળકૃષ્ણ પાઠક, શ્રી બાબુરાવ મહેતા, શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજી, શ્રી રત્નમણિરાવ ભીમરાવ વગેરે સ્નેહી-સંબંધી જનો જે જે ત્યાં સાથે હોય તે પણ તેમાં ફાળો આપતા. એના નમૂનારૂપ બે પ્રતિકૃતિઓ આ સાથે છાપી છે.

ડૉક્ટરે આ કુટુંબને કળાની લગની લગાડવામાં મારો ઉપયોગ કર્યો તેની સાર્થકતા સૌને સમજાઇ હતી. મેં ભાગ્યે જ મારી જાતને આગળ મૂકવા કે લાભ ઉઠાવવા ઇચ્છા કરી હતી, પણ ગુજરાતમાં કળા પાંગરે અને અભિનવ ચિત્રકારો પાકે એ મારી ધગશ સતત રહેતી, અને તેથી તરુણ કલાકારોની સારી મૌલિક કૃતિઓ ખરીદી તેમને ઉત્તેજવાનો પ્રસ્તાવ ત્યાં કરાવ્યો હતો. તેમાંથી શ્રી કનુ દેસાઈ, કૃષ્ણલાલ ભટ્ટ, રસિકલાલ પરીખ વગેરે કલાકારોનાં સૌપ્રથમ ચિત્રો ત્યાં જ સંઘરાયાં છે; એટલું જ નહિ પણ શ્રી રસિકલાલ પરીખ, શ્રી યજ્ઞેશ શુકલ, શ્રી કૃષ્ણલાલ ભટ્ટ વગેરે લાંબી મુદતોની શિષ્ય-વૃત્તિઓ પણ તેમની તરફથી પામ્યા હતા. ગુજરાતના કલાકારોને માટે એવી નિયમિત સહાય આપનારું બીજું (અનુસંધાન પૃ.૧૯૫)

ડાબી બાજુઃ ડૉ. હરિપ્રસાદની રોજનીશીમાંના બે ઉતારા; નીચેઃ ગ્રીષ્મયાત્રાના ગિરિનિવાસ દરમ્યાન ડૉક્ટર ‘ભસેગાં-કાટેગા’ નામે હસ્તલિખિત ગૃહપત્રિકા કાઢતા તેના એક અંકના મુખપૃષ્ઠ ઉપર શ્રી રવિશંકર રાવળે આલેખેલું સાથીમંડળનું ચિત્ર; તેમાંઃ મથાળે—શ્રી રાવળ પોતે; વચ્ચે ડાબી બાજુ—શ્રી ધૂમકેતુ; જમણી બાજુ—શ્રી રસિકલાલ છો. પરીખ; નીચે—ડૉ. હરિપ્રસાદ.

તુરત ‘કસુંબી, કસુંબી, કસુંબી, કસુંબી રંગ હો ગયે’ એ રાગમાં


‘પધારો, પધારો, પધારો, પધારો શંખભારથી!’

નામનું કટાક્ષગીત બનાવ્યું અને એ સૌની પાસે જ ગવડાવ્યું! રાગ, ઢાળ અને શબ્દોની ઝડઝમક તેઓ તેમને એવાં સિદ્ધ હતાં કે આવાં ગીતો રમૂજી તેમજ સચોટ બનતાં. એ માટે તે બધા જ છંદો, રાગો, દેશી ઢાળો, લાવણીઓ, ગરબીઓ, નાટકનાં ગાયનો વગેરેનો ઉપયોગ કરી શકતા. એ પત્રિકાની પ્રવૃત્તિ પાછળનો એમનો ઉદ્દેશ વ્યક્ત કરતું એક કાવ્ય નીલગિરિની ગ્રીષ્મયાત્રાવાળા છેલ્લા અંકના અંતે એમણે લખેલું તે નમૂના તરીકે ઉતારીએઃ

રાગ રામગ્રી

સમાપ્ત આજે ગ્રીષ્મયાત્રા, સમાપ્ત બનતું પર્વ;
જ્ઞાનપ્રદેશ ઘણા અહિં નિરખ્યા, કરશો નહિ કોઇ ગર્વ.
સૌન્દર્યે જે વસી રહ્યા છે, તેની લીલા જાણી;
સ્હેજે ઝાંખી કરી હોય તો લેજો મનમાં આણી.
પુરુષાર્થ ને સ્વદેશભક્તિ સ્વરાજ્યના કૈં મહિમા
પ્રદેશ જોઇ સમજાયે તો ભરજો ગંથી હૈયાં
ચિત્ર અને સંગીત વિભૂતિ, લક્ષ્મી સાથે જોગ,
વિરલ સમય મિથ્યા કરશો તો જીવન કરશો ફોગ.





રોગના જંતુ : રોગનો ફેલાવો અત્યંત સૂક્ષ્મ જંતુઓ કરે છે એ તો જાણીતું છે. અને 'કુમાર'માં અગાઉ એને વિષે ઘણું આવી ગયું છે (દા. ત. અંક ૨૨૪) હવા, પાણી, માટી, અને મૃત તથા સજીવસૃષ્ટિ બધે તેનો વાસ છે અને તે પરને ખાઇને જ પોષાય છે. એની ઓછી સંખ્યા બહુ નુકસાન નથી કરતી, પણ એની વૃદ્ધિ ઘણી ઝડપી (દર ૦ા કલાકે એકનાં બે, બીજા ૦ા કલાકે બેનાં ચાર એ રીતે થતી) હોવાથી તે અસંખ્ય બની જઇને ભયકર હાનિકર્તા બને છે. તે એટલાં તો સૂક્ષ્મ હોય છે કે ૧ ઈંચના ૬૦૦મા ભાગથી માંડીને ૫૦,૦૦૦મા ભાગ જેવડા કદના થાય છે. ઉપરના ચિત્રમાં બાર પ્રકારના મુખ્ય મુખ્ય રોગોના, એક બિદુમાંના જંતુઓ અત્યંત મોટા પ્રમાણમાં કરી બતાવ્યા છે, (એ દરેકનાં નામ તેમાં લખ્યાં છે), તે પરથી તે કેવા વિવિધ આકારના થાય છે તેનો ખ્યાલ આવશે. એમને ઓળખવા માટે એ આકાર ઉપરથી એમનાં નામ પાડવામાં આવ્યા છે : સળી આકારના 'બૅસિલસ'. ગોળાકારના 'કોકસ'; દ્વિગોળાકારના 'ડિપ્લોકોકસ'; સાંકળ આકારના 'સ્ટ્રેપ્ટોકોકસ'; અલ્પવિરામ આકારના 'કોમાઝ' સર્પાકાર 'સ્પિરિલમ'

સામયિક વિચાર

આપણી સ્વચ્છતાનું સરવૈયું

શારીરિક આરોગ્ય માટે કસરત, પુષ્ટિકારક ખોરાક, સ્વચ્છ પાણી અને હવાની જેટલી જરૂર છે તેટલી જ સ્વચ્છ શરીર અને સ્વચ્છ ઘર તથા આગણાની જરૂર છે. આપણા દેશના મોટા ભાગમાં રોજ નહાવુંધોવું, સ્વચ્છ ધોએલાં કપડાં પહેરવાં, વાસણકુસણ સ્વચ્છ રાખવાં અને ઘર તથા આંગણાં ઝાડીઝપેટીને વાળવાં, એ સિદ્ધાન્ત તરીકે તો લગભગ બધા માન્ય રાખે છે, પરંતુ વ્યવહારમાં તેનો અમલ ઘણો ઓછો થતો જોવામાં આવે છે. અને સ્વચ્છતાની સામાજિક ટેવનું તો ભાન જ નથી.

શરીરને સ્વચ્છ રાખવા માટે નહાવાની જરૂર આપણા જેવા ગરમ દેશમાં સહુ સ્વીકારે છે; પરંતુ નહાવાનું પાણી હમેશ સ્વચ્છ ન હોય; અંધિયાર તળાવ કે છીછરી નદીના પાણીમાં નહાવાનું હોય, સારી રીતે નહિ માંજેલા વાસણમાં નહાવાનું હોય, બરોબર સાફ ન હોય એવી જગામાં નહાવાનું હોય, ખુલ્લામાં નહાવાને લીધે શરીરના ઘણા ભાગો સારી રીતે સ્વચ્છ ન થઈ શકતા હોય, નહાઈને તદ્દન સ્વચ્છ કપડાં ન પહેરાતાં હોય, એવું ઘણું આપણા સમાજમાં સામાન્યતઃ જોવામાં આવે છે. નહાવા-ધોવાની અગત્યને 'ધાર્મિક ફરજ' ગણવામાં આવી હોવા છતાં ઉપર જણાવેલી સ્થિતિ જ આપણે ત્યાં મોટા પ્રમાણમાં પ્રવર્તે છે.

સ્વચ્છ ધોએલાં કપડાં પહેરનારાંમાંનાં ઘણાંખરાં માત્ર ઉપરનાં કપડાં સ્વચ્છ પહેરવાની વિશેષ કાળજી રાખતાં જણાય છે. પણ શરીરની ચામડીને જે કપડાં અડકે છે તે તદ્દન સ્વચ્છ રાખવાની તો સૌથી વિશેષ જરૂર છે. આ કાળજી બહુ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે; ને કપડું જો રંગીન હોય અને એ મેલું ન જણાય, તો તો તે મેલું નથી એમ જ માની લેવામાં આવે છે!

વાસણકુસણ માંજીને સાધારણરીતે સાફ તો રાખવામાં આવે છે, પરંતુ ખાવાની ચીજ ભરેલાં વાસણ ઉઘાડાં ઢાંકયા વગરનાં રાખવાની બાબતમાં, તેમાં અસ્વચ્છ હાથ બોળવા બાબતમાં, ચમચો સાફ કર્યા વિના અંદર નાખવાની બાબતમાં, ગળણું મેલું રાખવાની બાબતમાં, વાસણ ઉપરનું ઢાંકણું વાસણ ઉપરથી લઇને નીચે કચરાવાળી જમીન ઉપર મૂકવાની બાબતમાં, કડછી-તાવેથો વગેરે સાધનો જમીન ઉપર મૂકવામાં, આવી ઘણી બાબતમાં, સ્વચ્છતા જાળવવાની તો બહુ જ ઓછી કાળજી આપણે ત્યાં રાખવામાં આવે છે. એટલે કે આપણી સ્વચ્છતાની સમજ બહુ બુઠ્ઠી છે.

ઘર અને આંગણું સ્વચ્છ રાખવામાં પણ આપણી દૃષ્ટિ કેવળ સ્વાર્થી હોય છે. આપણા ઘરનો તથા આગણાનો કચરો આપણે ફળિયામાં કે પડોશીના ઘર આગળ નાખીએ છીએ (અગર તો બારી કે બારણામાંથી હવામાં ઉડાડીએ છીએ. જે ઘણે ભાગે પાછો પવન સાથે આપણા ઘરમાં જ આવે છે)! નાનાં છોકરાંને ઘર બહાર, પોળને નાકે અગર ચોકઠામાં જાજરૂ બેસાડવાની અતિશય ગંદી રીતમાં પણ આપણે સ્વાર્થી વૃત્તિ રાખી, પાડોશીની પછીતે કે બીજાના ઓટલા પાસે બાળકોને બેસાડીએ છીએ!

રસ્તામાં, ફળિયામાં, પોળના ચોકઠામાં અને પાડોશીની પછીતે એંઠવાડ કે ગંદી ચીજો નાખતાં તો આપણને જરા પણ સંકોચ થતો નથી, એટલું જ નહિ પણ કુદરતી હાજતો માટે પણ બેશરમરીતે આપણે રસ્તાનો, ફુટપાથનો ને ગલીકૂંચીનો ઉપયોગ કરીએ છીએ. આ જાતની બેશરમ અને ગંદી રીત માત્ર અભણ અને પછાત વર્ગના લત્તામાં જ નહિ પણ ભણેલા અને ઊંચી જ્ઞાતિઓના માણસોમાં પણ જોવામાં આવે છે. રસ્તે ચાલતાં ને જતાંઆવતાં સુઘડ તથા સંસ્કારી સ્ત્રીપુરુષોને આ ટેવ અતિ ત્રાસ રૂપ લાગે છે.

ટ્રેનના ડબ્બામાં થૂંકવાની તથા કચરો ને ફળ છોતરાં વગેરે નાખવાની ટેવ તો બહુ જ સાધારણ હોય છે. અરે, બારી પાસે બેઠેલા માણસોપણ ડબ્બામાં જ આ જાતની અસ્વચ્છતા કરે છે. ટ્રેનના જાજરૂ તો બેદરકારી ને સ્વચ્છતાનું ભાન ન હોવાને કારણે અત્યંત ગંધાતાં અને ગંદાં જોવાનો અનુભવ સહુને વારંવાર થતો હશે. થર્ડ ક્લાસમાં જ નહિ પણ સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરનારા સાધારણ 'સુધરેલા' વર્ગના ગણાતા માણસોમાં પણ આ ટેવો જોવામાં આવે છે.

આ બધી અસ્વચ્છ અને ગંદી ટેવો માટે કેટલેક અંશે આપણા દેશની ગરીબી જવાબદાર છે એ ખરું છે; પરંતુ ગરીબ ન હોય તેમનામાં પણ ઘણી ગંદી ટેવો જોવામાં આવે છે. વળી એ માટે જેમ વ્યક્તિઓ જવાબદાર છે તેમ કેટલેક અંશે સ્વચ્છતાનાં સાધનોનો અભાવ પણ જવાબદાર છે. શહેરોમાં કુદરતી હાજત માટેનાં સ્થળો બહુ ઓછાં રાખવામાં આવેલાં હોય છે; અને જેટલાં હોય છે તે સ્વચ્છ રાખવાની કે તે માટે પૂરતું પાણી આપવાની પણ કાળજી સુધરાઈ તરફથી રાખવામાં આવતી નથી. સ્ત્રીઓ માટે તો એવાં સ્થળો ભાગ્યે જ રાખવામાં આવે છે, અને ગામડાંમાં તો એવી સગવડ બીલકુલ હોતી જ નથી. એટલે સાધનોનો અભાવ એ પણ કેટલેક અંશે એક કારણ ગણી શકાય.

પરંતુ આપણો સ્વચ્છતાનો ખ્યાલ પણ અધૂરો જ છે અને નાગરિક તરીકેની ફરજની અણસમજ દર્શાવનારો છે. આપણા સમાજમાં સારી સ્થિતિવાળાંનાં ઘરોમાં યે નહાવા માટે તેમજ ખાળે બેસવા માટે, બંને માટે એક જ સ્થળનો ઉપયોગ ઘણેખરે સ્થળે થતો જોવામાં આવે છે. જ્યાં જુદી ચોકડીની સગવડ ન હોય ત્યાં ખાળ તરીકે જાજરૂનો ઉપયોગ કરવો જોઇએ,—નહાવાની ઓરડીનો નહિ, એટલું ભાન પણ ઘણાને હોતું નથી.

આ બધી ગંદી ટેવો સુધારવાનો મુખ્ય ઉપાય શાળામાં બાળકોને આ બાબતનું સ્પષ્ટ શિક્ષણ આપીને, તે બાબતના કડક નિયમો કરીને, અને તે નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવાનો બંદોબસ્ત કરીને જ કરી શકાય. અત્યારે ઊછરતાં બાળકોમાં સ્વચ્છતાના નિયમોનું સચોટ ભાન થાય, ને તેઓ પોતે જ અસ્વચ્છતા પ્રત્યે તિરસ્કાર તથા શરમની લાગણી રાખતાં થાય, તો જ ભવિષ્યની પ્રજામાં સ્વચ્છતાની ટેવ પડે એમ લાગે છે. વ્યાખ્યાનો કે સમજૂતીથી અસ્વચ્છતાની ટેવ દૂર થાય એવી તો આશા જ નથી. સ્વચ્છતાના નિયમના ભંગ માટે દંડની ને જાહેરમાં તેમનાં નામ પ્રગટ કરવાની શિક્ષા કરવાના કાયદા ઘડવામાં આવે, અને એ કાયદાનું ચુસ્તપણે તથા કોઇની શેહશરમ રાખ્યા વિના પાલન કરવામાં આવે તો જ થોડોઘણો સુધારો થવાનો સંભવ છે.

શાળાઓ માત્ર પુસ્તકો ભણવા-ભણાવવા માટે જ નહિ પણ સારી ટેવો પાડવા માટે છે, ચારિત્ર્ય અને સદ્વર્તન ઘડવું એ શાળાઓની ખાસ ફરજ છે, એવો ખ્યાલ આપણી શાળાના સંચાલકોને થાય તો જ આ બધું શક્ય બને.

—ગ. (જ્યોતિર્ધર)

['હિન્દ સેવક સમાજ'ના શ્રી કોદંડરાવે 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'માં લખેલા લેખ ઉપરથી]

સૌન્દર્યનો ઉપાસક કવિ સ્વ. હરિશ્ચંદ્ર ભટ્ટ

લેખક · નિરંજન ભગત

ગઈ ૧૮મી મેની સાંજે મુંબઈમાં આપણા આ એક સાચા કવિ ને સૌંદર્યોપાસકે આત્મત્યાગ કર્યો, એ આપણું મોટું દૂર્ભાગ્ય છે.

જગતમાં અ-કલાનો અંત આણવો એ જ જાણે કે શ્રી હરિશ્ચન્દ્રના જીવનનો પરમ પુરુષાર્થ હતો. એમના વ્યક્તિત્વની સુરેખ છબિ જો એક જ વાકયમાં આંકવી હોય તો એમના જ પરમ મિત્ર (અને ગુજરાતના એક અગ્રગણ્ય કવિ)ની, એમને અર્પણ થએલી એક કાવ્યપંક્તિના શબ્દોથી આંકી શકાય:

'અકલાંત જેહ સહપાન્થ કલા-પ્રવાસે.'

આમ, આવા અકલાંત કલાપ્રવાસીને જીવનનો થાક લાગે એ તો જીવનની પોતાની જ કરુણતા છે.

વાતવાતમાં એકવાર એમણે કહેલું કે 'નાનપણથી મારે બે સ્વપ્નો હતાં: એક યુરોપ જવાનું ને બીજું ચિત્રકાર થવાનું.' આ બન્ને સ્વપ્નો પોતાને વિષે તો પોતે સિદ્ધ કરી શકે એવા સંજોગો ન હતા, એટલે એમણે બીજી રીતે સિદ્ધ કર્યાં: પહેલું એમણે પોતાના નાના ભાઇ (શ્રી પ્રબોધ ભટ્ટ, જેઓ સારબૉ (પારીસ) યુનિવર્સિટીના પીએચ. ડી. છે તે)માં એમણે સિદ્ધ કર્યું; ને બીજું અનેક ચિત્રકારો અને એમનાં ચિત્રોની સેવા કરવામાં.

પોતે યુરોપ ન ગયા, પણ યુરોપના એક આપણા જેવા જ, એ સમયના 'દુર્દૈવી દેશ' પોલાન્ડનો કલાવારસો એ અહીં લાવ્યા, અને પોલાન્ડના તારણહાર 'જોસેફ પિલ્સુદ્સ્કી'નું એક સ્વતંત્ર જીવન-ચરિત્ર તથા પોલાન્ડના એક યુવાન કવિ વોઈચેહ બાંકના કાવ્યોનો 'कों जाग्रि?' અનુવાદ, એમ પોલાંડ વિષયક બે પુસ્તકોનું ગુજરાતી સાહિત્યને અર્પણ કર્યું. જોકે એમની માતૃભૂમિ હિંદ છે, પણ એમની હૃદયભૂમિ તો જાણે પોલાંડ જ. અને એમનો એ પોલાંડપ્રેમ અનેક પોલિશ કલાકારો તથા લેખકોની અંગત અને ગાઢ મૈત્રીમાં એમણે પ્રગટ કર્યો. પોતે જાણે કે વૉર્સોના રસ્તાઓ ઉપર જ ચાલે છે એવા ગૌરવસ્વપ્નમાં મુંબઈના રસ્તાઓ પર તે ફરતા. ને પછી તો પોલાંડ દ્વારા સારા યે યુરોપે એમના સૌંદર્યપ્રિય માનસ પર કોઈ અજબ ભૂરકી નાખી. પોતાનાં ત્રણ પરમપ્રિય પુસ્તકોમાં એ 'ગીતા'ની સાથે ગ્રીક ફિલ્સૂફ 'પ્લેટો' અને જર્મન કવિ રિલ્કેની કૃતિઓ ગણાવતા. હોલ્ડરલીન, હાઈન, ગટે, સ્ટીફન જ્યૉર્જ અને રિલ્કે જેવા જર્મન કવિઓ. બોદલેર, પોલ વર્લે અને વાલેરી જેવા ફ્રેંચ કવિઓ, લીઓપાર્ડી અને લૉર્કા જેવા ઈટાલિયન અને સ્પૅનિશ કવિઓ તથા અન્ય યુરોપી દેશોના પણ જાણીતા કવિઓના પોતે એક 'સહપાન્થ કલાપ્રવાસે' નીકળ્યા જેવા બની ગયા હતા. આ પરથી એમની અદ્‌ભુત રસિકતા અને સંવેદનશીલતાનો પરિચય થાય છે. શ્રી હરિશ્ચંદ્રના વ્યક્તિત્વનું આ પાસું એમના જીવનનું ગૌરવ છે અને ગુજરાતનું સદ્‌ભાગ્ય છે. આર્ય સંસ્કૃતિ પ્રત્યેનો એમનો પ્રેમ એમના 'महिमा' નાં કાવ્યો પરથી કલ્પી શકાય છે; તોપણ શ્રી હરિશ્ચંદ્ર સાચી રીતે તો પોલાંડના જ સંસ્કારવારસ છે.

આવા એક વારસની પોતાના સંસ્કારોની માતૃભૂમિ પ્રત્યેની 'છેલ્લી મનીષા' પિલસુદ્સ્કીના મૃત્યુ પરના એમના પોતાના જ કાવ્યની નીચેની પંકિતઓ પરથી કંઇક કલ્પી શકાય:

'અને છેલ્લી મારી ઉરધબકને એક મનીષા:
હુંફાળા હૈયાને શિશુ સમયની હોંસ પૂરવા
તહીં દાટો મારા વતન મહીં એકાંત કબરે,
સુતેલી માતાના પદકમળની આરતી કરી
રમું કાલાન્તે યે ચરણરજ થૈ એ જ પદમાં.'

'સફરનું સખ્ય અને બીજાં કાવ્યો' તથા 'કેસૂડો અને સોનેરુ' નામના પ્રકટ થએલા કાવ્યસંગ્રહો, તેમજ હજુ અપ્રગટ એવાં થોડાંક કાવ્યો એ શ્રી હરિશ્ચંદ્રનું ગુજરાતને અર્પણ થએલું કાવ્યસર્જન. 'સફરનું સખ્ય' માંનાં '—ને' તથા 'વસંતપંચમીએ મૃત્યુ પામેલી બહેનને' એ બે કાવ્યો ગુજરાતી કવિતામાં સરલતા ને સચ્ચાઈના અજોડ નમૂના રૂપે જીવશે; અને 'કેસૂડો ને સોનેરુ'માંના 'महिमा' નાં કાવ્યો એમના છંદપ્રભુત્વના તથા અર્થપ્રેમના સદ્દાયના સાક્ષી રૂપ ચિરંજીવ રહેશે.

તેમાં આત્માની અમરતાનું દર્શન એમણે—

'આ સૃષ્ટિના અંતકાલે ય, ત્યારે,
અશ્વત્થે જે એક પર્ણ સુવાનું,
તારું પેલું શૈશવી રૂપ તેમાં
અંગૂઠો હું ધાવતો તારી સાથે.'

એ પ્રતીકમાં પ્રગટ કર્યું છે; તો પૃથ્વી પ્રત્યેનો આશ્ચર્યમુગ્ધ પ્રેમ એમણે 'પૃથ્વીને' નામક કાવ્યમાં

'બ્રહ્માંડોનાઃ વૃક્ષનું તું જ સાચે
સ્રષ્ટાનું છે એક આશ્ચર્ય-પુષ્પ'

એ પ્રતીકમાં પ્રગટ કર્યો છે. અને જીવનનું મધુરદર્શન 'ઈન્દ્ર'ને નામક કાવ્યમાં આ રીતે કર્યું છે:

'નવે ખંડમાં, ધરતીમાં જ્યાં,
એક પ્રયાસે વજ્રપાશમાં
બાંધે એવો, પ્રેમપાશ હું
માગું તારો, ઈન્દ્ર, આપ તું.'

તો, મૃત્યુનું મંગલ દર્શન આ પંક્તિઓમાં માણ્યું છે:

'નયનમાં કરુણા થકી જો ગ્રહે,
જીવન મૃત્યુ બધું સરખું જ છે!

શ્રી હરિશ્ચન્દ્રનું જીવન ને મૃત્યુ બન્ને જગતની આ કરુણા પાસે જાણે કે જવાબ માગી રહ્યાં છે!

'ઉરમથનનાં પ્હેલાં પીવાં જહેર!...' એમ એમણે ગાયું છે; અને એ ઝેર પી લઇને પછી પણ પોતાને પક્ષે તો ઉદારભાવે આપણને કહી જ રાખ્યું છે કે:

વિધિવશ મળે સૌએ, સૌએ છુટા વિધિથી થવું,
જીવતર મહીં થોડું જીવી ઘણું ન બગાડવું,
ગત વિસરવું, ભાવિ સાચું પુનઃ સરજાવવા.

એટલે, ગત વિસરીને, એમનો આત્મા તો કચ રનો ય સાચું ભાવી પુનઃ સરજવા પ્રવૃત્ત થઈ ગયો હશે. આવા આત્માઓએ કદિ ય જંપ જાણ્યો નથી ઇશ્વર શું આવા આત્માઓને આમ ઓછું જીવાડીને ઘણું બગાડતો હશે? કો જાને! આપણે તો એટલું જ જાણીએ કે આવા જીવન તથા મૃત્યુને માટે તો જગતમાં અ-કલાનો અંત આણીને જ સાચું તર્પણ કે પ્રાયશ્ચિત્ત થઇ શકે.

જ્યાંજ્યાં કવિતા-કલા જીવે છે, ત્યાંત્યાં આજે પણ હરિશ્ચન્દ્ર જીવે છે. આપણે પ્રભુને એટલી પ્રાર્થના કરીએ કે જીવનમાં અસુન્દરનો અંત આવો, કારણ કે એમાં જ હરિશ્ચંદ્રના આત્માની શાંતિ છે!

[એમની સવિશેષ જીવનનોંધ આ અંકની 'માધુકરી'માં આપી છે.]



ડૉકટરના હસ્તાક્ષર અને શ્રી રાવળના આલેખનવાળું 'ભસેગા-કારેગા'નું પાનું, જેમાં, શ્રી રાવળ નિસર્ગશોભા માટે આગ્રહપૂર્વક બહાર જતાં વરસાદમાં લપસી પડવાથી ઉપજેલા પ્રસંગ પર નિર્દોષ ગમ્મત-કાવ્યનું આલેખન છે.

ડૉ.હરિપ્રસાદ દેસાઈ (અનુ.પૃ.૧૯૧થી ચાલુ)કુટુંબ અમદાવાદમાં જોયું નથી. એ બધાનું ઋણ ડૉ. હરિપ્રસાદની નિઃસ્વાર્થ કલાભાવના પ્રતિ રહ્યું છે. ગુજરાત વિદ્યાપીઠના તે સેનેટર બન્યા ત્યારે પણ ત્યાંની કલાની ફૅકલ્ટીના તે 'ડીન' થયા, અને ત્યાંથી શ્રી કનુ દેસાઇને શાંતિનિકેતનમાં અભ્યાસ કરવા માટે બે વર્ષની સ્કૉલરશિપ તેમણે અપાવી. માત્ર એક કુટુંબમાં જ કલાનું મથક બનાવવામાં ડૉકટરને સંતોષ નહોતો થતો, પણ સમગ્ર અમદાવાદ શહેરમાં રસિકતા, કલાપ્રેમ તથા નિસર્ગપ્રેમ કેમ વધે તેનું તે અહોનિશ ચિંતન કરતા, યોજનાઓ ઘડતા અને અધિકારી માણસોને ભેગાં કરી તે માટે કંઈક ને કંઈક કરવા દેશપરદેશનાં દૃષ્ટાંતો આપી પ્રેરણા આપતા.

ભારતીય કલા અને સંસ્કૃતિના પ્રતિનિધિરૂપ ને પ્રધાન ગણાતા એશિયાભરના એકમાત્ર ત્રૈમાસિક તરીકે જગતના કલાવિદોમાં પ્રતિષ્ઠા મેળવનાર 'રૂપમ્' પત્રના તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી ૧૯૨૭માં અમદાવાદમાં પહેલી વાર આવ્યા ત્યારે ડૉકટર તથા સ્વ. હીરાલાલ પારેખે મને કહ્યું કે અમદાવાદમાં કલાના પ્રસંગો યોજવા માટે એક કલાસંસ્થા હોવી જોઈએ. શ્રી ગાંગુલી જેવી વ્યક્તિને સત્કારવાને બીજાં કોઇ મંડળોની યોગ્યતા મર્યાદિત ગણાય. 'ગુજરાત કલા-પ્રવર્તક મંડળ'ના કટુ બનાવોને લઈને હું આવાં મંડળ કે તેની કાર્ય-કડાકૂટથી કંટાળેલો હતો, પણ એ બે મિત્રોએ તો તુરતાતુરત એક સારું બંધારણ ઘડી પાંચ-દસ સ્થાપક સભ્યો સાથે 'ભારત કલામંડળ' નામનું નવું મંડળ જન્માવ્યું અને બીજે જ દિવસે સંસાર સુધારા હૉલના મેડા પર તે મંડળના નામથી મોટો સન્માન સમારંભ યોજી ડૉકટરે ગુજરાતીમાં લખેલું માનપત્ર શ્રી ગાંગુલીને આપ્યું. મને તો કશી બાબતની ખબર જ પડી નહિ કે આમંત્રણો તથા માનપત્રનો ખર્ચ કયાંથી આવ્યો અને કોણે તે તૈયાર કર્યાં.

આ રીતે જ ડૉકટર સાહેબે મને હમેશાં જાહેર જીવનમાં હડસેલો માર્યા કર્યો હતો અને મને જાહેર કામ કરવાની દીક્ષા આપી હતી. ત્યાર પછી તો એ 'ભારત કલામંડળ'ના આશ્રયે શહેરમાં ઘણા કલાપ્રસંગો ઊજવાઇ ગયા. તેનાં કાર્યોમાં જરાકે મૂંઝવણ કે મુશ્કેલી આવતી ત્યારે હું તેમને મળતો અને તે કોઈ ને કોઇ તોડ કાઢી આપતા. પોતાનાં આવાં કલાકાર્યોમાં તેઓ ઘણી વાર બંધારણ કે નિયમોની થોડી અવગણના કરતા, પણ કાર્યસાધકતા ને શુદ્ધ નિષ્ઠાથી કરેલાં તેમનાં આ શુભ કાર્યો પ્રતિ સૌ ક્ષંતવ્ય નજરે જોતા.

અમદાવાદની જાહેર પ્રવૃત્તિઓમાં તો તેમનો ફાળો જાણીતો છે. એ શહેરની મ્યુનિસિપાલિટીના સભ્ય બનીને ગાંધીજીના આદેશ પ્રમાણે તેમાં પાયાની સેવાઓ તેમણે ઉપાડી અને 'અમદાવાદના આરોગ્ય'ને એનો પ્રથમ પ્રશ્ન માની, જાતે ઝાડુવાળાઓ તથા ભંગીઓની સરદારી લઇ, સાતસાત વખત તેની છેક ઊંડામાં ઊંડી પોળોના પણ ખૂણેખૂણામાંથી ગાડાબંધ કચરો કઢાવ્યો. આવી રીતે એક પછી એક પોળ સાફ કરાવી તે ત્યાં પાણી છંટાવતા, અને રાત્રે એ પોળમાં પોળનાં નાગરિકોને ભેગાં કરી આરોગ્ય-પ્રવચન કરતા. અમદાવાદ શહેરમાં જે સુખાકારી અને રોગની નિવૃત્તિ થઈ તે ડાકટરની આ મૂંગી સેવાને આભારી છે. એ વેળા અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે સરદાર વલ્લભભાઇ, સ્વ. બલુભાઈ ઠાકોર કે માનનીય માવળંકર જે કોઈ ઉત્તરોત્તર અધિકાર પર આવ્યા એ સૌ ડૉકટર સાહેબની સ્વચ્છતા અને સૌન્દર્ય માટેની ધગશ પિછાની એમનાં એવાં કાર્યોમાં જોઇતો સર્વ સહકાર અને સાથ આપતા.

અમદાવાદ એમને મન ગુજરાતનું ધબકતું હૃદય હતું અને તે જગતનાં શહેરોની બરોબરી કરે એવું કરવા એમના મહામનોરથો હતા. આવડા મોટા અમદાવાદ શહેરને મ્યૂઝિયમ ન હોય એ ઊણપ વિષે સદોદિત જીવ બાળી, તે વાતનો કેડો પકડી, તેમણે મ્યુનિસિપાલિટી પાસે સરદાર પૂલ પાસે તેને માટે ખાસ જમીન રખાવીને નકશા કરાવ્યા હતા. મ્યુનિસિપાલિટી જો એમની ભાવનાની ખરી કદર કરવા ચાહે તો એમનું એ અધૂરું સ્વપ્ન તેણે જલદી પ્રત્યક્ષ કરવું જોઇએ. મ્યુનિસિપાલિટીએ કરેલી 'ફરતા પુસ્તકાલય'ની યોજના ને રાણીબાગમાં જાહેરરીતે થતા રેડિયોબ્રોડકાસ્ટની ગોઠવણ પાછળ તેમનો જ વેગ હતો. ત્યાં શહેરના સંગીત-કલાકારોના સંગીતની બેઠકો પણ તેમણે જ ગોઠવેલી. ગુજરાતી ભાષામાં 'સૌન્દર્યનારાયણ' શબ્દનો પ્રયોગ સૌન્દર્યપ્રેમી આ ડૉકટર સાહેબે જ દાખલ કર્યો છે.

ધીરેધીરે મને તે પોતાની સાથે અમદાવાદની આસપાસનાં ગામડાં, કસ્બા અને નગરોમાં લઇ જવા લાગ્યા. હું ન માનું તો ત્યાંનાં સ્થાનિક માણસોને મારે ત્યાં લઈ આવે અને મને સમજાવે કે તેઓ તમને લેવા આવ્યા છે. પછી સાથે જ જઇએ ત્યારે ગામડાંનાં માણસોની ખાસિયતો, સ્વભાવ, વર્તન, બધાંમાં તેમના નિરીક્ષણનો લાભ મને આપતા. એમની સાથે નરોડા, ઉમરેઠ, નડિયાદ વગેરે સ્થળોમાં જઈ આવ્યા પછી જ મને આપણું ગુજરાત કેવું ને કયાં છે તેનું દર્શન થવા લાગ્યું. કોઈ ગામમાં વિશિષ્ટ કારીગરો, તો કોઈ ગામમાં ધગશવાળા સમાજસેવકો, કયાંક જનતાની સેવા કરનારા પુણ્યશીલ સાધુઓ, તો કયાંક સંસ્કારમૂર્તિ પંડિતો કે આગેવાન મુખીઓ દ્વારા જે બહુવિધ કલ્યાણકાર્ય થયાં કરતું તે જોઇ ડાકટર હરખાતા અને કહેતા કે આપણી યુનિવર્સિટીના ઓળા અહીં નથી પડયા તેથી જ આ લોકોનાં મન શુદ્ધ છે. તેઓ પુરસ્કારના હિસાબો કરતા નથી કે પ્રસિદ્ધિની લોલુપતા રાખતા નથી; જીવનનું પુણ્ય ભેગું થાય એ જ તેમની દૃષ્ટિ. (જુઓ અનુ૰પૃ૰ ૨૦૮મે)

માનવીનું મન

વિખ્યાત
બંગાળી
લેખક
'વનફૂલ'ની
વાર્તા
★
અનુવાદક
રમણિક
મેઘાણી



નરેશ અને પરેશ બેઉ સગા ભાઈ. પણ એક જ વેલનાં બે ફૂલની ઉપમા એમને નહિ આપી શકાય. આકૃતિએ અને પ્રકૃતિએ બંને રીતે બેઉમાં મેળ કરતાં અમેળ જ વધુ હતો. નરેશના ચહેરાનું વર્ણન એકંદર આમ કરી શકાય: વાને શામળો, લાંબો, ટૂંકાટૂંકા વાળ, ગોળ મેં અને બે તેજસ્વી આંખો, નોળિયાની પૂંછડી જેવી ભરાવદાર મૂછ અને પોપટની ચાંચ જેવું અણિયાળું નાક.

અને પરેશ? વાને ઊજળો, કદે ઠીંગણો, માથાના વાંકડિયા વાળ સુંદર રીતે ઓળેલા, મેં જરા લંબગોળ, અને નાક જાડું ને ચીબું, બેઉ આંખોમાં એક પ્રકારનો તન્મય ભાવ, દાઢીમૂછ સફાચટ, ગળામાં કંઠી અને કપાળે ચંદનનો લેપ.

માનસિકરીતે બન્ને પોતપોતાના ક્ષેત્રમાં ચુસ્ત નિષ્ઠાવાન હતા એક હતો ચુસ્ત વૈજ્ઞાનિક અને બીજો હતો ચુસ્ત વૈષ્ણવ. અત્યંત નિષ્ઠાપૂર્વક નરેશે જ્ઞાનમાર્ગ અને પરેશે ભક્તિમાર્ગ સ્વીકાર્યો હતો.

નરેશનો 'કમ્બાઈન્ડ હૅન્ડ' નોકર જ્યારે નરેશ માટે 'ફાઉલ કટલેટ' મુરઘીની વાની બનાવવામાં પરોવાયો હોય ત્યારે એ એક જ મકાનમાં પરેશ સ્વયંપાક કરી નિરામિષ ભોજન પતાવી શ્રીમદ્-ભાગવતમાં મગ્ન હોય! આવું લગભગ સદા યે દેખાતું

પણ આ ઉપરથી એમ ન માનશો કે એ બેઉ સદા ઝગડયા જ કરતા. એવું જરાયે નહોતું. એમની વચ્ચે કજિયો થતો જ નહિ, અને એનું ટીવા જેવું કારણ એ હતું કે આર્થિક પ્રશ્ન માટે એમને પરસ્પર ની પાસે હાથ લંબાવવાની જરૂર નહોતી.

બન્ને એમ. એ. થએલા હતા,—નરેશ કેમિસ્ટ્રી લઇને પાસ થયો હતો અને પરેશ સંસ્કૃત લઈને. બેઉ કૉલેજમાં પ્રોફેસરપદે હતા અને સારો પગાર મેળવતા હતા. પિતાએ મૃત્યુ પહેલાં પોતાની મિલ્કત બેઉને સરખે ભાગે વહેંચી આપી હતી. જે મકાનમાં તેઓ રહે છે તે પણ વારસામાં મળેલું છે. મકાન મોટું છે, એવડું મોટું કે બેત્રણ કુટુમ્બો પુત્ર-પૌત્રાદિ સાથે છૂટથી રહી શકે. પરંતુ નરેશ અને પરેશના મનમાં પૃથ્વીની અનિત્યતા વિષે કંઇક એવા વિચારો બંધાયા છે કે આજ સુધી એમણે લગ્ન કર્યાં નથી. પરેશ વિચારે છે કે-'કા તવ કાન્તા'-એ જ સત્ય છે. 'રિલેટિવિટી'નો વિદ્યાર્થી નરેશ વિચારે છે કે...નિર્મળા સાચે જ શું મૃત્યુ પામી છે? હું ભલે એને જોઈ શકતો નથી-પણ એટલે જ શું?...

પરિણામે નરેશ અને પરેશ સગા ભાઇઓ હોવા છતાં ભિન્ન પ્રકૃતિના છે. અને ભિન્ન પ્રકૃતિના હોવા છતાં યે એક જ મકાનમાં શાન્તિપૂર્વક રહે છે.

પણ એક બાબતમાં એ બન્ને સરખા છે. પલ્ટુને એ બેઉ ચાહે છે. પલ્ટુ એમના નાનાભાઈ તપેશનો દીકરો છે. તપેશ અલાહાબાદમાં નોકરી કરતો. ઓચિંતું કોગળિયું થતાં એક દિવસ એ અને એની પત્ની મનોરમા અવસાન પામ્યાં. માંદગીનો તાર મળતાં જ આઘાત પામેલા નરેશ અને પરેશ ત્યાં જઇ પહોંચ્યા હતા, પણ તપેશ અને મનોરમાના છેલ્લા શબ્દો જ તેઓ સાંભળી શકયા. એ છેલ્લા શબ્દો આ હતા; 'અમે તો જઇએ છીએ, પલ્ટુનું ધ્યાન તમે રાખજો.'

પલ્ટુને લઇ નરેશ ને પરેશ કલકત્તા આવ્યા. તપેશના ભાગમાં વારસામાં જે થોડી રકમ મળી હતી તેમાંથી અરધી પરેશના સંતોષ માટે રામકૃષ્ણ મિશનમાં આપવાનું સૂચન નરેશ તરફથી થયું કે તુરત પરેશ બોલી ઊઠયો કે 'તો તો પછી બાકીની અરધી રકમ વિજ્ઞાનના સંશોધન પાછળ ખરચાવી જોઇએ!' અને એમ જ થયું. પલ્ટુ વિષે તો એમણે નક્કી કર્યું કે જો આપણે કોઈ જ સંસારી નથી તો પછી પલ્ટુના ભાવિની ચિંતા જ શા માટે કરવી પડે?

પલ્ટુ—નરેશ ને પરેશ બેઉની આંખનાં રતન જેવો પલ્ટુ ધીમે ધીમે મોટો થવા લાગ્યો. નરેશ કે પરેશ બેમાંથી કોઇ જ પોતાનો મત પલ્ટુ પર લાદતા નહિ. પલ્ટુને જ્યારે જેમ રૂચતું તેમ જ તે કરતો. નરેશ સાથે જમીજમીને જ્યારે એનો મુરઘીનો સ્વાદ ઓસરી જતો ત્યારે એ પરેશના નિરામિષાહારી ભોજન તરફ થોડા દિવસ ઢળતો ને થોડા દિવસ નિરામિષ ભોજન પછી માંસાહારની ઇચ્છા જાગતા ફરી પાછો નરેશના રસોડા બાજુ જતાં પણ એને કોઈ રોકતું નહિ.

નરેશ કે પરેશ બેમાંથી કોઈ તેને કોઇ નક્કી ચોકઠામાં જકડવા ઈચ્છતું નહિ. જોકે બેઉ મનોમન તો એમ જ માનતા કે પલ્ટુ મોટો

થઈને પોતાના જ આદર્શને સ્વીકારશે.

પલ્ટુ સોળ વર્ષનો થયો છે. આ વર્ષે એ મૅટ્રિકની પરીક્ષા આપશે. સુંદર સ્વસ્થ કાયા, ગૌરવર્ણ ને પ્રેમાળ આંખો. નરેશ ને પરેશ બન્ને હૃદયથી પલ્ટુને ચાહતા. આ બાબતમાં બેકમાં જરા યે ફેર નહોતો.

એ પલ્ટુ જ એક દિવસ માંદો પડ્યો.

નરેશ ને પરેશ ચિંતામાં પડ્યા. નરેશ વૈજ્ઞાનિક હતો. એ સ્વાભાવિકપણે એક ઍલોપેથિક દાક્તરને લઈ આવ્યો. પરેશે પ્રથમ તો કંઈ વાંધો ન લીધો, પણ જ્યારે ઉપરાઉપરી સાત દિવસ વીતી ગયા ને છતાં તાવ ન ઊતર્યો ત્યારે તે શાન્ત રહી ન શક્યો. એણે નરેશને કહ્યું: 'મને થાય છે કે કોઈ સારા વૈદ્યરાજને બોલાવીને પલ્ટુની તબિયત દેખાડી જોઇએ?'

'ભલે એમ જ કરો—'

વૈદ્યરાજ આવ્યા. સાત દિવસ એની દવા ચાલી, પણ તાવ ઓછો ન થયો, ઊલટાનો વધ્યો. પલ્ટુ જેમતેમ બકવા લાગ્યો. અસ્થિર થઈ પરેશે ત્યારે નરેશને કહ્યું: 'વારુ કોઈ સારા જ્યોતિષીને બોલાવી એની કુંડળી બતાવી હોય તો કેમ? શું કહે છે?'

'ભલે જ્યોતિષીને બોલાવો! છતાં ગમે તેમ કરો પણ આ તાવ એકવીસ દિવસ પહેલાં જશે નહિ. દાક્તરે કહ્યું છે કે એને ટાઇફૉઈડ છે!'

'એમ જ છે કે શું?'

પલ્ટુની કુંડળી લઇ વ્યગ્ર પરેશ જ્યોતિષીને ત્યાં દોડ્યો. જ્યોતિષીએ કહ્યું: 'મંગળ મારકેશ. એ રૂઠ્યા છે.' શું શું કર્યે એ શાન્ત થાય એની એક યાદી એણે આપી. પરેશ એ મુજબ પ્રવાળ વગેરે ખરીદી લાવી, પલ્ટુને હાથે બાંધી, મંગળની શાન્તિ માટે જપ-જપાદિની વ્યવસ્થા કરવા લાગ્યો.

પરંતુ આમ છતાં માંદગી ઉત્તરોત્તર વધતી જ ચાલી. આખરે એક દિવસે નરેશે કહ્યું: 'વૈદ્યરાજની દવાથી ખાસ ફાયદો થતો નથી. દાક્તરને જ ફરી બોલાવીશું કે?'

'તો એને બોલાવો—'

નરેશ દાક્તરને બોલાવવા ગયો. પરેશ પલ્ટુને ઓશીકે બેસી એના માથા પર પોતાં મૂકવા લાગ્યો. પલ્ટુ બકવાદ કરતો હતો 'બા, મને લઈ જા. બાપુજી ક્યાં?'

ભય ને ચિન્તાથી પરેશનું હૈયું ધ્રૂજી ઊઠ્યું. ઓચિંતું એને યાદ આવ્યું તાડકેશ્વર જઇને ધ્યાન ધર્યે દૈવી દવા મળી શકે છે-બરાબર!

નરેશ પાછો ફરતાં જ પરેશે કહ્યું, 'હું જરા તાડકેશ્વર જાઉં છું,- પાછા વળતાં એકબે દિવસ થશે.'

'ઓચિંતા તાડકેશ્વર કેમ?'

'ભગવાનનું ધ્યાન ધરવા-'

નરેશે કંઈ જ ન કહ્યું. બેબાકળા જેવો પરેશ બહાર નીકળી ગયો. દાક્તરે દરદીને તપાસી કહ્યું, 'બહુ ખરાબ પલટો લીધો છે.'

દાક્તરની દવા ચાલવા લાગી.

બે દિવસ પછી પરેશ પાછો ફર્યો. એના હાથમાં માટીનું એક શકોરું હતું. ઉલ્લાસિત થઈ એણે કહ્યું: 'ભગવાનનો સ્વપ્ન-આદેશ મળ્યો છે. એમણે કહ્યું છે કે માંદાને ઈન્જેક્શન ન આપશો. અને કહેજો કે આ ચરણામૃત રોજ એક વાર નિયમિત આપજો. એથી માંદગી આપમેળે ચાલી જશે,-દરદી સાજો થઈ જશે.'

દાક્તરે પોતાનો વિરોધ જણાવ્યો. નરેશે પણ ના પાડી. ટાઈફૉઇડના દરદીને ફૂલ-બિલીપત્રથી ગંધાતું પાણી કોઇ પણ રીતે આપી ન શકાય.

હતબુદ્ધિ પરેશ હાથમાં શકોરા સાથે એમ ને એમ ચૂપ ઊભો રહ્યો.

પણ હકીકતમાં સ્થિતિ ઊલટી જ બની. પરેશને ખબર ન પડે તે રીતે પલ્ટુને દાક્તર નિયમ મુજબ ઈન્જેક્શન આપવા લાગ્યા, ને એ જ રીતે નરેશ અને દાક્તરને ખબર ન પડે એમ પરેશ પલ્ટુને રોજ થોડુંથોડું ચરણામૃત આપવા લાગ્યો. થોડાક દિવસ આ રીતે ચાલ્યું, પણ દરદ ઓછું થવાનાં લક્ષણો દેખાતાં નહોતાં.

ગાઢ રાત્રિ છે. ઓચિંતા નરેશે બાજુના ઓરડામાં જઈ પરેશને જગાડ્યો: 'દાક્તરને બોલાવવા જરૂરી છે; પલ્ટુને કંઇક થાય છે!'

'અરે! શું કહો છો?' પલ્ટુને ત્યારે શ્વાસ ઊપડ્યો હતો.

પાગલની જેમ પરેશ દોડતો નીચે જઈને દાક્તરને ફોન કરવા લાગ્યો. એનો અધીર ઊંચો સાદ સંભળાતો હતો: 'હલ્લો—સાંભળો છો દાક્તર? હલ્લો—હા, હા; હવે મને—પલ્ટુને તમે ઈન્જેક્શન આપો એમાં વાંધો નથી. સમજ્યા? હલ્લો—સમજ્યા—વાંધો નથી—તમે ઈન્જેક્શન લઇ જલદી આવો—મારે વાંધો નથી. સમજ્યા—'

બીજી બાજુ નરેશ પાગલની જેમ પેલા શકોરામાંથી ચમચા વતી થોડુંક ચરણામૃત લઈ પલ્ટુને પટાવતો હતો: 'પલ્ટુ, લે તો—લે તો બાપા—એક વાર પી જા તો જરાક—' એનાં હાથ થરથર ધ્રૂજતા હતા.

ચરણામૃત પલ્ટુનાં મોંમાંથી પાછું નીકળી ગયું.

સંસ્કૃત ભાષાથી ભડકનારાઓ માટે

સંસ્કૃત અઘરી ભાષા હોવાથી તેમાં ઝટ પાસ નહિ થવાય એ બીકે પોતાના ઘણા વિદ્યાર્થીઓ ચોથા ધોરણમાંથી સંસ્કૃતને બદલે ફારસી કે ફ્રેન્ચ લે છે, એમ જોઇને એક વિદ્વાન હેડ માસ્ટરે શિક્ષણના ક્ષેત્રમાંથી એ ખોટી ભડક નિવારવાનો એક રસ્તો શોધી કાઢ્યો. નવું વર્ષ શરૂ થતાં ચોથા ધોરણમાં પોતે વર્ગ લેવા જાય, અને એક અત્યંત સાદો, સરળ, ઝટ સમજાય એવો શ્લોક પાટિયા પર લખી પોતે મોટેથી ગાય અને આખા વર્ગને પોતાની સાથે ગવડાવે. શ્લોકના ગાનમાધુર્યની એવી અસર થતી કે સંસ્કૃત રસમય ભાષા છે એમ લાગવા માંડતું. પછી વિદ્યાર્થીઓને જ શ્લોકનો અર્થ પૂછે ને એમાં કોઈ અઘરી રચના કે શબ્દ હોય તો તેના ઉકેલનું સૂચન મૂકી દે. આથી સરળ શ્લોકનો અર્થ વિદ્યાર્થીઓ આપોઆપ બેસાડી શકતા, અને આમ, એક પછી એક શ્લોકો—કોઇ ચાતુરીના, કોઇ વિનોદના, કોઇ બોધના, કોઈ ભક્તિના, એમ આવતા જઇ એવો રસ જમાવતા કે સંસ્કૃતની ભડક ભાંગી જતી. હમણાં નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ એમણે એ નુસખાને નાની પુસ્તિકાનું રૂપ આપ્યું છે. (પુષ્પમાલા: સંપાદક—શ્રી સાકરલાલ અમૃતલાલ દવે, પ્રકાશક—ગૂજરાત સાહિત્ય મંદિર, ગાંધી માર્ગ, અમદાવાદ ૦-૧૦-૦.) તેમાં ચોથાથી સાતમા ધોરણના વિદ્યાર્થીઓ પોતાની કક્ષા અનુસાર સમજી શકે તે રીતે ચાર ભાગમાં શ્લોકોને ગોઠવ્યા છે, અને તે દરેક ભાગને અંતે, ઉપર કહ્યું તેમ, માત્ર શ્લોકોને સમજવામાં સહાયરૂપ થાય તેવાં સૂચનોની ટીપ મૂકી છે: પણ અર્થ એકેનો આપ્યો નથી. પોણા બસો ઉપરાંત શ્લોકોના એ સંગ્રહમાં બોધ, વિનોદ ને ચાતુરીથી ભરેલાં એવાં રસમય સુભાષિતો સંચિત થયાં છે કે વિદ્યાર્થીઓ ઉપરાંત જાણકારને પણ બે ઘડી જ્ઞાનની ઉજાણીનો આનંદ આપે.

બે પગે દોડતા માણસને એક પગે દોડનારો કદી પકડી શકે ખરો?
તમે કહેશો કે 'ના.'
એ 'ના'ને 'હા'માં પલટાવતી આપણી રમત

લંગડી



જમીન પર ગબડી પડી
આળોટીને પસાર થઈ જાય છે.

લેખક
વાસુદેવ ભટ્ટ

દોડવું એ ક્રિયા નૈસર્ગિક છે, અને એટલે જ દોડવાની ક્રિયા પર રચાએલી રમતો વધારે છે. એ રમતોને રસપ્રદ બનાવવા તેમાં કેવી નાનાવિધ મુશ્કેલીઓ યોજવામાં આવે છે તે પણ આપણે જોયું. એવી જ એક અભિનવ અડચણ તે એક પગ ઉપર દોડવાની યોજના. એને લંગડી લેવી કહે છે. આપણે ત્યાં નાનીનાની તો એવી ઘણી રમતો છે કે જેમાં લંગડી લેવાની હોય; પણ મોટી, એટલેકે વ્યવસ્થિત સ્વરૂપ પામેલી અને અટપટા કાનૂનથી નિયમન પામેલી, એવી જે મુખ્ય રમત આપણે ત્યાં છે એનું નામ છે 'લંગડી'. ભારતમાં જુદાજુદા પ્રાંતે તે ભિન્નભિન્ન નામ સાથે અને વિવિધ પ્રકારે રમાય છે.

આ રમત જોતાં મૂળભૂત સવાલ એ થાય છે કે એક માણસ બે પગે દોડતો હોય, અને તેને બીજો માણસ (કે જેની દોડવાની શક્તિ લગભગ પેલા માણસ જેટલી જ છે) તે લંગડી લઈને પકડવા જાય. તો તે તેને કદી પણ પકડી શકે ખરો? સવાલ વાજબી છે, ને તેનો વાજબી જવાબ પણ છે. સરખી શક્તિવાળા બે માણસ દોડતા હોય: એક આગળ અને એક પાછળ. આગળનો બે પગે અને પાછળનો એક પગે. જો એ બંને સીધા જ દોડ્યા કરે તો પાછળનો માણસ કદી પણ આગળના માણસને પકડી ના શકે; પણ આગળનો માણસ સીધી દોટ છોડી વળાંક લેવાનું શરૂ કરે કે તરત જ પાછળના માણસને લાભ મળવા લાગે છે—કહો કે લાભ ઉઠાવવાની તક મળે છે. સાઈકલનું આગળનું પૈડું જેટલી મુસાફરી કરે છે તેના કરતાં પાછળનું પૈડું ઓછી મુસાફરી કરે છે, કારણ કે સાઈકલ જ્યારેજ્યારે વળાંક લે છે ત્યારે-ત્યારે પાછળનું પૈડું આગળના પૈડાના જ રસ્તે ન જતાં જરા ટૂંકો રસ્તો લે છે. લંગડીની બાબતમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. બે પગે દોડનાર માણસ જ્યારેજ્યારે વળાંક લે ત્યારેત્યારે તેને પકડવા જનાર લંગડી લેતો માણસ રસ્તો જરા ટૂંકાવવાનો. એટલે, જો તે પોતાની ઝડપ પેલા દોડનારની ઝડપ જેટલી જ રાખે તો તેમની વચ્ચેનું અંતર જરા ઓછું કરી શકવાનો; અને જો એ જ વેળા પોતાની ઝડપ એકદમ વધારી નાખે તો તેને પકડી પણ શકવાનો. આનો અર્થ એ કે લંગડી લેનારને સફળતાની તક આપવા માટે દોડનારની પાસે ફરજિયાત વળાંક લેવડાવવા જોઈએ, અને એનો ઉપાય એ કે દોડનારને અમુક મર્યાદિત અંતરમાં જ દોડવાનું કહેવું જોઈએ. એ મર્યાદા જેમ ટૂંકી તેમ પકડવા જનારને વધારે સગવડ. આ જ સિદ્ધાંત ઉપર લંગડીની રમત રચવામાં આવી છે.

આજના તેના વ્યવસ્થિત સ્વરૂપનો સામાન્ય ખ્યાલ આ પ્રમાણે છે: (જુઓ સામેના પાના પરનો નકશો) ૩૦ ફૂટના વ્યાસવાળું એક કુંડાળું દોરવામાં આવે છે. [મહારાષ્ટ્રે એક નવો અખતરો એ કર્યો છે કે ગોળ કુંડાળાને બદલે તેઓ સમચોરસ રાખે છે; ને એ સમચોરસને લીધે પડતા ખૂણાઓમાં જ્યારે દોડનાર–પકડનાર–જાય છે ત્યારે ત્યાં નવીનવી પ્રયુક્તિઓ જોવાની મળે છે.] દાવ લેનાર ટુકડી કે જેને રમનાર પક્ષ કહેવામાં આવે છે તેના નવે નવ ભિડુ આ કુંડાળાની અંદર ચારે બાજુ ગમે ત્યાં ઊભા રહે છે. કુંડાળાની બહાર દાવ આપનાર ટુકડી કે જેને મારનાર પક્ષ કહેવામાં આવે છે તે, તેના નવે નવ ભિડુ ક્રમ પ્રમાણે (પહેલાં કોણ પકડવા જશે, બીજા કોણ, ત્રીજા કોણ એમ નવે જણનો ક્રમ નક્કી કરીને) વ્યવસ્થિત બેસાડી દે છે. કુંડાળાને એક પ્રવેશદ્વાર હોય છે. પહેલો પકડવા જનાર આ પ્રવેશ-દ્વારની બહાર એક પગે ઊભો રહી પકડવા જવા માટે એક પગે થઈ રહે છે. પંચ રમત શરૂ કરવાની સંજ્ઞા આપે કે તરત તે કુંડાળામાં દાખલ થઈ પોતાનું કૌશલ દેખાડવા માંડે છે, અને પકડાય એટલા



લગડાના રમતમાં એક કટોકટીની પળ; જેમાં રમનાર પોટલું થઈ નીચે પડીને સરકી જાય છે. પંચ પણ કેવા સાવચેત છે!

ભિલ્લુને પકડવા મથે છે. જેઓ પકડાઇ જાય તે કુંડાળાની બહાર નીકળી નિયત જગ્યાએ બેસી જાય છે. પકડવા આવેલો ભિલ્લુ થાકે એટલે કુંડાળાની બહાર નીકળી જાય છે અને તાજો ભિલ્લુ લંગડી લઇ કુંડાળામાં દાખલ થાય છે, અને કામ આગળ ચલાવે છે.

રમત પૂરેપૂરી પાંચ મિનિટ ચલાવવાની હોય છે. પાંચ મિનિટ પહેલાં બધા રમનારા (એટલેકે દાવ લેનારા) પકડાઇ જાય, તો તેમને ફરીથી અંદર બોલાવવામાં આવે છે અને રમત ચાલુ રાખવામાં આવે છે. પાંચ મિનિટ પૂરી થતાં પહેલાં બધા મારનાર (એટલેકે દાવ આપનાર) થાકી જઇને બહાર નીકળી ગયા હોય, તો તેમને દરેકને ફરીથી બીજી વાર વારાફરતી મોકલવામાં આવે છે. આમ, કોઈ પણ હિસાબે, પાંચે પાંચ મિનિટ રમત ચાલુ રાખવી જ પડે છે.

દાવ આપનાર ઉપર એક ખાસ શરત એ હોય છે કે પોતાનો વારો ચાલુ હોય તે દરમિયાન કુંડાળાની અંદર, ઊંચો રાખેલો પગ કે શરીરનો બીજો કોઇ પણ ભાગ તે જમીનને અડાડી ન શકે. અડાડે તો તેની એક ભૂલ થઈ ગણાય.

જેટલા મારનારનો વારો પૂરો થયો હોય તેનાથી બમણા ગુણ રમનાર પક્ષને મળે છે; અને પછી જેટલા રમનાર બાદ થયા હોય તેનાથી બમણા ગુણ મારનાર પક્ષને આપી, તેમાથી તેણે કરેલી ભૂલ દીઠ એક લેખે ગુણ બાદ કરવામાં આવે છે. બે રમતને અંતે જે ટુકડી વધારે ગુણ મેળવે તે ટુકડી જીતી ગણાય.


આ રમત શિશુ અને કિશોરોને ખૂબ આકર્ષે છે. કુમારોનો આકર્ષે છે ખરી, પણ શિશુ-કિશોરો જેટલી નહિ. અને યુવાનોને તો તેમાં બહુ ઓછો રસ પડે છે.

એક પગ પર સમતોલપણું સાચવી ટપ્, ટપ્, ટપ્, કરતાં લંગડી લેતા શિશુમાં કેટલીક વાર એવી તો છલક અને છટા જોવાની મળે છે કે રસદૃષ્ટિવાળા કોઈ કવિને જરૂર એમાંથી કવિતા જડે.

પકડવા જનારે પોતાનું સમતોલપણું સાચવવાનું હોય છે એટલે તેની ગતિ ઉપર એક જાતની મર્યાદા મુકાઈ જાય છે: ખાસ કરીને તેને વાંકા વળવાનું-નીચા નમવાનું મુશ્કેલ પડે છે. દાવ લેનાર આનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે. એ લાભ ઉઠાવવામાં એ ખાસ કરીને બે જાતની પ્રયુક્તિઓ અજમાવે છે: એક તો ઓચિંતાની દિશા બદલવાની—એટલેકે પલટી લેવાની; અને બીજી નીચે જમીન પર ગબડી પડી આળોટીને પસાર થઈ જવાની! આમાં એ પકડવા આવનારને છેતરવાનો—એટલેકે એક દિશામાં જવાનો ચાળો કરી બીજી દિશામાં દોડી જવાનો—પ્રયત્ન કરે છે. આ બધા પ્રયત્નોને પરિણામે તે પકડનારના પંજામાંથી સરકી જવામાં અને કેટલીકવાર તો પકડનારનું સમતોલપણું ગુમાવડાવવામાં પણ સફળ થાય છે.

પકડવા જનાર પણ દાવ લેનારની મુશ્કેલીઓ જાણતો હોય છે અને તેથી તેનો લાભ ઉઠાવવાનો પૂરો પ્રયત્ન કરે છે. દાવ લેનારને ત્રીસ ફૂટના કુંડાળાની બહાર નીકળી ન જવાય તેની ખાસ તકેદારી રાખવાની હોય છે, એટલે પકડવા જનાર તેને કુંડાળાની વચમાં જતાં રોકે છે. આમ કરવામાં તેને બીજો એક લાભ એ થાય છે કે તેને દોડનારના કરતાં ઓછું અંતર કાપવું પડે છે અને એટલે પેલાને પકડવાનો સંભવ વધે છે. આ ઉપરાંત બન્ને હાથ પહોળા કરી, બન્ને બાજુથી તેને આવરી લેવો, ઓચિંતાની લાંબી ફલાંગ મારવી, એવી કેટલીક બીજી પ્રયુક્તિઓ પણ તે અજમાવે છે.

આ તો આપણે આ રમતનાં કેટલાંક અંગ છૂટાંછૂટાં જોયાં; પણ જ્યારે આખી રમત સમગ્રરીતે અને સળંગ પ્રવાહમાં જોવાની મળે છે ત્યારે જ તેની ખરી મઝા માણી શકાય છે.



આ જુઓ. કુંડાળાની અંદર નવ જણ ઊભા છે, પણ તે પ્રવેશદ્વારની છેક સામી બાજુએ ને જરા છૂટાછૂટા. પણે પેલો પકડનાર પ્રવેશદ્વારની બહાર એક પગ ઊંચો લઇ પકડવા જવા માટે અધપગે થઈ રહ્યો છે. ચાલો, પંચે સિસોટી મારી;-હવે મઝા પડશે. પકડવા જનારે લંગડી શરૂ કરી છે. હજી તો તદ્દન તાજો જ છે એટલે કેવો સ્ફૂર્તિથી ફલાંગો મારે છે! અને કોને પકડવો તેની પસંદગી કરવા બધા રમનારની સિક્કલરૂપી સિક્કા તપાસે છે. હં; એકાદ બોદો નજરે ચડયો લાગે છે! બસ, બધા ધ્યાન બાજૂ પર રાખી પેલા કાંકરા તરફ તેણે ગતિ કરી દીધી છે. પેલો રમનાર પણ સમજી ગયો છે કે હવે તેનું આવી બન્યું. પોતની નિર્બળતા તે મનમાં તો જાણે જ છે, અને એટલે તેણે આત્મવિશ્વાસ જરા ગુમાવ્યો છે, જેનું પ્રતિબિંબ તેના મોં પર પણ દેખાયું છે. પકડનાર આ બધું જોઈ સમજી ગયો છે કે એ 'વિકેટ' હમણાં પડી સમજો. પણ રમનાર ટુકડીનો નાયક એમ ટૂંકો સોદો પતાવવા તૈયાર નથી. તે પોતે અને બીજા કેટલાક અચ્છા ખેલાડી પકડનારને લોભાવવા તેની પાસે આવે છે. જરા સાહસ ખેડી તેના મોં પાસે થઇને પસાર પણ થઈ જાય છે. પરંતુ પકડવા આવનાર ભિલ્લુ પણ પોતાની ટુકડીનો એક પાકો ભિલ્લુ છે, અને તેથી તે એમ છેતરાય એમ નથી. તેણે તો પેલા બોદા સિક્કા સાથે જ ઉંદર-બિલાડીની રમત શરૂ કરી દીધી છે, અને તેને છોડવા તૈયાર નથી. પેલો મુંઝાએલો ખેલાડી છટકવા પ્રયત્ન તો કરે છે, પણ ત્યાં તો લો! પેલા યે મારી એક ફલાંગ, અને સટાક દઇને એક ટપલી લગાવી દીધી! એક 'વિકેટ ડાઉન!' આ બધું તો માત્ર અગિયાર સેકન્ડમાં જ પૂરું થયું છે!

પકડનારે સ્વયંવર કરી બીજી પસંદગી કરી લીધી છે. ફરી પાછું એનું એ. રમનાર નાસે છે; પકડનાર પીછો લે છે; નાયક અને બીજા લલચાવે છે. તેમના આ લલચામણ પકડનારને નથી ગમતી, કેમકે

તે તેના મનમાં, અને પરિણામે કાર્યમાં. ખલેલ પહોંચાડી રહી છે. પણ એ પાકો ઉસ્તાદ છે. પેલાનો પીછો છોડતો જ નથી. અને છતાં મનમાં એક પેંતરો ગોઠવી રહ્યો છે. પેલા લલચાવનારામાંનો એક તેની પાસેથી પસાર થઈ બાજુ પર ઊભો છે અને જરા ગાફેલ થયો છે. બસ, પકડનારે પોતાનો પેંતરો અજમાવી લીધો. જુઓ, જુઓ! કેવી પલટી મારીને એણે પેલા ગાફેલ ભિલ્લુ તરફ તીર જેવી ફલાંગ લીધી છે! રમનાર આખી ટુકડીએ હાહાકાર મચાવી મૂક્યો. પેલાને ચેતવ્યો, અને તેને નસાડવા બને તે બધું કર્યું. પેલો ગાફેલ ભિલ્લુ પણ હવે તો ચેતી ગયો ને આછો ચિત્કાર કરી ઝડપ લેવા મંડ્યો. પણ પેલો પકડનાર તો તીર જેવો છૂટ્યો છે. નાસનાર નાસે તે પહેલાં તો એ આખો ને આખો તેની પર આવી પડ્યો ને! ખલાસ. બીજો ભિલ્લુ બાદ! અને એ બીજો ભિલ્લુ એટલે ટુકડીના પહેલી પંક્તિના પાકા ભિલ્લુમાંનો એક. નાયક અને આખી ટુકડીના ગુસ્સા તથા ચીડના ઉદ્ગારો વચ્ચે તે બહાર નીકળ્યો. પ્રેક્ષકોએ પકડનારને શાબાશી આપી. પણ પકડનારે તો આમાંની એક પણ બાબત પર ધ્યાન નથી આપ્યું. એ તો કર્તવ્યનિષ્ઠ થઇને પેલા બીજા બોદા સિક્કાની પાછળ ક્યારનો ય લાગી ગયો છે. રમત શરૂ થયે માત્ર સોળ જ સેકંડ થઈ છે એમ અટક-ઘડી (સ્ટૉપ વૉચ) જણાવે છે. એટલા વખતમાં બે ભિલ્લુ બાદ થયા એ પકડનાર પક્ષને માટે ખુશાલીની બીના છે. અરે, પણ ત્યાં તો બીજી છ સેકન્ડમાં પેલો બીજો નબળો ભિલ્લુ પણ ઊપડ્યો. બાવીસ સેકન્ડમાં ત્રણ બાદ!

હર્ષના પોકારો વચ્ચે રમત આગળ ચાલી. રમનાર ટુકડી હવે સચેત થઈ ગઈ છે કેમકે તેણે થોડા જ વખતમાં ત્રણ ભિલ્લુ ગુમાવ્યા છે, જેમાં એક તો પાકો. નાયકે બધાને ખબરદાર કરી દીધા છે.

પકડનારની સ્ફૂર્તિ જરા કમી થઈ છે. તેણે એક નવી પસંદગી તો કરી છે, પણ તે પસંદ થએલો ભિલ્લુ નબળો જ છે તેની તેને પોતાને પણ ખાતરી નથી. મધ્યમ કોટિનો ભિલ્લુ માનીને તેણે તેને પસંદ કર્યો છે અને પીછો પકડ્યો છે. પણ પસંદ થએલો ભિલ્લુ ધાર્યા કરતાં જરા ઊંચી કોટિનો છે. તેણે પકડનારને પોતાનો પરચો દેખાડવા માંડ્યો છે. ઝડપ લે છે અને અંતર વધારે છે; જરા થોભી લલચાવે છે; અંતર ઓછું થતાં બે દિશામાં ગતિ દેખાડે છે; પલટી લઈ પેલાને થાપ આપે છે અને પરિણામે એનો થાક વધારે છે.

રમત જામી છે. રમનાર અને પકડનાર બંને પોતાની પ્રયુક્તિઓ અજમાવી રહ્યા છે. પણ પકડનાર સમજી ગયો છે કે હવે તેની શક્તિ તેને લાંબું નહિ રમવા દે. એટલે જ તો તેણે હવે ઝડપ વધારી છે અને બધી શક્તિ ભેગી કરી આ ચોથા ભિલ્લુને બાદ કરવા કમર કસી છે. તેણે પૂરી ઝડપ લીધી છે; અને અંતર ઘટાડ્યું પણ ખરું. અને જુઓ તો ખરા, આટલો થાકેલો હોવા છતાં તેણે કેવી ફલાંગ લીધી! એ... એ... પેલો મર્યો- મર્યો... અરે, વાહ! રમનાર પણ કોઇ ફાંકડો ખેલાડી લાગે છે. તેણે શું સુંદર 'સ્ટન્ટ' કર્યો! એકદમ પડતું મૂક્યું, પોટલું થઈ જમીન પર પડ્યો, લંબાયો, આળોટ્યો અને પકડનાર નીચો નમે ને તેને પકડે તે પહેલાં તો તેની બાજુમાં થઇ પસાર થઈ ગયો! તેને પકડવા પકડનાર નીચો તો નમ્યો હતો ને હાથ પણ લંબાવ્યો હતો. એ હાથ પડત તો પેલા રમનાર પર; પણ એ તો ખસી ગયો. હવે જો પોતાનો હાથ કે શરીર લંબાય તો તો હાથ જમીનને જ અડે અને 'ભૂલ' થાય એ નક્કી. પણ વાહ! શી કાબેલિયતથી તેણે હાથ ને શરીરને ઊંચાં લઈ પોતાનું સમતોલપણું સમાલી લીધું! વાહ, ખેલાડી, વાહ!

પકડનાર સમજી ગયો કે પેલો છટક્યો. પણ એ કાંઈ એમ એને જતો કરવા તૈયાર નથી. થાક લાગ્યો છે, ફેફસાંએ ધમણનું અનુકરણ શરૂ કર્યું છે, છતાં તે પ્રયત્ન નથી છોડતો. રમનાર હજી જમીન પર જ છે એ તેણે જોઇ લીધું. પોતાનું સમતોલપણું તો હજી હમણાં જ મળેલું છે, છતાં તેણે લંગડી લેતાંની સાથે જ દિશા બદલી અને પેલા તરફ ફલાંગ મારી. પણ થાકેલા શરીરે જોઈએ એવી ગતિ ન લીધી. આહ!

રમનારે તો સ્વસ્થતા મેળવી લીધી હતી અને દિશા પણ પકડી હતી. અસલ ઝડપમાં દોડતા એ રમનારને હવે પોતે પકડી નહિ શકે એ પકડનાર સમજી ગયો છે. ડહાપણ ભરેલો રસ્તો એક જ છે કે પોતે બહાર નીકળી જવું અને નવા તાજા પકડનારને એ રમનાર-નો હવાલો સોંપવો. તેણે પ્રવેશદ્વાર તરફ જોયું. તેનો અનુગામી ભિલ્લુ ત્યાં પૂરી તૈયારી સાથે ઊભો છે. એટલે હવે પોતે નિવૃત્તિ લે તો તેમાં વાંધો નથી; એટલું જ નહિ પણ એ જ એકમાત્ર માર્ગ છે.

પણ જુઓ તો ખરા! આટલો નાનો છોકરો પણ કેવો હોશિયાર છે. એમ સીધેસીધો તો નથી જ નીકળતો. કૈંક પેંતરો ગોઠવે છે. રમનાર આગળ નાસે છે તેનો પીછો એવી રીતે પકડ્યો કે તેને દોડતાંદોડતાં પ્રવેશદ્વાર પાસેથી પસાર થવું પડે. બસ, બરાબર એ જ વખતે તેણે એક ફલાંગે કુંડાળાની બહાર પગ દીધો! રમનાર તો હજી પ્રવેશદ્વારની પાસે છે, અને નવો પકડનાર તો ટાંપીને ઊભો જ હતો. હવે પૂછવાનું શું હોય? નવા પકડનારે પ્રવેશદ્વારમાંથી જ એક તાજગીભરી ફલાંગ મારી અને સીધો જ પેલા રમનારને પકડ્યો! પેલા થાકેલા પકડનારે બહાર નીકળતાં નીકળતાં પણ ખરી તરકીબ અજમાવી દીધી! પોતે ન પકડી શક્યો પણ પોતાના ભિલ્લુ પાસે ઓછામાં ઓછી મહેનતે તેને પકડાવ્યો! તાજા રમનારે એક નવા(પાંચમા) ભિલ્લુને હાથ કર્યો, ને રમત આગળ ચાલી.—

—એ તો એમ ચાલ્યા જ કરશે; અને મઝા પણ પડ્યા કરશે. પરંતુ . . . લેખ પૂરો કરવો જ પડશે.

અંતમાં એક વાત. એક નાના સરખા—ત્રીસ જ ફૂટના—મેદાન પર આટઆટલું કૌશલ જોવાનું મળતું હશે એવો તમે કદી ખ્યાલ કર્યો હતો? હજારો ફૂટના વિસ્તારમાં ભરાતાં પ્રદર્શનોમાં જઈ તમે ઘણી વાર ઘણા ઉદ્યોગો અને કળા-કારીગરી જોયાં હશે. પણ આપણા રમત-નાં મેદાન તરફ તમે કદી નજર કરી છે? આપણાં કારખાનાં ભલે વાસણો ને મોટરો ઘડતાં હોય, પણ આપણા નાગરિકો તો રમતના મેદાન પર જ ઘડાય છે એ ન ભૂલશો. મર્દોનું ઘડતર કરતાં મેદાન પર નજર કરવી એ આપણી ફરજ છે એ ન ભૂલશો. ફરજ? હા, ફરજ.

કલાનો અભ્યાસ કરવા ઈચ્છનારાઓ માટે અગત્યનું

ગયા અંકમાં અમે જાહેર કર્યા મુજબ વડોદરાની શ્રી સયાજીરાવ યુનિવર્સિટીમાં જૂન ૧૯૫૦થી, હિંદભરમાં સૌ પ્રથમ એવો, મૅટ્રિક પાસ થએલા વિદ્યાર્થીઓ માટે ચાર વર્ષનો ડિગ્રી-કૉર્સ શરૂ થશે. તે ઉપરાંત ત્યાં ચિત્ર, પ્રતિમા ને શિલ્પના વિવિધ અભ્યાસક્રમો માટે સર્ટિફિકેટ કૉર્સ, ડિપ્લોમા કૉર્સ વગેરેની ગોઠવણ પણ છે. તેની તાલીમ નિષ્ણાતો જ આપશે. ચિત્ર-કલા ઉપરાંત ત્યાં સંગીતનો પણ એવો જ અભ્યાસક્રમ યોજ્યો છે. એ બંને પૈકી કોઇ પણ માટે વિગત જાણવા ઇચ્છનારાઓએ નીચેને સરનામે લખવું: ફાઈન આર્ટ ઑર્ગેનાઈઝર, શ્રી સયાજીરાવ યુનિવર્સિટી, પુષ્પબાગ, યુનિવર્સિટી રોડ, વડોદરા.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

બાંધ ગઠરિયાં…



બાના મોસાળનું ઘર રસ્તા ઉપર. ત્યાંથી ત્રણચાર ઘર બાદ, અંબાજી માતાના દહેરાની નાની ગલીની બરાબર સામેની એવી જ એક નાની ગલીને નાકે માળીની દુકાન હતી. ત્યાં રોજ સાંજે માળણ ફૂલ વેચવા બેસતી. એ ગલીમાં દાખલ થતાં બીજું જ ઘર તે અમારો 'શિવદાસ પૅલેસ' કહેવાતો! વડોદરાના પૅલેસો (રાજમહેલો) જોયા પછી આ પૅલેસ જોઇને હસવું આવતું. વરસાદમાં ઓટલે કાદવ ભરાઈ જતો, એટલો તો એનો ઓટલો નીચો હતો. અમારા એ 'પૅલેસ'ને થાંભલે મ્યુનિસિપાલિટીનું ફાનસ ટીંગાડેલું હતું, ભીંતે પોપડા વળતા, અંદરથી છો ને ચૂનો ખર્યાં જ કરતા. રંગરોગાનનું તો ઠેકાણું જ શાનું હોય? એ હતું અમારું બાપીકું ઘર. નીચે બે ઓરડા; એવા જ ઉપર બે; અને ત્રીજે માળે પણ એવા જ બે, પણ માળિયાં જેવા. ઉપર ચાલો તો ઘર આખું ધ્રૂજે!

અહીં મારા શિવદાસ દાદા રહેતા. એંશી-પંચ્યાશી ઉપર ઉમર હશે, પણ સ્વભાવમાં ભારે તીખાશ. શરીર કસાએલું; પગમાં જોર. પાઘડી-અંગરખો પહેરી, પિછોડી નાખી નીકળે તો લાગે દમામદાર. દર શિયાળે દિવેલમાં સાંતળેલી મેથીના લાડુ ખાય અને અમને બોલાવી મારીઠોકીને ખવડાવે. એકવાર મેં ન ખાધા, ત્યારે હાથ પગ બાંધીને મને ઉપર માળિયે ચડાવી દીધેલો! લાડવો ખાઉં તો જ છુટકારો થાય એમ હતું. ત્યારે મને મમત કરવાની ટેવ પડી ગઈ હતી. આખરે દાદાએ હારી, મને પકડી રાખી, જબરદસ્તીથી મોંમાં



મેથીનો આખો લાડવો જબરદસ્તીથી મારા મોંમાં ગડબાવી દીધો.

લાડવો ગડબાવી દીધો. નરદમ મેથી જો! ત્યાંથી છૂટી સીધા આવી મામાજીને ફરિયાદ કરી, એટલે મામાજીએ ત્યાં નહિ જવા ફરમાવ્યું. બેત્રણ દિવસ ભીમો (નોકર) બોલાવવા આવ્યો. પણ હું શાનો જાઉં, એટલે દાદાજીએ ત્યાંથી જતાંઆવતાં ડોકિયું કર્યું. છોટામામા રોજ સાંજે રસ્તા પર જરા પાણી છંટાવી ઓટલે ગાદીતકિયો નાખી બેસતા. એમ ઓટલે બેની મુલાકાત થઈ ગઈ:

'પેલો કેમ હમણાં કંઇ દેખાતો નથી?'

'એના તમે હાથપગ બાંધો તે એ કેમ આવે?'

'તો શું એની પૂજા કરું? કાલે સવારે મોકલજો, નહિ તો હાડકાં જ ખાંડી નાંખીશ!'

'સવિતાએ એને અહીં રહેવા અને ભણવા મોકલ્યો છે. અહીં રહેશે ત્યાં સુધી એ ત્યાં નહિ આવે.'

'અરે કંઈ વાત છે! આજે જ ચીમનને હું કાગળ લખું છું.'

'તે ભલે; પણ હું બેઠો છું ત્યાં સુધી એ માર ખાવા નહિ આવે.'

મામાજીની મક્કમતા જોઈ દાદાજી જરા ટાઢા પડ્યા: 'છોટામાઇ! મેથીના લાડવા ખાય તો શરીર મજબૂત થાય. તમે સમજાવીને ખવડાવતા હો તો હું અહીં મોકલી આપું.'

'અહીં લાડવા બનાવી શકાય છે. અને જો સમજાવીને જ ખવડાવાના હોય તો તમે જ સમજાવીને કેમ નહિ ખવાડો. પણ છોકરાને માર તો નહિ પડવા દઉં.'

બસ. મેથી અને મેથીપાક બંને બંધ. અને પછી તો ડોસા સાવ ખખડી ગયા અને શ્રીચરણ પણ થઇ ગયા. પણ મામાજી એમની મોટાઇની બહુ વાતો કરતા. એમને શિવદાસ વાણ તરીકે બધા ઓળખતા. મહોલ્લામાં સોની મહાજન તો એને શિવા વાણ જ કહેતા.

આત્મારામ ભૂખણની જાણીતી પેઢીમાં શિવદાસ મુનીમ હતા. એ પેઢીને માટે એવું કહેવાતું કે જંગલમાં પણ એની હૂંડી સીકરાતી. પેઢી ઘણી મોટી, અને ઘણા મુનીમો કામ કરતા હોઈ એમાં શિવદાસ નામના બેત્રણ મુનીમો હતા. એમને ઓળખવા એક શિવદાસ મગ, બીજા શિવદાસ દાળ, ત્રીજા શિવદાસ વાણ, એ રીતે ઓળખાતા. શિવા વાણ તો વળી આખરે મોટા મુનીમ થયા હતા. મામાજી તો કહેતા કે આત્મારામ ભૂખણની આબરૂ એટલી બધી હતી કે એક વખત શિવદાસને પેઢીને કામે ઝાંસી જવું પડેલું ત્યારે આત્મારામ ભૂખણની પેઢીના મુનીમ આવે છે જાણી એમને તેડવા સામે હાથી મોકલવામાં આવેલો, અને દરબારમાં એમને જમણે હાથે બેઠક આપવામાં આવેલી! (આ સાબિત કરવા મારી પાસે કંઈ જ દસ્તાવેજી પુરાવા નથી!)

શિવદાસદાદાને નજીવું વર્ષાસન મળતું, ને ઉપરાંતમાં દાણોદૂણી અને એટલામાં સારી રીતે દસબાર સંતાનથી ઊભરાતું, અને તેના વિસ્તારવાળું બહોળું કુટુંબ એમણે નભાવ્યું હતું.

રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના જમાઇ પ્રો. શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે, અને એ પ્રો. દવેના જમાઇ સ્વ. પ્રો. વ્યોમેશચંદ્ર પાઠકજી. વ્યોમેશચન્દ્રના પિતા સરદાર જનાર્દન. વ્યોમેશચંદ્રનો ભાઇ મંગેશ મારી સાથે ભણતો અને અમે બે નાનપણમાં સારા દોસ્ત હતા. ત્રિવેદી, દવે અને પાઠકજી એ ત્રણે સંસ્કૃતજ્ઞ કુટુંબ અમારી નજીક જ રહેતાં. તેમાં સરદાર જનાર્દન પહોળી લાલ કિનારનું ધોતિયું, કાળો ડગલો ને માથે કાળા ફુમતાવાળી લાલચટક 'ફેઝ' પહેરીને નીકળતા, એ જોઇ અમને જરા પણ નવાઈ લાગતી નહિ. ધોતિયા ઉપર પારસીશાહી ટપકીની પાઘડી પહેરનારા—ખાસ કરીને કપોળમાં મેં ઘણા જોયા હતા, પણ ફેઝનો દાખલો તો મારી જાણમાં આ પહેલો જ હતો. સ્વ. વિઠ્ઠલભાઇ પટેલ પહેરતા, પણ તે થોડા સમયને માટે. પણ જનાર્દન પાઠકજી તો વર્ષો સુધી, સારેમાઠે અવ-

સરે એ દરિદ્રિ ફેંટાથી જ શોભી રહેલા. વળી જમણે કાને એક મોતીનું કોકરવું પણ પહેરતા. મારે ઘણી વાર એમની પાસે મામાજીના દસ્તાવેજી કાગળો લઇ સહી કરાવવા જવું પડતું, ત્યારે એ હીંચકે ઝૂલતા કોઈ રાગ લલકારતા જ હોય.

એમના ઘરના આગલા ભાગમાં એક નાની કોટડીમાં ગોરધન રહેતો. ગોરધન હતો તો નોકર, પણ કારીગર બાદશાહ હતો; અને સ્વભાવે હસમુખો. આસપાસના લોકોનાં વાસણોની કલાઇ પણ કરતો. સીવવાનું કામ પણ કરતો; ચિત્રો ચીતરીને પૂઠા પર કોતરી સાંઝી (રંગોળી) પૂરવાની સ્ટેન્સિલો (બીબાં) બનાવતો. સાંઝીના દિવસોમાં આખુ સુરત એ ગોરધનની સાંઝી જોવા છેક દૂરદૂરથી આવતું. સિંહ-વાઘ તો ઠીક, પણ રાધાકૃષ્ણ, અર્જુનનો મત્સ્યવેધ અને એવાંએવાં મોટાં મોટાં ચિત્રો, કાળી કોલસીની ભૂકી પાથરેલી સપાટ ભૂમિ પર એવી તો ચતુરાઈથી ચીતરતો કે લોકો છક થઈ જતા!



બીબું મૂકી કપડામાં આંગળાથી ચાળેલો રંગ પૂરવો એ પણ એક કળા છે. અમે સૌ એ ગોરધન પાસે શીખવા જતા. પણ ગોરધન તો હદ કરતો. કથરોટમાં પાણી ભરી, એની સ્થિર સપાટી ઉપર કોલસાની ભૂકીનું પડ પાથરી, તે ઉપર વિવિધરંગના હનુમાન ચીતરતો. અને એ જ પ્રમાણે પાણીમાં પણ તળિયે સાંઝી પૂરતા ગોરધનને જોવા અમે દોડયાદોડયા જતા. એમાં ગોરધન જો કંઈ ખાસ કરામત કરવાનો હોય તો તે વહેલી સવારે ચાર વાગ્યે ઊઠીને કરી નાખે, અને સવારના છ સાત વાગતાંમાં તો એના કિસબંની વાહવાહ ફેલાઇ જ ચૂકી હોય. આવાં કોતરેલાં બીબાં એ વેચતો પણ ખરો, અને કેટલીક વાર તો એ કોતરવાનાં સાધનો પણ સાદા ખીલામાંથી ઘસીને બનાવી આપતો. રસ્તે ચાલતાં પણ સૌકોઈનું કામ કરતો. છોકરાઓને તો એ મનગમતો કારીગર હતો.

એવાં કોતરેલાં બીબાં ઉપરથી સાંઝી પૂરવાનું, ઘોઘારાણા શણગારવાનું, પતંગો બનાવવાનું, ગળામાં પહેરવાની મોતીની કંઠીના ફુમતેદાર છેડા ગૂંથવાનું, કાચકાની રમત રમવાનું, અને શિયાળામાં થીજેલા ઘીની આંઝી કરવાનું, એવુંએવું તો ઘણુંઘણું અમે એ ગોરધન પાસે શીખેલા. એ પરગજુ, મહેનતુ, ભલો અને માયાળુ ગોરધન ઘણી રીતે અમારો મૉન્ટેસ્સોરી શિક્ષક કહી શકાય.

આત્મારામ ભૂખણની જે પેઢીમાં શિવદાસદાદાએ મુનીમગીરી કરેલી, એ જ આત્મારામ ભૂખણના, બાલાજી રોડ પરની ગલીમાં આવેલા ડેલામાં સરકારી મિડલ સ્કૂલ બેસતી. એ ડેલામાં હાથી બંધાતો. એ હાથી ગાયકવાડ સરકારે આત્મારામ ભૂખણને કંઇક કામગીરી પેટે ભેટ આપેલો; અને હાથી તો રાજદરબારે જ શોભે, બીજાને ત્યાં નહિ, એ ન્યાયે આત્મારામ ભૂખણની પેઢી જતે દિવસે તૂટી એવી વાતો પણ સાંભળેલી.

મામાજીએ પરભાશંકર સાથે મસલત કરી છઠ્ઠા નંબરની ગુજરાતી નિશાળમાંથી ઉઠાડી મને અંગ્રેજી નિશાળમાં દાખલ કરાવી દીધો. મોટી કિનારનું ધોતિયું, કડકડતો અંગરખો, ભારેખમ પાઘડી અને ગડીબંધ પિછોડી પહેરી મામાજી જાતે મને નિશાળે મૂકવા આવ્યા હતા. નિશાળના હેડમાસ્તર આત્મારામ દીવાનજી (જેમણે પાછળથી ભૂગોળ પર પુસ્તક લખેલું તે) દાદર ચઢતાં સામા જ મળ્યા: તીખા સ્વભાવનું મોઢું, અમલદારી રૂઆબ, માથે ઍંગલોર કૅપ, તપખીરિયો કોટ અને ખાસ્સી ઊંચાઈ. એ બધા ઉપરથી મારી નજર તો ફરીફરીને ઠરી એમના હાથમાંની સોટી ઉપર, એટલે આપણાં તો હાંજા જ ગગડી ગયાં! ક્લાસ બધા ખુલ્લા, એટલે એક વર્ગમાંથી બધા વર્ગોમાં જે થાય તે દેખાય. ને ઘોંઘાટનું તો પૂછવું જ શું? એવા વિશાળ ખંડમાંથી હેડમાસ્તર અમને એમના ઓરડામાં લઈ ગયા.

'અરે છોટાભાઈ શેઠ! તમે જાતે શું આવ્યા? ચિઠ્ઠી લખત તો બસ હતું.' દીવાનજીએ વિનયથી કહ્યું. મામાજીએ સામો વિવેક કર્યો અને ઉમેર્યું: 'સવિતાનો છોકરો.'

'સવિતા—કોણ?'


'ચુનીલાલ કામેડોરની છોકરી.'

'ઓહ, એમ? બહુ સારીરીતે ઓળખું. એનાં નાટકો પણ વાંચ્યાં છે. હંઅં . . . ત્યારે તમારો—'

'મારો ભાણો—સવિતા મારી સગી ભાણેજ થાય.'

'એમ કે?–ઠીક. આપ પધારો. અને એની કંઇ ચિંતા કરશો નહિ.'

નામ દાખલ થઈ ગયું. મામાજીએ પટાવાળું દફતર વેચાતું મંગાવી આપ્યું. એ ખભે લટકાવીને સવારી નિશાળે જતી. ડેલામાં નિશાળ છ મહિના જ ચાલી. ત્યાંથી ખાલી કરીને ખપાટીએ ચકલે મંદિરમાં લઇ ગયા. વચમાં મંદિર, અને આસપાસના ખંડોમાં વર્ગો, એમ સરકારી મિડલ સ્કૂલ ચાલતી. બાજુમાં હતું છાપખાનું. પાછળ ચંદનવાડી, ત્યાં લગ્નો થાય. બીજી બાજુ મોટા મંદિરનો ટેકરો, ત્યાં મેળા ભરાય. લગનસરામાં લાંબા વરઘોડા નીકળે, વાજાં વાગે ને ધમાલ. હેડમાસ્તર દીવાનજી તો બદલાઈ ગયા અને દેસાઇ



આવ્યા, પણ એક ક્લાસ ટીચર હતા—શુકલ, ગોધરાના. બે પીળા ચાંલ્લા કરે. જરા દેખાવડા; બડા કરતાદ; નવાનવા શિખાઉ એસ. ટી. સી.; ભભકાનો પાર નહિ; ઍંઠ અપરંપાર; પણ આપણા પર મહેરબાની. બધું આવડે, પણ દાખલામાં આપણો ભમરડો. મામાજીને ખુશ કરવા પરીક્ષાને આગલે દિવસે દાખલાનો આખો પેપર ઘેર લઈ આવી, રાતોરાત ઉપર માળીએ બેસાડી, મારી પાસે દાખલા કરાવ્યા. સવારે પરીક્ષા વખતે એમાંનો એકે ન મળે! જેકીસનદાસ દરજી માસ્તર દાખલાના પરીક્ષક હતા. એની ગોળ મખમલની ટોપીમાં બે ત્રણ સોયો હમેશાં રહેતી, એથી કદાચ એને બધા દરજી કહેતા હશે, કે એમનો ધંધો પણ દરજીનો હોય;—કોણ જાણે.

પહેલા અપૂર્ણાંકમાં આંકડો જ ન બેસે! ત્રિરાશીમાં ગાબડું, બહુરાશીમાં ભોપાળું, નફાતોટામાં અંધેર ને પાંતી તો આવડે જ શાની? એકંદરે દસ દાખલામાંથી સરવાળે મીંડું, પરિણામે નાપાસ; અંગ્રેજી પહેલા ધોરણમાં બે વર્ષ!

હવે મામાજીએ બીડું ઝડપ્યું. રાતના બે કલાક દાખલાનું પારાયણ બેઠું. લાકડાવાલા ને ગોખલે. વારાફરતી ચલાવાયા. અવળચંડા અપૂર્ણાંક, તિતાલી ત્રિરાશી, જીવલેણ પાંતી, ચિત્તભ્રામક ચક્રવર્તી વ્યાજ, લોહીચૂસ નફાતોટો ને છેવટે સનેપાત થાય તેવા દાખલા: 'એક ઓરડામાં ૪૦ ફૂટ ઊંચી, ૩૦ ફૂટ પહોળી, અમુકતમુક માપની બે બારીવાળી દીવાલને રંગ લગાવવો હોય તો...?!' આમ દાખલામાં રોજબરોજ બૅંકમાં નાણું મુકાતું. મરઘાંબતકાં વેચાતાં. પાંચ મજૂર અને છ બાળકો ઘર બાંધતાં યા તળાવ કે ઊંડી ખાઈ ખોદતાં, ને એમાં મને દટાઈ જવાનું મન થતું! એક કિલ્લામાં વળી લશ્કર આવે, અને ખોરાક ખૂટી જાય. આ દાખલા મારાથી શે ભણાય? મને આવડ્યા જ નથી. ગણિત મારો કાળ, ભવભવનો દુશ્મન, મારે મન એ ભયંકર ત્રાસ! ગણિતના બનાવનારને હું ગાળેગાળ દેતો.

રવિવારે પણ દાખલાની મ્હોકાણ. રજાને દિવસે પણ બે કલાક ગણિત! અમુક દાખલા કર્યા પછી જ રમવાની રજા. પણ અમુક દાખલા થાય જ નહિ તેનું શું? પણ મામાજી હોશિયાર. એમને આખું ગણિત મોઢે; લેખાંપલાખાંમાં પાવરધા. નફાતોટાના દાખલા તો મોઢે જ કરતા. મારા પર વિશ્વાસ મૂકી મને ગણિત આપી કહે, 'વીસમો ગણી લાવો.' થોડી વાર સ્લેટ પર ટપટપ કરી બંદા પાછળનો જવાબ જોઈ લલકારી દેતા: 'આવ્યો, પાંચ પૂર્ણાંક બે તૃતીયાંશ.' મામાજી કહેતા, 'બને જ નહિ.' પોતે ત્યારે મનમાં ગણતા હોય, યા ગણી પરવાર્યા હોય. ચોપડીનો જવાબ ખોટો ઠરતો. એમ તો ગોખલેના ગણિતમાં પણ એમણે કંઈક ભૂલો સુધારેલી. પણ આપણે એમાં પકડાઈ જતા: 'લાવો રીત બતાવો જોઉં.' પણ સ્લેટમાં રીત શેની ને વાત શેની? બે કલાક વધારે દાખલા ગણવાની સજા!

પહેલા ધોરણથી તે મૅટ્રિક સુધી દાખલામાં બંદા 'ઢ' તે 'ઢ' જ રહ્યા. સો બસો દાખલામાં એકાદ ખરો પડી જતો. સાદા દશાંશ પણ ન આવડે. ગણિતમાં મામાજી ભારે હોશિયાર. નિશાળના શિક્ષકો એમને વર્ડ્ઝવર્થના અઘરા ગણાતા ગણિતના દાખલા પૂછવા આવતા. અને ઘણી વાર વગર કાગળ-પેન્સિલે ગણી આપતા, પણ આપણે એ કિમિયો એમની પાસેથી ન શીખી શક્યા તે ન જ શીખી શક્યા.

ધાંટા પાડ્યા છે, ખિજાયા છે, રિસાયા છે, વધારે કલાક દાખલા ગણવાની સજા કરી છે, રજાને દિવસે રખડવા જવાની બંધી કરી છે, પણ માયાળુ મામાજીએ કોઈ દિવસ હાથ ઉપાડી તમાચો મારવાની સજા નથી કરી. મને ગણિત ન આવડે એનું એમને બહુ દુઃખ થતું. પાઠમાળા શીખવતાં તો આવડતી. પણ ગણિત? અલ્લાયો! મૅટ્રિક કેમ પાસ થવાશે એની મામાજીને હમેશાં ચિંતા રહેતી.

અંગ્રેજી પહેલીથી મૅટ્રિક સુધીની નીસરણી ચડતાં વારેવારે ગણિતના ખૂંટા નડતા. સડસડાટ ચડવાની તો વાત જ ક્યાં, પણ પહેલે જ પગથિયે લપસેલા. એમ પાંચમા ધોરણમાં પણ જ્યુબિલી ઊજવેલી! સેકન્ડ સ્ટૅન્ડર્ડમાં તો 'કૉપી' કરેલી, એટલે જોઈતા માર્ક



મળી ગએલા. મારી આગળ બેઠેલા છોકરાએ બહાદુરીથી અને ભલમનસાઈથી પોતાનો આખો પેપર જ મને ડાબે હાથે પાછળથી સરકાવી દીધેલો, અને આપણે ચાલાકીથી ત્રણ દાખલા રફ પર ઉતારી લીધેલા. આમ મેટ્રિકમાં ચડ્યા. ત્યાંથી કોલેજમાં પણ એમ જ. દાખલામાં નાપાસ. પણ મામાજીએ હેડમાસ્તરને ખૂબ જ કાલાવાલા કરેલા, અને વધારે કાળજી લેવાનાં વચનો આપેલાં, એટલે આગળ વધી શક્યા. પછી તો આલ્જિબ્રા અને જ્યૉમેટ્રીની રાહતે ગણિતનો રાહ કંઈક મોકળો થએલો.

બીજા ધોરણમાં ચડ્યા ત્યારે સરકારી મિડલ સ્કૂલ માટે બાલાજીના ટેકરા ઉપર પાકી બાંધણીનું, કાટખૂણા આકારનું ખાસ મકાન નિશાળને માટે મળ્યું. આ એ જ ઐતિહાસિક બાલાજીનો ટેકરો, જ્યાં રૂપિયા ભરીને ગાડાંઓની હાર જમા થતી! મેં તો કદી એવાં ગાડાં જોયાં નહોતાં, પણ નિશાળ બંધાતાં પહેલાં જ એ ટેકરા પર ભારે આગ લાગેલી તે જોઈ હતી. ત્રણ દિવસ સુધી ત્યાં બંબા પાણી છાંટતા રહેલા તે રોજ જોવા જતા. આગ... સુરત શહેર તો તાપી નદીની રેલ અને ભયંકર આગ માટે પ્રખ્યાત. ને આગ... એકલી સુરતની આગ ઉપર જ જો કોઈ લખવા માગે તો એક રસિક પુસ્તક થાય. ઊછરતા નવજુવાન સંશોધક લેખક રુસ્તમ મારશલ જેવા એ કામ કરી શકે.

એ ટેકરો એટલે ઊકરડો. આસપાસનાં ઘરો અને મંદિરોમાંથી જાતજાતનો કચરો ત્યાં નંખાતો. આગ પછી આસપાસનાં બળેલાં ઘરના દાંડા પણ ત્યાં એકઠા થએલા. એવા ટેકરા પરની રાખમાંથી નિશાળ ઊભી થઈ. મકાન જરા સારું હતું. અલબત્ત, સરકારી મકાનોમાં કલાકૌશલ્યને રૂખસદ આપવામાં આવે છે, એ વાત તો ધ્યાન ખેંચે એવી હતી ખરી; છતાં બીજે માળે એમાં એક ડ્રૉઈંગ ક્લાસ હતો. એક બાજુ કૂવો, પાસે બાલાજીનું જૂનું જાણીતું મંદિર, બીજી બાજુ જરીકસબના કારીગરોનાં મકાનો, અને નિશાળ સાથે નાનકડું કૉમ્પાઉન્ડ,—એવું કે ક્રિકેટમાં શૉર્ટ લેગ ઉપર ફીલ્ડર ઊભો રહે તોપણ તેને બાઉન્ડરી લાઇન પર ઊભા રહેવું પડે, અને મિડ-ઑન વાળાને તો બહાર જ જવું પડે! છતાં ત્યાં જ અમારી કપ મૅચો રમાતી! અને અમે બારબાર ફટકાને હિસાબે બરાબર છ અઠવાડીએ બે વાર મુકરર, એ હિસાબે ક્રિકેટની શરૂઆત કરેલી!

મંછુ શરાફ કરીને એક લાંબો વિદ્યાર્થી અમારી સાથે ભણતો. ઊંચાઈને લીધે ડ્રિલમાં એ પહેલો ઊભો રહેતો, ક્લાસમાં એ છેલ્લો બેસતો! નિશાળમાં એ કશું જ નહિ ભણતો, છતાં ત્યાં વેપાર કરતો. બોલવામાં ખૂબ ઝડપી. સ્વભાવે પાકો ને જનસ્વભાવનો ઊંડો અભ્યાસી. અફલાતુન જબાન બોલતો. ભાષામાં વિશેષણનું મહત્ત્વ અમે એની પાસેથી જ શીખ્યા હતા. ઝડઝમકનું પિંગળ પણ એની જીભે વશ હતું. શબ્દકોષમાં શોધ્યા ન જડે એવા સૂચક શબ્દોનો ભંડાર અમે એની પાસેથી વધાર્યો. નગીનદાસ કાજી માસ્તર અમને વ્યાકરણ લાકડાની પટ્ટી મારીમારી શીખવતા. કવિતા એક ગોખણવેડાનું સાધન હતું. પણ મંછુ અમને જાતજાતની ભાષા ભણાવતો અને કવિતા લલકારી સંભળાવતો. એમાં પ્રાસ રહેતા, અર્થ સ્પષ્ટ થતા, અને એને અમે વીંટળાઈ વળી સાંભળતા. જે વાંચતાં કંઈક ચોખલિયા ભડકી ઊઠે એવા દોહરા તો એ જાતે જ બનાવતો. પાસે એક ખાસ્સી દાબડી, અને એમાં નાનીનાની દસબાર શીશીઓ રાખતો. એમાં જાતજાતનાં ચૂરણો ભરતો, અને તે વિદ્યાર્થીઓમાં પૈસે પૈસે વેચતો. સિંધાલૂણ, જીરૂં, અજમા વગેરેને વાટી ચારપાંચ જાતનાં અને જુદાંજુદાં રંગનાં ચૂરણો એ બનાવતો. સાથે જીન-

તાનની ગોળીઓ પણ વેચતો.

નાની ડાબડીમાંથી મોટું જોરતાન થયું, અને એમાંથી ફૂટપટ્ટી-રબર વેચતો થયો. ટિકડી-પીપરમીટમાં એને રસ નહોતો: 'સાલા એમાં તો દાંત ખરાબ થાય; ચૂરણ જ સરસ, કે બેટમજી પેટ તો બરાબર રહે!' બધાનો માનીતો ને રોકડાનો વેપાર,–ઉધાર કોઇને નહિ; એટલે એનું ગાલ્લું આમ તો સારું ચાલતું; પણ ભણવામાં મીંડું.

'મારો બાપ કાં અંગ્રેજી ભણેલો કે હું ભણું? આ તો ઠીક છે મારા ભાઈ, ઘેર બેસી માખો મારીએ એના કરતાં આ સું ખોટું? સાલા કાઢી મૂકસે તારે વાત. હમણાં તો તણતણ વરસ દરેક ક્લાસ-માં રહીસું. એટલામાં બધા જ ઘરાક બંધાઇ જસે. અને પછી જુઓ રાજ્જા! બાલાજીના ટેકરા પર એવી તો દુકાન કાઢુંછ, કે મારસ્તર સુદ્ધાં મને સલામ કરસે.'

એક દિવસ મંછુએ હેડમારસ્તરના છોકરાને ચૂરણ ચખાડયું, ને તરત જ વેચ્યું; અને 'હિસાબ કોડીનો' સુણાવી દીધો. પેલા પાસે પૈસો નહિ, ને વાત વધી. અમે બહુ યે સમજાવ્યો, પણ મંછુ માને શાનો? અમારામાંથી એક જણ ચૂરણની કિંમત આપી દેવા તૈયાર થયો, પણ મંછુભાઈ કોઈ પણ હિસાબે નમતુ આપવા તૈયાર નહોતા: 'ફી, સાલા કેવી બીજી તારીખે ગણી લે છે! બે દિવસ મોડી આપીએ તો દંડ કરે છ. તો હું સેનો પૈસો જવા દઉં? હેડ મારસ્તર-ની એસીતેસી!' મંછારામ જ્યારે વેપારની વાતો કરતા ત્યારે પોતે વિદ્યાર્થી છે એ ભૂલી જ જતા.

હેડમારસ્તર સોટી લઇને નીકળ્યા. જુબાનીઓ લેવાઈ. કેટલા જણા ચૂરણ વેચાતું લે છે તેનો આંક મંડાયો. થોડા કબૂલ થયા, તેમને મંછુએ જ બૂમ પાડી કહ્યું કે 'બધ્ધા જુઠું બોલજો. કોઈ કૈં કહેતા નહિ. હું ચૂરણ વેચું અને છોકરાઓ ચૂરણ ખાય એમાં હેડમારસ્તરના બાપ-નું શું જાય?' વાત બહુ વધી ગઈ. બેત્રણ જણાએ માર ખાધો.

'એસીતેસી !'



આખરે મંછુને ડિસમિસ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. એને ભણતાં જ નથી આવડતું અને નાપાસ થાય છે, એવો શેરો પડયો.

મંછુ રોજ નિયમિત નિશાળે આવે. તે એક દિવસ ન આવ્યો. તે દિવસ ફી લેવાનો હતો. એની ફી નથી આવી એટલે એને ડિસ-મિસ કરવામાં આવે છે એવો હેડમારસ્તરે સર્ક્યુલર કાઢયો. ત્યાં તો ફક્ત બે જ કલાકમાં ખબર આવ્યા કે મંછુ એકાએક હૃદય બંધ પડવાથી ગુજરી ગયો છે! આવા કારણે સરકારી નિશાળમાં રજા તો શાની પડે? પણ કોઈ શિક્ષકે વર્ગ લીધો નહિ; અને લીધે ત્યાં કોઇ નિશાળિયો ભણ્યો નહિ. પાણીની ઓરડી પાસે પાણી પાનારો ઘરડો બ્રાહ્મણ થોડા છોકરાઓની વચ્ચે ડુસકે ડુસકે રડતો હતો. (ચાલુ)



વિપરીતકરણી

શરીર, મન અને જ્ઞાનતંતુઓ, ત્રણેને સ્વસ્થ રાખતી યોગાસનોની વ્યાયામ પદ્ધતિ: હપતો-૩

જેને શીર્ષાસન પણ ન ફાવે અને સર્વાંગાસન પણ ન ફાવે તે આ વિપરીતકરણી વડે એ બન્ને આસનોનો ફાયદો મેળવી શકે. આ ક્રિયાથી છ મહિનામાં ઘરડું શરીર જુવાન થઈ જાય છે એમ યોગનાં જૂનાં પુસ્તકોમાં લખ્યું છે. એ ગમે તે હોય; પણ એમાંથી એક 'જિહ્વાબંધ' બાદ કરીએ, તો પહેલાં બંને આસનો કરતાં એમાં ઓછી મહેનત છે એ વાત ચોક્કસ. જિહ્વાબંધ એક સ્વતંત્ર ક્રિયા છે. એમાં જીભને તાળવે લગાડવાની છે. પણ એ ક્રિયા કોઇ નિષ્ણાત પાસેથી શીખીને પછી જ કરવી.


આ આસન કરવા માટે પ્રથમ સર્વાંગાસનની જેમ સૂઇ જાઓ. હવે બન્ને પગને ૯૦ અંશ-નો ખૂણો થાય ત્યાં સુધી તે જ પ્રમાણે ઊંચકો. પછી હાથનો ટેકો આપી કમરના ઉપરના ભાગના શરીરને અદ્ધર કરો. પણ આમાં શરીરને સર્વાંગાસન જેટલું ઊંચું લેવાનું હોતું નથી. માથાનો પાછળનો ભાગ, ડોક ને ખભાના બધા સ્નાયુઓને જમીનને અડકેલા રાખવા. છાતી દાઢીથી દૂર રાખવી. આંખો કાં તો બંધ રાખવી, કાં પગના અંગૂઠા પર ઠેરવવી. આટલું કર્યા પછી જિહ્વાબંધ કરવાનો હોય છે. પણ જેને તે ન ફાવે તેમણે આટલે આવીને અટકવું. આટલું કરવાથી પણ શરીરને ખૂબ ફાયદો થાય છે. કેટલાક ભાઇઓ તો આમાં બતાવ્યા પ્રમાણે શરીર રહી શકે એવી લાકડાની પેટી બનાવે છે. તેમાં તેઓ વિપરીતકરણી અનાયાસે કરી શકે છે અને તે નિયમિત કરતા રહીને પેટનાં અનેક દર્દોને દૂર કરી શકે છે.

દામુભાઈ શુક્લ

પોતાની કરાળતા અને વિશાળતાથી 'સાગર'નું બિરદ પામેલી ગુજરાતની મહાનદી

મહી

લેખક
અમૃતલાલ વ. પંડયા



ભૌગોલિક, પૌરાણિક અને ભૂસ્તરશાસ્ત્રીય માહિતી આપતો આ અભ્યસનીય લેખ આ સાથેના બે નકશાઓની મદદથી વાંચવાથી વિશદ ને રસમય બનશે.

ગુજરાતની મુખ્ય નદીઓ ચાર: સાબરમતી, મહી, નર્મદા અને તાપી. મહી નદી મુખત્વે ખડકો, પર્વતો અને વનોના પ્રદેશમાંથી વહેતી હોવાથી નર્મદા વગેરેના કાંઠે જેમ પુરાતન કાળમાં જુદીજુદી પ્રજાઓ વસી અને નગરો ઊભાં થયાં તેમ, એના ચરોતરમાંના ભાગને બાદ કરતાં, બન્યું જણાતું નથી.

ગુજરાતની પૂર્વોત્તરે માળવાનો ઉચ્ચ પ્રદેશ આવેલો છે. તેજવાળા-મુખીના કાળા ખડક, એટલે કે સોપાન શિલાઓ (Deccan traps)નો રચાએલો છે. માળવાના આ ઉચ્ચ પ્રદેશમાં વિંધ્યાચળના શિખરભાગ આગળથી, પૂર્વથી પશ્ચિમ તરફ ગણત્રી કરતાં, અનુક્રમે આટલી નદીઓ નીકળે છે: [તેમના નામની પડખે કૌંસમાં તેમનાં પ્રાચીન નામ આપેલાં છે] દસાન (પ્રાચીન દશાર્ણ); બેતવા (પ્રાચીન વેત્રવતી, જેના કાંઠે સાંચી=પ્રાચીન કાકનાદ, વિદિશા=હાલનું બેસનગર કે ભેલસા ઈત્યાદિ ઐતિહાસિક ગામો આવેલાં છે); સિન્ધ, પાર્વતી (પ્રાચીન પારા), કાલી સિન્ધ (પ્રાચીન નિર્વિન્ધ્યા), ક્ષિપ્રા, ચંબલ (પ્રાચીન ચર્મણ્વતી) અને મહી. [જુઓ ત્રીજે પાને મોટો નકશો]

એમાંની બીજી બધી નદીઓ ઉત્તર તરફ વહી, પછી પૂર્વ તરફ વળી

અંતે યમુનાને જઈ મળે છે ને યમુના ગંગાને મળે છે, આ પ્રમાણે માળવાની આ બધી નદીઓ પૂર્વવાહિની છે. એમાં અપવાદ રૂપે એક માત્ર મહી છે, જે પશ્ચિમવાહિની છે. તે સરદારપુર પાસેથી નીકળી, પહેલાં તો સવાસો માઈલ જેટલે પશ્ચિમોત્તર તરફ સીધી ચાલી જાય છે; અને પ્રતાપગઢ આગળ એકાએક લગભગ ૩૫ અંશનો વળાંક લઈ, દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં ગુજરાત તરફ વળી જાય છે. આ વિસ્તારમાં મેવાડપ્રદેશની બધી નદીઓ એક પછી એક તેને મળે છે.

મેવાડની દક્ષિણે મહી જ્યાં આ અસામાન્ય પ્રકારનો (નદીઓની બાબતમાં) વળાંક લે છે, ત્યાંથી ભાષાદૃષ્ટિએ, ગુજરાત શરૂ થઈ જાય છે. પછી તે વાંસવાડા અને ડુંગરપુરના પ્રદેશોનો સીમાડો બાંધતી ખંભાતના અખાતની દિશામાં આગળ ચાલે છે. આ બધો પ્રદેશ જંગલોથી ભરપૂર હોઈ ડુંગરાળ છે અને તેમાં ખનીજો ખૂબ છે. એ 'વાગડ' કહેવાય છે. વાગડ એટલે વગડો કે વન. ગુજરાતમાં ત્રણ વાગડ છેઃ એક તો આ વાગડ; બીજો વાગડ ઉત્તર ગુજરાતમાં વઢિયાર પ્રદેશ આગળ; અને ત્રીજો કચ્છમાં. આ વાંસવાડા-ડુંગરપુરના પ્રદેશો ગુજરાતી બોલનારા છે ને અહીંની પ્રજાએ તો ગુજરાત સાથે જોડાવા માગણી પણ કરેલી, પરંતુ હાલ તો તેમને રાજસ્થાન સાથે સાંકળી રાખવામાં આવ્યા છે. પણ તેમનો ભાષાકીય, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને વ્યાપારિક સંબંધ ગુજરાત સાથે જ છે. આ પ્રદેશમાં મહીને કાંઠે ગલિયાકોટ નામનું વહોરાભાઈઓનું તીર્થસ્થાન છે, જ્યાં જાત્રા માટે તેઓ મોટી સંખ્યામાં જાય છે.] પાછળ નકશો જુઓ.]

ગલિયાકોટથી થોડે આગળ મહી લુણાવાડાના પ્રદેશમાં પ્રવેશ કરે છે. આ પ્રદેશની ભૂગોળને લગતું આપણું જ્ઞાન ઘણું ઓછું છે. બાલાસિનોરને થોડેક છેટે પશ્ચિમે રાખી, મહી જે પ્રદેશમાં હવે આવે છે તે મહીકાંઠો કહેવાય છે. અહીં તે અરવલ્લી પર્વતમાંથી બહાર નીકળી મેદાનમાં આવે છે. આ મેદાનપ્રદેશ, લોએસ Loess નામની ઘણી બારીક ને લીસી ગોરાટ માટીનો રચાએલો છે, ને એ પોચી માટીમાં મહીના પ્રવાહે ઘણાં જ ઊંડાં કોતરો પાડચાં છે. ગુજરાતમાં આ 'મહીનાં કોતરો' જાણીતાં છે, અને તે ધાડપાડુ ને લુટારાને સંતાઇ રહેવા માટે આદર્શ સ્થળ ગણાયાં છે. એવાં જ ઊંડાં કોતરો, પૂર્વથી પશ્ચિમે અરાવલ્લીની તળેટીએ તળેટીએ મહીની જેમ બીજી નદીઓ (વાત્રક, મેશ્વો, સાબરમતી વગેરે)એ પણ પાડચાં છે. [જુઓ પાછળ નાનો નકશો] મહાક્ષત્રપ રુદ્રદામનના ઈ. ૧૫૦ ના ગિરનારના ખડકલેખમાં તેણે આનર્ત અને સુરાષ્ટ્ર સાથે જે 'શ્વભ્ર' પ્રદેશ જીત્યાની નોંધ આપી છે તે, મારા ધારવા પ્રમાણે ગુજરાતનો આ કોતરવાળો પ્રદેશ જ હોવો જોઇએ; કારણ કે 'શ્વભ્રનો' અર્થ 'કોતર' થાય છે સાબરમતીનું મૂળ નામ પણ 'શ્વભ્રમતી' હતું.

આ પ્રદેશમાં, સેવાલિયા આગળ, આણંદ-ગોધરા રેલવે લાઈન પર મહીનો પૂલ આવે છે. મહી પર આ બીજો પૂલ છે. પહેલો રતલામ અને દાહોદ વચ્ચે પંચપિપલ્યા સ્ટેશન આગળ આવે છે; [જુઓ સામે નકશો] ત્રીજો આણંદ અને વડોદરા વચ્ચે વાસદનો જાણીતો પૂલ છે. સેવાલિયા આગળ મહી પશ્ચિમ તરફ વળે છે અને સાતેક માઈલ ઠાસરાના સાન્નિધ્ય સુધી રેલવે લાઈનની હારોહાર, તેનાથી બે માઈલ છેટે રહીને, વહે છે. [જુઓ નાનો નકશો] ડાકોરથી ઠાસરા, આંબાવાવ, અંગાડી ને માલવણ થઇ સેવાલિયા સુધી પાકી સડક છે [જુઓ નાના નકશામાંનો પેટા નકશો] અને તેના પર દિવસમાં ચારેક વાર ડાકોરથી સેવાલિયા સુધી બસ દોડે છે. સેવાલિયાથી બાલાસિનોર પણ બસ જાય છે. ડાકોર-સેવાલિયા સડક ઉપર ઠાસરા અને અંગાડી વચ્ચે જે આંબાવાવ ગામ આવે છે ત્યાંથી એક પાકી સડક સરનાળ થઇ મહીના કાંઠે છેક ગળતેશ્વરના મંદિર સુધી જાય છે. મહીને મળનારી ગળતી નદીને કાંઠે આવેલું ગળતેશ્વર ત્યાંથી અઢી માઈલ થાય છે. [જુઓ નાના નકશામાં પેટાનકશો.]


બાલાસિનોર પાસે મહીના કાંઠે તથા સાવલી નજીક મહી ઉપર જૂનાં દેવાલયો છે. ગળતેશ્વરની સામે વરસડા છે (જે પેટા-નકશામાં વરસરા તરીકે છપાયું છે). ત્યાંથી ડેસર સુધી પાકી સડક છે, અને મહાશિવરાત્રીને દિવસે મહીને કાંઠે વરસડામાં મોટો મેળો ભરાય છે. ડેસર અને તેની આસપાસ મહીના તટપ્રદેશે બ્રૂસફૂટ નામના ભૂસ્તરશાસ્ત્રીને ઈ. સ. ૧૮૯૩માં પ્રાગૈતિહાસિક અવશેષો મળી આવ્યા હતા. એ રીતે આ ડેસર મહીનદીની કૂપર્યિકા (તટપ્રદેશ) માં એક અગત્યનું પુરાતન સ્થળ જણાય છે. આ ડેસર મહીની પૂર્વ દિશામાં ટીંબા અને સમલાયા વચ્ચે નાની રેલવે લાઇન ઉપર એક સ્ટેશન છે. ડેસરની આ કેટલીક માહિતી એક વાચક ભાઈ કમલકુમારે ગળતેશ્વરનો લેખ વાંચીને મોકલી છે.

ગળતેશ્વરના સાન્નિધ્ય લગભગથી મહી નદી પહોળી થવા લાગે છે ને તેથી 'મહીસાગર' કહેવાતી જાય છે. આ મહીસાગર તે ચરોતર પ્રદેશનો પૂર્વ સીમાડો. મહી અને ઢાઢરની વચ્ચે આ પછીનો પ્રદેશ વાંકળ કહેવાય છે. [જુઓ નાનો નકશો] ત્યાંથી વહેતી મહીસાગર ખંભાત આગળ ખંભાતના અખાતને મળે છે. એના મુખની પશ્ચિમે ખંભાત અને દક્ષિણે કાવી બંદરો છે. કાવી પૂર્વકાળમાં કર્પાશિકા કહેવાતું, કારણ ત્યાંથી ભરૂચના કાનમપ્રદેશનો કપાસ, કે જે હિંદના દેશી કપાસમાં સૌથી સારો ગણાય છે તે, પરદેશ ચડતો હતો. મહીના ઉદ્ગમથી મુખ સુધીની કુલ લંબાઈ લગભગ ૩૫૦ માઈલ છે.

આ પણ પ્રાચીન સાહિત્ય જોતાં મહીનું નામ વાલ્મીકિ રામાયણના કિષ્કિંધાકાંડમાં મળી આવે છે. મહાભારતમાં (ભીષ્મપર્વ, અધ્યાય ૯માં) તેને 'મહિતા' કહી છે અને તેની ઉત્તરના પ્રદેશને 'મહ્યુત્તર' કહ્યો છે, જે મહીસાગર-સંગમની ઉત્તરે આવેલ પ્રદેશ કહ્યો હશે. એ મહીકાંઠો હોવો જોઇએ. પુરાણોમાં પારિપાત્ર પર્વતનું નામ ઘણે સ્થળે આવે છે. પારિપાત્ર એટલે હાલનો અરાવલ્લી ને તેની સાથે પૂર્વમાં જોડાએલો વિન્ધ્યાચલનો ભોપાલ સુધીનો ભાગ. વૈદિક સાહિત્ય અને મનુસ્મૃતિમાં આર્યાવર્તનો દક્ષિણ સીમાડો આ પારિપાત્ર પર્વતને કહ્યો છે. પુરાણો પ્રમાણે આટલી નદીઓ પારિપાત્ર પર્વતમાંથી નીકળે છેઃ વેત્રવતી (બેતવા), સિન્ધુ (માળવાની સિન્ધ), કાવેરી (ઓમકાર-માંધાતા આગળ નર્મદાને મળતી), પારા (પાર્વતી), શિપ્રા (ઉજ્જૈનવાળી), નર્મદા, મહતી (મહી), વૃત્રઘ્ની (વાત્રક) અને પર્ણાશા (બનાસ, પાલનપુર-રાધનપુર વાળી).

પુરાણોમાં મહીના પ્રદેશને 'માહેય' કહ્યો છે અને તેની ગણત્રી અપરાન્ત (અપર=પશ્ચિમ+અંત=છેડો: પશ્ચિમનો છેડો, એટલે હિંદનો પશ્ચિમ સાગરકાંઠો)ના એક પ્રદેશ તરીકે આ રીતે કરી છેઃ આનર્ત, અર્બુદ, સૌરાષ્ટ્ર, કચ્છ, સારસ્વત (પાટણવાડો), ભારુકચ્છ (ભરૂચનો પ્રદેશ કાનમ), માહેય, આન્તર્નર્મદ (રેવાકાંઠો), શૂર્પારક (સોપારા-મુંબઈ), ને નાસિક્ય (નાશિક). પુરાણોમાં 'ભારુકચ્છાસમાહેયાઃ' આવો પ્રયોગ બહુ આવે છે. આમ, મહીપ્રદેશની ગણત્રી પશ્ચિમ સાગરકાંઠાના એક પ્રદેશ તરીકે કરેલી હોવાથી જણાય છે કે આ નામ મહીતટના ગુજરાતપ્રદેશ માટે—ખાસ કરી મહીકાંઠા ને ચરોતરના પૂર્વ ભાગ માટે પ્રાચીન કાળમાં વપરાતું હતું.

વળી સ્કંદ પુરાણમાં મહીતટના પ્રદેશ માટે 'કુમારિકા ક્ષેત્ર' નામ પણ મળી આવે છે. એની ઝીણી વિગતો શ્રી રત્નમણિરાવે પોતાના 'ખંભાતના ઇતિહાસ'માં ચર્ચી છે. મહીસાગર-સંગમનું



ઉત્તર અને મધ્ય ભારતમાં આવેલા આપણા પર્વતોની રચના તથા નદીઓનાં વહેણો વગેરે દર્શાવતો આ નકશો, મહી નદી વિષેના લેખની સાથોસાથ જોતા જવાનો છે. તે ઉપરાંત, આ નકશામાં ઉપલે ડાબે ખૂણે 'પર્વતો' અને 'નદીઓ'ના મથાળા નીચે આપેલું લખાણ, તથા નકશામાં બતાવેલા પ્રાચીન રાજમાર્ગો તેમજ આધુનિક નામોને પડખે આપેલાં તેનાં પ્રાચીન નામ પણ રસમય છે.

સ્કંદ અને થોડાંક બીજાં પુરાણોમાં ખૂબ મહત્ત્વ છે.

અસુરો અને દેવો વચ્ચે થયેલા દેવાસુર-સંગ્રામો તો પ્રસિદ્ધ છે. એક દેવાસુર-સંગ્રામમાં અસુરો હાર્યા, એટલે તેમની વચ્ચે તારક નામનો અસુર થયો.એણે પારિપાત્ર પર્વત (આરાવલ્લી) પર બ્રહ્માનું તપ કર્યું કે તે દેવોને હરાવી શકે. બ્રહ્માએ કહ્યું કે નાના બાળક સિવાય તને બીજું કોઈ મારી શકશે નહિ. તારકે મહીસાગર-સંગમ આગળ પોતાને માટે તારકપુર નામનું નગર વસાવ્યું ને દેવો સાથે યુદ્ધ કરી તેમને હરાવ્યા. દેવો બ્રહ્મા પાસે ગયા એટલે બ્રહ્માએ કહ્યું કે તેને બાળક મારી શકશે. આથી દેવોએ શિવના બાળક પુત્ર કાર્તિકેયને તેને મારવા કહ્યું. કાર્તિકેયે તારકનો વધ કર્યો અને દેવો અસુરો પર વિજયી થયા. આની ખુશાલીમાં તેમણે મહીસાગર સંગમ પાસે વિજયનો સ્તંભ રોપ્યો ને આ સ્થાન સ્તંભતીર્થ તરીકે પંકાયું, જે પાછળથી ખંભાત થયું. આ જૂનું ખંભાત તે હાલનું નગરા, કે જે ખંભાતની ઉત્તરે પાંચ માઇલ પર આવેલું છે.તારકપુર તે હાલના પેટલાદ અને ખંભાત વચ્ચેનું તારાપુર. ત્યાં અમને એક શિલાલેખ મળી આવ્યો છે તેમાં એનું મૂળ નામ 'તારકપુર' આપેલું છે. વળી તારાપુરમાં તારક દૈત્યનો એકટે કરો છે,એની પણ અમે તપાસ કરી છે.

મહીની ખાસ અગત્યમાં તો આ છે કે જ્યારે નર્મદાના મુખથી ભરુકચ્છનું પુરાતન બારું પુરાયું ત્યારે હિંદના મુખ્ય બંદર તરીકે તેનું સ્થાન મહીમુખે આવેલા ખંભાતે લીધું. ખંભાત હિંદનું મુખ્ય બારું બનતાં હિંદના જુદાજુદા ભાગોમાંથી ત્યાંથી આયાત-નિકાસ માટે નવા રસ્તા વિકાસ પામ્યા. ખંભાતથી ફંટાતા પુરાતન માર્ગો વિષે વલ્લભવિદ્યાનગરના સંસ્થાપક અને ચેરમેન શ્રી ભાઇલાલભાઈ ડી. પટેલ ઊંડું અને વિશદ જ્ઞાન ધરાવે છે. તેઓ સડકોના બાંધકામના વિષયમાં હિંદમાં નિષ્ણાત મનાય છે અને પ્રજાસત્તાક હિંદમાં સડકોના બાંધકામ તથા વિકાસ પરત્વે તેમણે અંગ્રેજીમાં પ્રમાણભૂત ગ્રંથ લખ્યો છે. શ્રી ભાઇલાલભાઈના સંશોધન પ્રમાણે ખંભાતથી સોજિત્રા સુધી મોટો રાજમાર્ગ જતો. અહીં તેમાંથી ત્રણ રસ્તાઓ ફંટાતા: પહેલો ખેટક (ખેડા), કર્ણાવતી (અમદાવાદ), મોઢેરા અને પાટણના માર્ગે ભિન્નમાલ જતો; બીજો નડિયાદ, મહુધા, કપડવણજ અને મોડાસા થઈ ચિતોડ જતો અને ત્યાંથી પૂર્વ રજપુતાના તથા મધ્ય ભારતમાં થઈ કનોજ જતો.ત્રીજો માર્ગ સોજિત્રાથી ફંટાઇ પેટલાદ અને ડાકોર પર રહી ગળતેશ્વર આગળ મહીને ઓળંગતો અને પછી ત્યાંથી ગોધરા, દાહોદ વગેરેને રસ્તે ઉજ્જૈન જતો. અને ઉજ્જૈનથી તે વિદિશા (ભેલસા), કૌશાંબી, કાશી ને પાટલીપુત્ર વગેરે સ્થળે જતો. [જુઓ મોટો નકશો.]

આ પ્રમાણે જે સ્થળે હાલ ગળતેશ્વર છે ત્યાં ખંભાતથી માળવા–મધ્ય હિંદનો મહામાર્ગ મહી નદીને ઓળંગતો, અને એથી અહીં જે શહેર વિકાસ પામ્યું તે સરનાળ. સરનાળ ગળતેશ્વર આગળ જ છે અને ગળતેશ્વરનું મંદિર સરનાળની હદમાં આવેલું છે. ગયા અંકમાં એ ગળતેશ્વરના મંદિરના પ્રવાસનો વિસ્તૃત લેખ આવી ગયો તે તો સૌ વાચકોના ખ્યાલમાં હશે. (સંપૂર્ણ)

ડૉ૦ હરિપ્રસાદ દેસાઇ (અનુસંધાન પૃ૦ ૧૯૫થી ચાલુ)

એમાંથી જ ડાકટરે પોતાના જીવનનું જ્યોતિર્મય સજીવ તત્ત્વજ્ઞાન ઘડી કાઢયું હતું ને અટલ શ્રદ્ધાથી તેને વ્યવહારમાં ઉતાર્યે જતા હતા. એવાઓમાં યે ખરાખોટાની તેમને પરખ થઈ જતી, પણ દરેક સાથેનો વિનય તે સાચવી લેતા.

એમનું તત્ત્વજ્ઞાન કેટલું સુદૃઢ અને ક્ષમતાભર્યું હતું તેની પ્રતીતિ તો ૧૯૩૪માં તેમના પ્રિય વચેટ પુત્ર વિષ્ણુના મૃત્યુ પ્રસંગે થઈ. અમે નીલગિરિના આવાસમાં હતા, ત્યાં સવારમાં ટ્રંક કૉલ આવ્યો કે 'વિષ્ણુનો તાવ ઊતરતો નથી અને તબિયત ગંભીર છે. સાંજે ફરી ખબર દઈશું.' સાંજ સુધી અમારો નિત્ય ક્રમ ચાલુ રહ્યો. સાંજે જમતા હતા ત્યાં ટ્રંક કૉલ આવ્યો. ચૈતન્યપ્રસાદે ઊઠીને ફોન લીધો, અને ડાકટરને બોલાવ્યા. તે વખતે દીવાનજીનું મોં ગંભીર હતું, એટલે સૌને લાગ્યું કે સમાચાર સારા નથી. ત્યાં ડાકટર ફોન પર જરા તરડાતે સ્વરે બોલી ઊઠયા: 'કોણ ઈન્દુ ? હેં ? ભાઈ ગયો ? રામ ! રામ ! હું કાલે જ નીકળું છું.' સૌને લાગ્યું કે ડાક્ટર આ પ્રસંગે વિમૂઢ બની જશે. પણ તેમણે એટલું જ કહ્યું કે 'તમે ગભરાશો નહિ. હું ખમી શકું છું. મારું જ્ઞાન મને ક્યારે કામ લાગશે ? નહાવાનું પાણી કઢાવો.' એમની લાગણીઓને સમાધાન વડે દબાવતાં તેમણે રાત કાઢી ને બીજે દિવસે એકલા ચાર દિવસનો પ્રવાસ ખેડી અમદાવાદ ગયા.

એમના જેલજીવનના પ્રસંગો તો અનેક સાથીદારોનાં હૃદયોમાં યાદગાર બન્યા છે. જેલમાં તેમણે જુદાજુદા પ્રાંતના દેશસેવકોનો સંપર્ક સાધ્યો અને ભારતની એકતાની પ્રતીતિ મેળવી. ત્યાં પણ કળા, સંસ્કૃતિ ને સાહિત્યમાં નવું ચિંતન કરતા જ હોય. એ બધું તો એમની ૧૯૩૦ની સાલથી લખાતી આવતી મોટી જેલ-ડાયરીઓમાં વિગતવાર નોંધાયું છે; અને એમની આનંદી પ્રકૃતિના નમૂના રૂપ હસ્તલિખિત પત્રિકાઓ 'જેલ-લીલા' અને 'ભસેગા-કાટેગા'ના અંકોમાં ખીલેલું તેમનું હાસ્ય તેમના ઉલ્લાસમય જીવનનું પ્રતિબિંબ છે. જીવનના ઘણા વહેલા કાળથી તેઓ નિયમિત રોજનીશી લખતા, અને તેમાં રોજના પ્રસંગો, વાચન અને અવલોકન, ઉપરાંત ચિંતન, મનોમંથન તથા આત્મશોધન નોંધતા. તે પૈકી અમુક સમયની રોજનીશીનો તો નાશ કર્યો છે. તેનો પ્રકાર સમજવા માટે આ સાથે ચોકઠામાં તેનાં થોડાં અવતરણો આપ્યાં છે.

એમની સાથેના પ્રસંગોમાં કોઇને કદી અણગમા કે કંટાળાનો અનુભવ થતો નહિ. ઊલટું એમની સાથે ફરવા જવું, પ્રવાસ કરવો કે વાચન કરવું વા પ્રદર્શન જોવું એ જીવનની અનેરી મઝા રૂપ હતું. કળાના દરેક પ્રસંગે એ મારી પાસેથી પ્રશ્નો પૂછીપૂછીને તેનું રહસ્ય સમજવા પ્રયત્ન કરતા, અને હિંદની કળાના બધા પ્રવાહોનો તેમણે એ રીતે સરસ પરિચય કર્યો હતો. ઘણા પ્રસિદ્ધ કળાકારો અને વિદ્વાનો સાથે સીધા સંવાદો કરી પોતાના પ્રશ્નોનાં નિરાકરણ તેમણે શોધ્યાં હતાં. તાજેતરમાં યુનેસ્કો તરફથી અમેરિકા અને યુરોપના આજના સંપ્રદાયનાં 'મૉડર્નિસ્ટ' ચિત્રોનું પ્રદર્શન મુંબાઈમાં આવ્યું હતું. એ કૃતિઓની વિચિત્રતા જોઇને સાધારણ માણસ તો અકળાઈ જ જાય. પણ એમણે તો મારો હાથ પકડી એ પ્રદર્શનના એકેએક ચિત્ર પાસે મિનિટો સુધી મારી ચર્ચા સાંભળી. એ બધાં જ વિષે હું પણ અનુકૂળ મતનો નહોતો, છતાં તેમણે મારા વક્તવ્યમાંથી એ કળાશૈલીનું આજનું નવું દૃષ્ટિબિંદુ મનમાં ઉતારી સંતોષ લીધો.

આવા અનુરાગી ને સમાનધર્મી છતાં ઉદાત્ત ને ઊર્ધ્વગામી એ સન્મિત્ર મારા જીવનનો મહાન સમૃદ્ધિભંડાર હતા. જાહેર પ્રજાએ તેમને ઓળખ્યા તે પહેલાં ૧૯૧૮થી હું તેમનો અંતેવાસી બંધુ અને શિષ્ય થવાનો લ્હાવ માણી ચૂક્યો હતો. એમણે ગુજરાત આગળ ઘણી ભાવનાઓ અને સ્વપ્નાં મૂકયાં છે. તેમણે કદી સ્વાર્થ જોયો નહોતો, કીર્તિ શોધી નહોતી; છતાં માણસના ગયા પછી તેનું મૂલ્યાંકન કરનારા પરખંદાઓ તો સમજશે કે તેમની સાથે મુકાય એવા શોધ્યા જડવાના નથી. ગુજરાત એમનાં આદર્શો અને ભાવના સિદ્ધ કરશે ત્યારે જ એમને યોગ્ય શ્રદ્ધાંજલિ પૂર્ણ થશે. (સંપૂર્ણ)

કેટલીક વિરલ ધાતુઓ

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ.એસસી., પીએચ.ડી.

પ્લૅટિનમથી ત્રણ ગણી સખત. . .**ટંગ્સ્ટન**
એલ્યુમીનિયમ અને લોખંડ બંનેના ગુણ ધરાવતી. . .**ટિટૅનિયમ**
માણસના શરીરમાં હાડકાંને બદલે નાખી શકાય એવી. . .**ટેન્ટાલમ**
તેજાબ જેને અસર કરી શકતો નથી એવી. . .**ઝિર્કોનિયમ**
ગજવેલને અજબ ગુણ આપતી. . .**મૉલિબ્ડેનમ**
અને પોલાદને સાફ કરતી. . .**વેનેડિયમ**

ટંગ્સ્ટન, ટિટૅનિયમ, ટેન્ટાલમ, ઝિર્કોનિયમ અને વેનેડિયમ, આ બધી ધાતુઓ 'વિરલ ધાતુઓ' તરીકે ઓળખાય છે. એ પરથી કદાચ એવો ખ્યાલ બંધાય કે એ અત્યંત જૂજ પ્રમાણમાં મળતી હશે અને આપણા રોજિંદા જીવનમાં બહુ ખપની નહિ હોય. પરંતુ પરિસ્થિતિ એથી ઊલટી છે. આ ધાતુઓનાં ખનીજ બીજી સુલભ્ય ગણાતી સામાન્ય ધાતુઓના કરતાં પૃથ્વીમાં વિશેષ પ્રમાણમાં મળી આવે છે. ઝિર્કોનિયમ તો ત્રાંબા કરતાં બે ત્રણ ગણું અને સીસાના કરતાં તેર ગણું વધારે નીકળે છે. ગેલિયમ ધાતુના ખનીજ તો રૂપા કરતાં દોઢસો ગણા વધારે મળી આવે છે!

આ વિરલ કહેવાતી ધાતુઓ વિશેષ પ્રચારમાં નથી એના કારણોમાં એક તો એ કે તેમનાં ખનીજોમાંથી એ ધાતુઓ સહેલાઈથી ને સસ્તીરીતે કાઢી શકાતી નથી. બીજું એ કે સામાન્ય પ્રચલિત ધાતુઓ કરતાં આ ધાતુઓના ગુણધર્મ કેટલીકવાર જોઇએ એવા હોતા નથી. છતાં કેટલા યે ઉદ્યોગોમાં તેઓએ પોતાની ઉપયોગિતા સિદ્ધ કરી છે.આમ છતાં, લાગે છે કે કદાચ થોડાં જ વર્ષોમાં આજની પ્રચલિત ધાતુઓની જગ્યા આ 'વિરલ' ધાતુઓ લેશે.

ટંગ્સ્ટન મેળવવાના સૌથી વિશેષ ઉપયોગી ખનીજો વૉલ્ફ્રામ, શીલાઈટ ને ફર્બેરાઇટ લેખાય છે. કલાઈના ખનીજોની સાથે નીકળતું વૉલ્ફ્રામ લોહનું ટંગ્સ્ટેટ છે અને બીજા ખનીજો કરતાં વિશેષ સામાન્ય છે. શીલાઇટ એ કૅલ્શ્યમ ટંગ્સ્ટેટ છે. ૧૯૧૮ સુધી વૉલ્ફ્રામ ખનીજની પેદાશ દુનિયામાં સૌથી વિશેષ ચીનમાં હતી. ત્યાર બાદ બ્રહ્મદેશનો નંબર આવે. આ ઉપરાંત અમેરિકા, પોર્ટુગલ, મલાયા, સિયામ (થાઇલૅન્ડ), ઑસ્ટ્રેલિયા વગેરેમાં પણ ટંગ્સ્ટનના ખનીજો નીકળે છે. ટંગ્સ્ટનના ખનીજને હાઇડ્રોક્લોરિક ઍસિડ સાથે ઉકાળવાથી ટંગ્સ્ટિક ઍસિડ થાય છે. તેને સોડા સાથે ગરમીમાં સીઝવવાથી સોડિયમ ટંગ્સ્ટેટ નામનો ક્ષાર બને છે. એ રંગવામાં મૉર્ડન્ટ તરીકે વપરાય છે તેમજ ગરમ ફલાટીનને ફાયર-પ્રૂફ કરવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. ટંગ્સ્ટિક ઍસિડને કોલસા સાથે મેળવવાથી યા હાઇડ્રોજન વાયુના વાતાવરણમાં લાલચોળ તપાવવાથી ટંગ્સ્ટન ધાતુ બને છે.

ટંગ્સ્ટન પોલાદના રંગની ભારે ધાતુ છે. પ્લૅટિનમ કરતાં એ ત્રણ ગણી સખત હોવાથી તથા તેનું ગલનબિંદુ બમણું (૩૩૦૦ ડિગ્રી) હોવાથી ઔદ્યોગિક ઉપયોગોમાં તે પ્લૅટિનમનો હરીફ છે. વીજળીના ઉદ્યોગમાં તો તેણે પ્લૅટિનમને હઠાવીને તેની જગ્યા લેવા માંડી છે. વીજળીબત્તીના ગોળામાં વપરાતા તાર ટંગ્સ્ટનના હોય છે. પણ એ ઉદ્યોગમાં તો માત્ર બે જ ટકા ટંગ્સ્ટન વપરાય છે. તેનો સૌથી વિશેષ ઉપયોગ તો ગજવેલના ઉદ્યોગમાં થાય છે, અને દુનિયામાંથી નીકળતા ૩૬,૦૦૦ ટન ટંગ્સ્ટનના લગભગ ૯૫ ટકા તો એમાં જ ખપી જાય છે. ટંગ્સ્ટનવાળું પોલાદ લાલચોળ તપાવો તોપણ કઠણ જ રહે છે. એટલે ઝડપથી ચાલતા સંચા અને ઓજારો–હથિયારોની બનાવટમાં ટંગ્સ્ટન-પોલાદ પુષ્કળ વપરાય છે. છેલ્લા ત્રણ દસકામાં બીજી કોઈ ધાતુ ટંગ્સ્ટન જેટલી ઉપયોગી માલૂમ પડી નથી. વાયરલેસ વાલ્વોમાં, ક્ષ-કિરણોની ટ્યૂબોમાં કૅથૉડ તરીકે, વીજળીના સામાનમાં સંસર્ગ પૉઇન્ટોમાં, સ્પાર્ક પ્લગોમાં તેમજ અતિ ઉષ્ણતામાં ટકી શકે એવા મૂષકોની બનાવટમાં પણ આ ધાતુ ખૂબ વપરાય છે.

ટંગ્સ્ટનની મિશ્ર ધાતુઓમાં લોહ ઉપરાંત ૧૮ ટકા ટંગ્સ્ટન, ૪ ટકા ક્રોમિયમ અને ૧ ટકા વેનેડિયમવાળી મિશ્ર ધાતુ સામાન્ય છે. સ્ટેઇનલેસ સ્ટીલ, મોટરકારની સ્પ્રિંગો, દળવાનાં ઓજારો, છરી ને અસ્રાનાં પાનાં, કાનસો, કરવતો વગેરે સામાનની બનાવટમાં ઉપયોગી વિધવિધ પ્રકારના ગજવેલોમાં પણ ટંગ્સ્ટન વપરાય છે. બખ્તરને છેદી અંદર પ્રવેશતી શેલો (ગોળીઓ)ની બનાવટમાં, બખ્તરની પ્લેઇટોમાં અને તોપોની બનાવટમાં ટંગ્સ્ટન-મિશ્ર ગજવેલ ખૂબ ઉપયોગી નીવડ્યું છે.

ટંગ્સ્ટનના ઉપયોગની આવી મહત્ત્વની આ ખીલવણીમાં 'ટંગ્સ્ટન-કાર્બાઇડ'નો ઉલ્લેખ પણ કરવો જોઇએ. આ કાર્બાઇડ હીરાને બાદ કરતાં સૌથી વધુ સખત પદાર્થ છે. કાચ, પોર્સિલેઇન અને મૅન્ગેનીઝ-ગજવેલ (જેને સામાન્ય ઓજારો વડે ન કાપી શકાય તેના) જેવા સખત પદાર્થો કાપવા માટે તેનો જ ઉપયોગ થાય છે. 'કાર્બોલૉય' નામના ઉપયોગી ઘર્ષક પદાર્થો (abrasives)ની બનાવટમાં આ કાર્બાઇડ વપરાય છે. આ ઉપરાંત ટંગ્સ્ટનનાં સંયોજનો રંગરોગાનમાં પણ વપરાય છે.

ટિટૅનિયમ ધાતુ દોઢસો વર્ષ થયાં જાણીતી છે, પણ બીજી ધાતુઓની સરખામણીમાં તે એટલી ઉપયોગી નીવડી નથી. કુદરતમાંથી પુષ્કળ મળી આવતી આ ધાતુના મુખ્ય ખનીજો રૂટાઈલ અને ઇલ્મેનાઇટ. તેમાં ઇલ્મેનાઇટ કાળો મેશ જેવો હોય છે. ત્રાવણકોરમાંથી તે પુષ્કળ મળી આવે છે અને દુનિયાને લગભગ ૬૮ ટકા ઈલ્મેનાઇટ એકલું ત્રાવણકોર પૂરો પાડે છે. ત્યાર બાદ નોર્વેનો નંબર આવે. નવાઈની વાત એ છે કે એવા કાળા પદાર્થમાંથી સરસમાં સરસ સફેદ રંગ બને છે!

રૂટાઇલ ઑસ્ટ્રેલિયામાં પુષ્કળ નીકળે છે. તેનાથી ઊતરતી પેદાશ બ્રાઝિલ, અમેરિકા અને નોર્વે વગેરે દેશોમાં થાય છે. રૂટાઇલ સફેદ પદાર્થ છે અને ચિનાઈ માટીને પીળો મીનો ચડાવવા માટે ખૂબ વપરાય છે. બનાવટી દાંતને કુદરતી રંગ આપવા માટે પણ તેનો

ઉપયોગ થાય છે. ટિટેનિયમ એટલું હલકું છે કે ઍલ્યુમીનિયમ કરતાં તે માત્ર દોઢ ગણું વધારે ભારે છે, અને કાટ ન લાગે એવી ગજવેલ (સ્ટેઇનલેસ સ્ટીલ) જેટલી તેની મજબૂતાઈ છે. વળી તેની માફક તેના પર પણ કાટ ચડતો નથી. આથી તે એક બાજુ લોઢાના અને બીજી બાજુ ઍલ્યુમીનિયમ જેવી હલકી ધાતુના, બંનેના ગુણો ધરાવે છે. પણ આ ધાતુને ખનીજમાંથી કાઢવાનું ખૂબ મુશ્કેલીભર્યું છે. એમાં સુધારણા કરી તેની કિંમત સસ્તી કરી શકાય તો જ તે 'સ્ટેઇનલેસ સ્ટીલ'ની હરીફાઈ કરી શકે. આજે તો ટિટેનિયા (ટિટેનિયમ ડાઇ-ઑક્સાઈડ)નો ઉપયોગ રંગરોગાનની બનાવટમાં મબલખ થાય છે. આ સિવાય તેના બીજા ઔદ્યોગિક ઉપયોગો હજી શોધાયા નથી.

ઝિર્કોનિયમ ટિટેનિયમનો ભાઈ કહી શકાય. તેના પર તેજાબોની અસર થતી ન હોઈ ઉદ્યોગોમાં તેજાબ પ્રૂફ સરંજામની બનાવટમાં ખૂબ ઉપયોગી છે. ટૅન્ટાલમ આજે એટલું બધું મળતું નથી, અને આજકાલ ઍટમિક શક્તિનાં કારખાનાંમાં બાંધકામની ધાતુ તરીકે તેની ઉપયોગિતા અંગે અનેક શક્યતાઓ છે.

ટૅન્ટાલમ વાઢકાપમાં ખૂબ વપરાય છે, કેમકે તેના પર શરીરના પ્રવાહીઓ કશી જ અસર કરી શકતા નથી. આથી હાડકાંના પૂરક ભાગ તરીકે તે મૂકવામાં આવે છે. પ્લાસ્ટિક-સર્જરીમાં તેના તાર ટાંકા લેવા માટે ખાસ ઉપયોગમાં આવે છે. બનાવટી આંખની પછવાડે તેનો જ પડદો મૂકવામાં આવે છે. પણ આ ધાતુનું ઉત્પાદન ઘણું જૂજ છે. ગત વિશ્વયુદ્ધ દરમ્યાન પણ તેની વધારેમાં વધારે વાર્ષિક પેદાશ લગભગ ૫૦ ટન હતી. તે ભારે અને નિષ્ક્રિય છે. તેના પર કોઈ પણ તેજાબની અસર થતી નથી. બૅટરીથી ચાલતા રેડિયો-સેટમાં રેક્ટીફાયર સેલોમાં તે વપરાય છે. નિર્વાતક રેડિયો ટ્યૂબોની બનાવટમાં તે ખાસ ઉપયોગી છે.

મૉલિબ્ડૅનમ ધાતુ બાંધકામમાં ઘણી ઉપયોગી છે. લોઢાની સાથે મેળવીને તેમાંથી 'મોલી-ગજવેલ' તૈયાર કરવામાં આવે છે. લોહમાં માત્ર બે ટકા મૉલિબ્ડૅનમ ઉમેરવાથી ગજવેલના ગુણમાં અજબ પરિવર્તન થાય છે અને તેને પછી ગમે તેટલી ગરમ કરો તો પણ પોચી પડતી નથી. ખૂબ ઝડપથી ફરતાં યંત્રો જેવાં કે લેથનાં ઓજારો, એન્જિનનાં પૈડાં વગેરેની બનાવટમાં આ ગજવેલ અતિ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે. વીજળીના ગોળાની બનાવટમાં ટંગ્સ્ટનની સાથે પણ તેનો પૂરક તરીકે વપરાય છે. તેનું ઉત્પાદન પણ ખૂબ વધતું ચાલ્યું હોવાથી તેમાંથી મોટી નળીઓ-ગોળાકાર સીલિન્ડરો બનાવાય છે. આ ઉપરાંત રેડિયોવાલ્વ જેવા ઇલેક્ટ્રૉનિક સરંજામની બનાવટમાં પણ તે વપરાય છે. કાચ બનાવવાની વીજળિક ભઠ્ઠીમાં તેનો ઉપયોગ ઇલેક્ટ્રોડ તરીકે થાય છે, અને પિત્તળ જેવી ધાતુઓના ઢાળા પાડવાની જરૂરી ડાઇઓ પણ તેની જ બને છે. વિમાનના કેટલાક ભાગોની બનાવટમાં તથા પેટ્રોલિયમ ઉદ્યોગમાં તેના ઉપયોગનો વિકાસ થતો જાય છે. વળી તેનાં વિધવિધ સંયોજનો સંસર્ગપદાર્થો (catalysts) તરીકે, ચામડાં રબર અને ઊનની વસ્તુઓને રંગવા માટે તથા એનામલ અને ફિનિશિંગના કામમાં ખૂબ વપરાય છે. રાસાયનિક પૃથક્કરણમાં પણ તેનો ઉપયોગ થાય છે.

મૉલિબ્ડૅનમના ઉપયોગી બે ખનીજો કુદરતમાંથી મળી આવે છે: એક મૉલિબ્ડૅનાઈટ ને બીજું વુલ્ફેનાઈટ. મૉલિબ્ડૅનાઈટ ચેફાઈટને મળતું આવે છે, અને કેટલીક જગ્યાએ ચેફાઇટની સાથે જ મળી આવે છે. મૉલિબ્ડૅનમનું વાર્ષિક ઉત્પાદન લગભગ ૧૦,૦૦૦ ટન ઉપરાંત હોઇ મોટો ભાગ (લગભગ ૯૦ ટકા) અમેરિકા જ પૂરો પાડે છે. બાકીનામાં નૉર્વે અને મેક્સિકો આવે છે.

વેનેડિયમ ધાતુ તરીકે ઔદ્યોગિક ઉપયોગિતા ધરાવતું નથી, પરંતુ તેનો લગભગ ૯૫ ટકા ખાસ જાતની ગજવેલની બનાવટમાં ખપે છે. બાકીના પાંચ ટકામાંથી તેના જુદાજુદા ક્ષારો અને સંયોજનો બનાવાય છે. ગજવેલની બનાવટમાં તે સાફસૂફીનું કામ આપે છે અને ગજવેલમાં રહેલો ઑક્સિજન વાયુ કાઢી નાખે છે. ઉપરાંત ગજવેલને ખૂબ ચીકણી, સખત ગરમીમાં પણ ટકી શકે એવી અને વળી ન જાય એવી મજબૂત બનાવે છે. એન્જિનો, મોટરના શાફ્ટ, ગીઅર, ઍક્સલ, સ્પ્રિંગો વગેરેની બનાવટમાં વેનેડિયમ-ગજવેલ ખૂબ અગત્યની પુરવાર થઈ છે. વેનેડિયમના ક્ષારો તેમજ સંયોજનો કાપડના રંગાટમાં, રંગરોગાનમાં અને દવાઓમાં પણ વપરાય છે. વેનેડિયમ બ્રૉન્ઝ પીળો રંગ છે.

વેનેડિયમનાં મહત્ત્વનાં ખનીજો ત્રણ ચાર છે: પેટ્રોનાઇટ, રૉસ્કોલાઈટ, કાર્નોટાઇટ અને વેનેડીનાઇટ. આ ખનીજો પેરૂમાંથી કોલસા જેવી કાળી શિલાઓમાં મળી આવે છે, અને દુનિયાના ઉત્પાદનનો ૩૩ ટકા જેટલો હિસ્સો એ જ દેશ આપે છે.

દુંદુભિ-સંદેશ (અનુસંધાન સામેના પાનાથી ચાલુ)

એમાં પહેલા જથ્થાનો બોલ તો સંજ્ઞાથી દર્શાવ્યો છે તે જ મુજબ વગાડવાનો છે; પણ એ જ સંજ્ઞા વડે જ્યારે બીજા જથ્થાનો બોલ વગાડવો હોય, ત્યારે એ બોલ પછી તેમાં એક 'ધ્રિજાંગ' ઉમેરવાનો છે: એ જ રીતે ત્રીજા જથ્થાનો બોલ વગાડવા માટે બે 'ધ્રિજાંગ' વગાડવાના. દાખલા તરીકે 'અ' દર્શાવવા માટે એકલો 'તડિંગ'; પણ 'ક' માટે 'તડિંગ-ધ્રિજાંગ;' એ જ રીતે 'ખ' માટે 'તડિંગ-ધ્રિજાંગ-ધ્રિજાંગ.'

કાના-માત્રા વગેરેવાળા બારાક્ષરીના અક્ષરો દર્શાવવા માટે વ્યંજનમાં સ્વરસંજ્ઞાઓ ઉમેરવાની છે. દાખલા તરીકે 'કુમાર' કરવું હોય તો ક+ઉ; મ+આ; અને ર. એટલે તેને વગાડવાની સંજ્ઞાઓ આ રીતે આવે: ○ ● —; ○ ○ — — ● ● ○ ○; — ○ ○. 'તડિંગ-ધ્રિજાંગ-ધિન; તડિંગ-તડિંગ; ધિન-ધિન-ધ્રિજાંગ ધ્રિજાંગ-તડિંગ-તડિંગ; ધિન-તડિંગ-તડિંગ.'

અંકસંખ્યા તો, અગાઉ કહ્યું તેમ, અક્ષર વડે જ દર્શાવવાની છે. જેમકે ૧૧ કહેવું હોય તો ક+સ. તે આમ વગાડાય: • — — ●; ● — ○ ●. 'તડિંગ-ધિન-ધિન-ધ્રિજાંગ; તડિંગ-ધિન-તડિંગ-ધ્રિજાંગ.'

હવે એક ઉદાહરણ લઇએ. દાખલા તરીકે આપણે એવો સંદેશો મોકલવો છે કે "ત્રણ ચોર નાઠા છે. પકડો." તેને આ રીતે વગાડાય.
— ● S; — ○ ●; ○ — • ● ● (● ● ●); ○ ○ ● ○ —; — ○ ○ (● ● ●); — ○ — ● ● ○ ○; ○ ○ ○ ● ● ○ ○ (● ● ●); ○ ○ ● ● — — (● ● ●); — — ●; ○ ●; — ○ ● ○ —; (● ● ● ● ●). શબ્દ પૂરો થવાના ત્રણ ધ્રિજાંગ કૌંસમાં દર્શાવ્યા છે.

'ધિન ધ્રિજાંગ-ધા; ધિન-તડિંગ તડિંગ; તડિંગ ધિન-તડિંગ ધ્રિજાંગ-ધ્રિજાંગ (ધ્રિજાંગ ધ્રિજાંગ ધ્રિજાંગ); તડિંગ-તડિંગ-ધ્રિજાંગ તડિંગ-ધિન; ધિન-તડિંગ-તડિંગ (ધ્રિજાંગ-ધ્રિજાંગ-ધ્રિજાંગ); ધિન-તડિંગ-ધિન ધ્રિજાંગ-ધ્રિજાંગ; તડિંગ-તડિંગ; તડિંગ-તડિંગ-તડિંગ ધ્રિજાંગ-ધ્રિજાંગ-તડિંગ-તડિંગ (ધ્રિજાંગ ધ્રિજાંગ ધ્રિજાંગ); તડિંગ-તડિંગ ધ્રિજાંગ ધ્રિજાંગ-ધિન-ધિન (ધ્રિજાંગ ધ્રિજાંગ ધ્રિજાંગ); ધિન ધિન ધ્રિજાંગ; તડિંગ ધ્રિજાંગ; ધિન-તડિંગ-ધ્રિજાંગ તડિંગ-ધિન (ધ્રિજાંગ ધ્રિજાંગ ધ્રિજાંગ; ધ્રિજાંગ-ધ્રિજાંગ.)'

આ રીતે મહાવરો પડવાથી ઝપાટાબંધ સંદેશા મોકલી શકાશે.

દુંદુભિ-સંદેશ

અંધારી રાત્રે, ગીચ જંગલમાં, યા ગમે તેટલે દૂર છૂપા સંદેશા મોકલવા માટેની સહેલી સંકેતલિપિ

—લેખક—
કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમા

સાંકેતિક સંદેશાઓ મોકલવા માટેના બે પ્રકારો—કરપલ્લવી અને ધ્વજસંદેશ-વિષે આપણે અગાઉ જોઇ ગયા (જુઓ અંક ૩૧૦-૩૧૧). ત્રીજી પદ્ધતિ દુંદુભિ-સંદેશાની છે. અનો વિચાર કરતાં પહેલાં આપણે આધુનિક તારની (મોર્સ) લિપિનો પરિચય પણ મેળવ્યો (અંક ૩૧૨); કેમકે એ બંને વચ્ચે સામ્ય છે.

કરપલ્લવી અને ધ્વજ-સંદેશાનું કામ, માત્ર આપણી નજર પહોંચે ત્યાં સુધીનું જ મર્યાદિત છે. પણ અતિ દૂર સુધી સંદેશાઓ પહોંચાડવા હોય તો એ અશક્ય નહિ તો મુશ્કેલ પડે; અને તેમાં માણસો તથા સમય વધુ જોઇએ. વળી, તાર મોકલવાની વ્યવસ્થા સર્વ સ્થળે ન હોય, અથવા કરવી હોય તો અગવડભરી પણ ઘણી છે. આથી તત્કાળ ઉપયોગમાં લઈ શકાય એવી કોઇ પદ્ધતિ હોવી જરૂરી છે, અને તેની ગરજ આ 'દુંદુભિ-સંદેશ' દ્વારા સાધી શકાય છે. એ બહુ સગવડભરી ને સસ્તી પદ્ધતિ છે. સાધનમાં જોઈએ માત્ર દુંદુભિ—ઢોલ કે નગારું—તથા તે પીટવાની દાંડીઓ. એના અવાજ દ્વારા ઘણે દૂર સુધી, તેમજ ઓછા સમયમાં વધુ ઝડપથી સંદેશાઓ મોકલી શકાય છે. અને તેનો મોટો ફાયદો તો એ છે કે તે રાત્રે પણ મોકલી શકાય છે. ધ્વજ-સંદેશ માટે તો દિવસનો પ્રકાશ જોઇએ; પણ ઢોલનો અવાજ અંધારી રાત્રે તેમજ ગીચ ઝાડીવાળા જંગલમાં પણ દૂર પહોંચી જાય છે. આફ્રિકા તથા બીજા મુલકની જંગલ-જાતિઓમાં આજે પણ તેમની રીત પ્રમાણે આ સંદેશ-પદ્ધતિ ચાલુ છે.

આ સંદેશની બીજી સરળતા એ છે કે તેની સંજ્ઞાઓના બોલ સ્મરણમાં ન હોય તોપણ, એક કાગળ ઉપર તેની સંજ્ઞાઓ લખી લઈ તેમાં જોઇજોઇને તે મુજબ બોલ વગાડીને સંદેશ મોકલી શકાય છે. સંદેશ લેવામાં પણ એ જ રીતે સાથમાં જો કોઈ સાથી, આવેલા સંદેશાની નોંધ કરી તેના અર્થ ઘટાવનાર તરીકે, મદદમાં હોય તો વળી વધુ સરળ થઈ પડે. એ કોઠો શીખવા માટે કોઠાને ઢોલ યા કેરોસીનના એકાદ ખાલી ડબા પર ચોડી, તેની સામે બેસી, ડબાની બે બાજુનો ઢોલક પેઠે ઉપયોગ કરીને મહાવરો પણ પાડી શકાય.

તાર-પદ્ધતિમાં જેમ 'કટ્ટ' અને 'કડ' એવા બે પ્રકારના બોલ છે, તેમ આ દુંદુભિ-સંદેશમાં તેને અનુકૂળ 'તડિંગ' અને 'ધિન્'એવા બે બોલ રાખ્યા છે, અને તેને તાર-પદ્ધતિની ઢબે મિશ્ર કરીને લિપિની યોજના કરી છે. પણ અંગ્રેજી લિપિમાં માત્ર ૨૬ અક્ષરો જ હોવાથી એવી યોજના તેમાં સહેલાઈથી થઇ શકે; જ્યારે આપણી લિપિમાં (માત્ર મુખ્ય જ લઇએ તોપણ) ૩૫ અક્ષરો ને માત્ર ૯ સ્વરસંજ્ઞાઓ મળી ઓછામાં ઓછી ૪૪ની વ્યવસ્થા કરવી પડે. [આમાં યે સ્વર-સંજ્ઞામાંથી હ્રસ્વ 'ઇ' અને દીર્ઘ 'ઊ', તેમજ વિરામચિહ્નો તથા આંકડા તો કાઢી નાખેલા છે.] તેમાં પ્રશ્નાર્થની એક સંજ્ઞા ઉમેરતાં કુલ ૪૫ સંજ્ઞાઓની રચના આ નીચેના કોઠાઓમાં આપી છે. વિરામચિહ્નોની બહુ અગત્ય ગણી નથી; અને અંકસંખ્યા તો અક્ષરોમાં દર્શાવી શકાય એટલે તેને પણ જતી કરી છે. લિપિને બને તેટલી ટૂંકી અને સરળ રાખવી એ જ ધ્યેય નજર સામે રાખ્યું છે.

આ ૪૫ની રચના પણ જો મોર્સ પદ્ધતિની માફક માત્ર 'તડિંગ' અને 'ધિન્'ના મિશ્રણથી જ કરવા જઇએ તો તો ઘણી લાંબી અને ગૂંચવણિયા થઈ જાય. આથી તેને ટૂંકી ને સરળ કરવા માટે માત્ર પંદર જ સંજ્ઞાઓ યોજી છે, અને પછી તેને ત્રણ જથ્થે ત્રિગુણિત કરીને ૪૫ કરી છે. તેમાં 'બોલ'ની સંજ્ઞા આ પ્રમાણે યોજી છે: પોલું મીંડું (○) એટલે 'તડિંગ'; લીટી (—) એટલે 'ધિન્'; ફુદડી (●) એટલે 'ઝિંઝંગ'.

સંજ્ઞા	બોલ	જથ્થો-૧	જથ્થો-૨	જથ્થો-૩
○	તડિંગ	અ	ક	ખ
○ ○	તડિંગ તડિંગ	આ	ચ	છ
○ ○ ○	તડિંગ તડિંગ તડિંગ	ઇ	ટ	ઠ
—	ધિન્	ઉ	ત	થ
— —	ધિન્ ધિન્	એ	પ	ફ
— — —	ધિન્ ધિન્ ધિન્	ઐ	ગ	ઘ
○ —	તડિંગ ધિન્	ઓ	જ	ઝ
— ○	ધિન્ તડિંગ	ઔ	ડ	ઢ
○ — —	તડિંગ ધિન્ ધિન્	અં	દ	ધ
— — ○	ધિન્ ધિન્ તડિંગ	અ:	બ	ભ
○ ○ —	તડિંગ તડિંગ ધિન્	ય	શ	ક્ષ
— ○ ○	ધિન્ તડિંગ તડિંગ	ર	ષ	જ્ઞ
○ — ○	તડિંગ ધિન્ તડિંગ	લ	સ	ણ
— ○ —	ધિન્ તડિંગ ધિન્	વ	હ	ન
○ ○ — —	તડિંગ તડિંગ ધિન્ ધિન્	?	ળ	મ

●	ઝિંઝંગ	બીજા જથ્થાનો અક્ષર દર્શાવવા માટેનો બોલ
● ●	ઝિંઝંગ ઝિંઝંગ	ત્રીજા „ „ „ „ „
S	ધા	અર્ધ અક્ષર દર્શાવવા માટેનો બોલ
● ● ●		ત્રણ વાર ઝિંઝંગ: પૂરો થએલો શબ્દ દર્શાવનારો બોલ
● ● ● ● ●		પાંચ વાર ઝિંઝંગ: સંદેશ પૂરો, એમ „ „

પ્રત્યેક અક્ષર વગાડીને થોડો (એક સેકન્ડનો) વિરામ લઈ બીજો અક્ષર શરૂ કરવો. શબ્દ પૂરો થયે ત્રણ વખત ઝિંઝંગ વગાડવું; અને સંદેશ પૂરો થયે પાંચસાત વખત ઝિંઝંગ વગાડીને સંદેશ પૂરો થવાની સંજ્ઞા આપવી.

આપણી અક્ષરમાળામાં 'ક ચ ટ ત પ', 'ખ છ ઠ થ ફ' એવા પાંચપાંચ અક્ષરના જે સમૂહ છે, એ સમૂહના રૂપમાં જ ઉપરની યોજના કરી છે. સ્વરાક્ષરોના પણ એવા બે સમૂહ કર્યા છે: 'અ આ ઇ ઉ એ' અને 'ઐ ઓ ઔ અં અ:' [એમાંથી, અગાઉ કહ્યું તેમ, હ્રસ્વ 'ઇ' ને દીર્ઘ 'ઊ'ને પડતા મૂક્યા છે].

આ રીતે પાંચપાંચ અક્ષરના જે નવ સમૂહ થાય છે તેને ત્રણ-ત્રણના જથ્થામાં, ત્રણ વિભાગમાં ગોઠવેલા આ કોઠામાં જણાશે. પ્રત્યેક વિભાગમાં પાંચપાંચ સંજ્ઞાઓ લેખે ત્રણ વિભાગમાં મળી પંદર સંજ્ઞાઓ ગોઠવી છે, અને તેની સામે ત્રણ જથ્થે પાંચપાંચ અક્ષરો ગોઠવ્યા છે. દરેક વિભાગમાં પ્રથમ પાંચ સંજ્ઞાઓ છે; તેની સામે તેના દરેકના બોલનો ઉચ્ચાર છે, અને તેની સામે પાંચપાંચ અક્ષરસમૂહોના ત્રણ જથ્થા છે. (અનુ૦ સામેના પાને)



લેખક
પ્રો. જયંતીલાલ ઓઝા એમ. એસસી.

ગોરખ આંબલી

'ગોરખઆંબલી' કે 'રૂખડો' નામથી ઓળખાતી આ વનસ્પતિને સંસ્કૃતમાં 'ગોરક્ષી', 'પંચપર્ણિક' અને 'દીર્ઘદંડી'; મરાઠીમાં 'ગોરખચિંચ' અને હિંદીમાં 'ગોરખ ઈમલી' કહે છે. અંગ્રેજીમાં તે 'Baobab' તેમજ 'Monkey-bread tree' નામે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'ઍડેન્સોનિયા ડિજિટાટા' ('Adansonia digitata L.') ઍડેન્સન નામે ફ્રેન્ચ વનસ્પતિશાસ્ત્રીના માનમાં ઍડેન્સોનિયા નામ પડયું છે, ને 'ડિજિટાટા' એ નામ, દાંડી ઉપર તેનાં પાનની રચના આંગળીઓ જેવી હોવાનું સૂચક છે. ગોરખનાથે તેમના શિષ્યોને આ વૃક્ષ નીચે બેસીને બોધ આપેલો તેથી તેનું નામ ગોરખ-આંબલી પડેલું છે એવી માન્યતા પ્રચલિત છે. વનસ્પતિસૃષ્ટિમાં બહુ જાડા થડવાળી ને દીર્ઘજીવી વનસ્પતિ તરીકે તેની ગણના થાય છે. તેનું આયુષ્ય ૫૧૫૦ વર્ષનું ગણાય છે!

મૂળ તો એ આફ્રિકાનું વતની, પરંતુ વર્ષો પૂર્વે અરબ વેપારીઓ તેને હિંદમાં લાવ્યા ત્યારથી તે આપણે ત્યાં પણ કુદરતી બની ગયું છે. ઉત્તર પ્રદેશ, બિહાર, મુંબઇ ને મદ્રાસના ઘણા ભાગમાં તે જોવા મળે છે. તેનાં જાડાં થડ, મોટાં સફેદ ફૂલ અને જાડી દોરી પર લટકતાં મોટાં ફળની અજાયબી માટે તે બગીચાઓમાં પણ ઉગાડાય છે.

તેના થડનો ઘેરાવો ૩૦ ફીટ અગર તેથીયે વધારે હોય છે; પરંતુ થડની જાડાઇના પ્રમાણમાં એ ઝાડની ઊંચાઈ ઓછી—૪૦થી ૭૦ ફીટ--હોય છે. થડ કાંઈક શંકુ આકારનું (તળિયે ઘણું વધારે પહોળું અને ટોચ તરફ ધીમેધીમે સાંકડું) હોય છે. તેની શાખાઓ ચોમેર ફેલાએલી હોવાથી તે ઘેરાવદાર દેખાય છે. તેની બહારની છાલ ભૂરી ને કઠણ લાકડા જેવી તથા અંદરની છાલ શાખોડી ને રેસાવાળી હોય છે. તેનાં પાન સંયુક્ત, દાંડીવાળાં અને ૩ થી ૯ (સામાન્ય ૫) નાનાં પાનનાં બનેલાં હોય છે. નાનાં પાન ૨ થી ૫ ઇંચ લાંબાં ને ૧½ થી ૨ ઇંચ પહોળાં, તળિયે સાંકડાં પરંતુ ટોચે પહોળાં અને અણીદાર ટોચવાળાં હોય છે સંયુકત પાનની દાંડી ૬ થી ૭ ઇંચ લાંબી અને રૂંવાટીવાળી હોય છે. પાન શિયાળે ખરી પડે છે.

મે અને જૂન માસમાં ગોરખ આંબલીને ફૂલ આવે છે. તે રાત્રે ઊઘડે છે ને સવારમાં વૃક્ષ પરથી ખરી પડે છે. તેની વાસ તીવ્ર અને અણગમતી હોય છે. ફૂલ સફેદ, મોટાં, કક્ષસ્થ (પત્રકોણમાંથી નીકળતાં) એકાકી અને લગભગ ૮ ઇંચ લાંબી જાડી દાંડી પર લટકતાં હોય છે. ફૂલમાં વજ નાની પ્યાલી આકારનું અને પાંચ પાંખડીનું બનેલું હોય છે. તે પર મખમલ જેવી રૂંવાટી હોય છે; ફૂલગણિને પાંચ મોટી સફેદ પાંખડી હોય છે; પુંકેસર તંતુઓ એક જાડી દાંડી પર ગોળ દડા જેવી આકૃતિમાં ગોઠવાએલા હોય છે; સ્ત્રીકેસર એક હોય છે અને તેના ગર્ભાશયમાં ૫ થી ૧૦ કોષ હોય છે.

ગોરખ આંબલીના ફળને સંપુડી કહે છે. તે મોટું, અંડાકાર અગર લંબગોળ, કઠણ, ૯થી ૧૨ ઇંચ લાંબું ને ૪ થી ૫ ઇંચ પહોળું હોય છે. તે પર ભુરી, મખમલ જેવી રૂંવાટી હોય છે. ફળની અંદર સ્હેજ કડવો ને ખાટો ગર્ભ હોય છે ને તેમાં કઠણ, ચળકતાં, મૂત્રપિંડાકાર ઘણાં બીજ હોય છે.

આ ઝાડ બીજ વડે ઊગે છે, પણ તે ધીમે ઊગનારી વનસ્પતિ છે. દરિયાકિનારાની રેતાળ જમીન તેને સારી ભાવે છે. કાપકલમથી પણ તેને ઉગાડી શકાય છે.

આફ્રિકામાં આ વૃક્ષની અંદરની છાલના રેસામાંથી દોરીદોરડાં, માલ ભરવાનાં થેલા, માછલાં પકડવાની જાળ વગેરે બનાવવામાં આવે છે. હિંદમાં તેમાંથી હાથી પર મૂકવાના ચારજામા સારા બને છે. આફ્રિકામાં તેની છાલમાંથી કાગળ બનાવવા માટે માવો તૈયાર કરવામાં આવે છે અને તેમાંથી સારી જાતનો કાગળ બને છે. તેનું લાકડું આછું પીળું, નરમ અને બહુ હલકું હોય છે, અને તેમાંથી દાબડા, ડબ્બી, પેટીઓ, હોડકાં, હલેસાં વગેરે બનાવવામાં આવે છે. તેના બીજમાંથી ચરબીવાળું તેલ મળે છે. તેના ફળની કઠણ છાલની રાખમાં ૪૭ ટકા જેટલો પોટાશ હોય છે તેમજ તેના બીજની રાખમાં ૩૧ ટકા પોટાશ અને ૩૪·૨ ટકા ફૉસ્ફેટ્સ હોય છે અને તેથી તે બંનેનો ખાતર તરીકે ઉપયોગ કરી શકાય છે.

ગોરખ આંબલીનાં મૂળ, છાલ, પાન ને ફળ, ઔષધીય દૃષ્ટિએ ઉપયોગી ગણાય છે. ગૅમ્બીઆ (આફ્રિકા)માં તેનું મૂળ જ્વરઘ્ન (તાવનાશક) ઔષધ તરીકે વપરાય છે. તેની છાલ પણ જ્વરઘ્ન ગણાય છે. ગોલ્ડ કોસ્ટ (આફ્રિકા)માં પણ તાવમાં કિવનાઇનને બદલે તે વપરાય છે. તેમાં ચીકણો ગુંદર હોય છે; અને છાલમાં 'ઍડેન્સોનીન' નામનું પાસાદાર કડવું રાસાયનિક તત્ત્વ હોય છે.

ગોરખ આંબલીનાં સૂકાં પાનનો ભૂકો ઝાડા, તાવ અને બીજા રોગોમાં અપાય છે. મધ્ય આફ્રિકામાં તેનો ઉપયોગ તાવમાં, અતિશય પરસેવો થતો અટકાવવા માટે ને બાધક તરીકે થાય છે. તે સાન્ત્વક ગણાય છે.

તેનું ફળ પિત્તપ્રકોપ, ઊલટી, મરડો અને વધુ પડતા પરસેવામાં ઉપયોગી લેખાય છે. તેનો ગર્ભ તાવમાં ઉપયોગી છે; તે ગરમી ઓછી કરે છે ને તરશ મટાડે છે. મુંબઇમાં તેના ફળનો ગર્ભ છાશ સાથે ઝાડા ને મરડામાં બાધક તરીકે વપરાય છે. કોંકણમાં તે ગર્ભ અંજીર સાથે દમમાં અપાય છે, ને તેના શરબતમાં જીરૂં અને સાકર ઉમેરી પિત્તપ્રકોપ તથા અજીર્ણમાં આપવામાં આવે છે.

ઈતિહાસ શીખવતા શિક્ષક—મનુ, એક જ દિવસે બે બનાવ બન્યા હોય એવો દાખલો આપ.
મનુ—મારાં ભાઇ ને ભાભી એક જ દિવસે પરણેલાં!

પચ્ચીસ વર્ષ પહેલાં



કુમાર

અંક ૧૮ · જેઠ ૧૯૮૧ (જૂન) ૧૯૨૫

આ જથી બરોબર પચ્ચીસ વર્ષ પહેલાંનો ૧૮ મો અંક, એ 'કુમાર'ના પોતાના સ્વતંત્ર છાપખાના 'કુમાર પ્રિન્ટરી'માં છપાએલો પહેલો અંક પાછળથી જેણે પોતાની સુઘડ તથા કલાત્મક છપાઈ વડે ઠીકઠીક પ્રતિષ્ઠા જમાવી તે 'કુમાર પ્રિન્ટરી' વિષે એ અંકની મિજલસમાં નાની નોંધ છે કે: 'ઘણા માસથી ચિંતવેલું અમારું સ્વપ્ન આ અંક રૂપે સાચું પડ્યું છે. એક વસ્તુની કલ્પના અને તેની સિદ્ધિ વચ્ચે કષ્ટો, મૂંઝવણો અને કસોટીઓની મહા નદી ધોધમાર વહી જતી હોય છે. એટલે જ ઝંપલાવનારા ઓછા હોય છે. એ ઝંપલાવનારમાંથી જેની શ્રદ્ધા ખૂટે, જેનો ઉત્સાહ ડગે, અને જે હારી ખાઈ થાકે તેનાં બારે વહાણ ડૂબે'.

આ અંકમાં શીખ ધર્મ, તેના ધર્મગુરુઓ તથા તેમના ધર્મ મંદિર અમૃતસર વિષે, તેમજ એ ધર્મનાં વીર સંતાનોનાં પરાક્રમો તથા આત્મબલિદાન વિષે જુદાજુદા ત્રણ લેખો છે. તેમાંથી તારવેલી નીચેની સામગ્રી એ વિષેનો સમગ્રતયા ખ્યાલ આપી રહેશે.

'જેનું જીવન એ સત્યનું તીર્થક્ષેત્ર હતું, ને જ્ઞાનના દુષ્કાળમાં જેણે કલ્યાણની પરબ માંડી હતી' એ ગ્રીસના પ્રાચીન તત્ત્વચિંતક સોક્રેટિસનું ચરિત્ર પણ આ અંકમાં આવેલું. અને સતત ચાલી આવતી 'આકાશ દર્શન'ની ઉપયોગી લેખમાળામાં તારાઓ ઉપરથી દિશા ને સમયનું જ્ઞાન મેળવવાની આ અંકમાં જે રીત આપેલી છે તે પણ રસમય છે. પણ સ્થળ સંકોચને લીધે અહીં ઉતારી શકતા નથી.

શીખોનો ઇતિહાસ એટલે આત્મબલિદાનની પરંપરાઓ. જગતની એ બહાદુર અને બળવાન પ્રજાએ માત્ર છેલ્લાં બસો વર્ષમાં જ પોતાનાં બળ, ટેક, ઉજ્જ્વળ બલિદાનો અને શૌર્યભર્યાં સાહસોથી હિંદનું નામ ઉજ્જ્વળ કર્યું. એ વીર કોમનો ઇતિહાસ શૌર્ય ને સ્વાર્પણ તથા ધર્મભક્તિ અને દેશભક્તિની કથાઓથી ભર્યોભર્યો છે.

આ સિંહ સમી શૂરવીર પ્રજા કેમ ઉત્પન્ન થઈ તેનો આખો યે ઇતિહાસ અદ્ભુત છે. એ પ્રજાને ઉત્પન્ન કરનાર અને ઘડનાર એના દસ ગુરુઓ. આજથી ચારસો વર્ષ પહેલાં હિંદુ અને મુસલમાન સંસ્કૃતિ તથા ધર્મને એકઠાં કરી, તેમના ભેદભાવ ભુલાવી, તેમાંથી આ નવી જ કોમ ઉત્પન્ન કરનાર પહેલા ગુરુ અકાલ પુરુષ બાબા નાનક. એ સંપ્રદાયના 'શિષ્યો' વધતા ગયા તેઓ 'શીખ' કહેવાયા. હિંદુ-મુસલમાનનું ઐક્ય કરવાના ઉદ્દેશથી આ સંપ્રદાય સ્થપાએલો, પણ કાળબળે પાછળથી એ જ શીખો હિંદુ સંપ્રદાય રૂપે પલટાઇ ગયા.

બીજા ગુરુ અંગદે શીખો માટે ગુરુમુખી નામની લખવાની નવી લિપિ યોજી તેનો પ્રચાર કર્યો. 'લંગર' નામની એક સંસ્થાની સ્થાપના તેમણે કરી જેમાં સૌકોઇને વિના મૂલ્યે ભોજન મળતું અને રાજાથી રંક સુધી સૌ સાથે બેસીને જમતા. આથી શીખ લોકોમાં ભાઈચારો ખૂબ ફેલાયો. ત્રીજા ગુરુ અમરદાસે શીખોના પ્રદેશને ૨૨ ભાગોમાં વહેંચી નાખી તે દરેક પર એકેક ઉપદેશક નીમ્યો. ચોથા ગુરુ રામદાસે શીખોના મુખ્ય સ્થળ તરીકે અમૃતસરની સ્થાપના કરી.

પાંચમા ગુરુ અર્જુનજીએ શીખોને હથિયાર ધારણ કરાવ્યાં અને પોતાના ધર્મના રક્ષણ અર્થે ઝૂઝી મરવાની પ્રેરણા પાઈ. શીખોના વેદ રૂપ 'આદિગ્રંથ'નો તેમણે સંગ્રહ કર્યો. એ ગ્રંથસાહેબે શીખોમાં અજબ ચેતના રેડી. એમના સમયમાં દિલ્હીના તખ્ત ઉપર મુઘલ બાદશાહ જહાંગીર હતો. તેના શાહજાદા ખુશરૂએ તેની સામે બળવો જગાવ્યો તેમાં ગુરુ અર્જુનજીએ તેને મદદ કરી. ખુશરૂ હાર્યો, ગુરુજી પકડાયા ને લાહોરના કિલ્લામાં તેમને કેદ કરવામાં આવ્યા, જ્યાં થોડા વખત પછી તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો. ગુરુ અર્જુનજીના આ બલિદાનથી શીખ પ્રજાનાં લોહી ઊકળી ઊઠયાં. હવે તેમને જરૂર હતી માત્ર લડાયક બનાવીને દોરનાર સુકાનીની. તે સુકાની પણ તૈયાર હતો. એ છઠ્ઠા ગુરુ હરગોવિંદ. તેમણે શીખોને કવાયત શીખવી બહાદુર લડવૈયા બનાવ્યા, અને મુઘલો પર છુટાછવાયા છાપા મારી તેમનામાં વધારે હિંમત રેડી. આ પછી શીખોનાં બલિદાનોની પરંપરા શરૂ થઈ. જેમજેમ મુઘલ સલ્તનત તરફથી દંડ, કેદ, દેશનિકાલ ને ફાંસીની સજાઓ વધતી ગઈ તેમતેમ શીખ પ્રજાની સહનશીલતા અને ધર્મપ્રેમ વધતાં જ ગયાં. નવમા ગુરુ તેગબહાદુરને પકડી ઔરંગઝેબના દરબારમાં લઈ જવામાં આવ્યા અને તેમની સમક્ષ બે વાત મૂકવામાં આવી: કાં તો મુસલમાન બની છૂટી જાઓ, અથવા તો મરવાને તૈયાર થાઓ. તેગબહાદુરે બીજી જ વાત કબૂલ કરી ધર્મને માટે માથું આપવું ઉચિત ધાર્યું.

ગુરુ તેગબહાદુરના આવા મૃત્યુથી એમના બાળ પુત્ર-દસમા ગુરુ-ગોવિંદસિંહનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠયો. તેમણે પોતાનું આખું જીવન, સર્વ સમય ને શક્તિ, શીખોને એક મહાન લડાયક પ્રજા તરીકે તૈયાર કરવામાં જ ખરચ્યાં, અને એને પરિણામે શીખો પરાક્રમી સિંહોના રૂપમાં ફેરવાઈ ગયા. જીવ્યા ત્યાં સુધી લડીને ગુરુ ગોવિંદસિંહે ઔરંગઝેબ અને મુઘલ સલ્તનતને તોબા પોકરાવી. પોતાના મરણ સમયે તેમણે આજ્ઞા કરેલી કે પોતાના પછી કોઈને ગુરુ ન નીમવો, એટલે ત્યાર પછી કોઇ ગુરુ થયા નહિ.

કહેવાય છે કે ગુરુ ગોવિંદસિંહે શીખ પ્રજાને લડાયક પ્રજા બનાવવા માટે બાર વર્ષ સુધી કઠણ તપશ્ચર્યા કરીને શક્તિની ઉપાસના આદરેલી. બાર વરસના તપ પછી ગુરુ બહાર આવ્યા ત્યારે શીખોએ 'ગુરુ તપશ્ચર્યા'નો ઉત્સવ ઊજવવા સારૂ કેશગઢમાં એક મોટી સભા બોલાવી. ગુરુજીની આજ્ઞા ઝીલવા સેંકડો શીખ વીરો ત્યાં એકઠા મળ્યા હતા. ઉપદેશ પૂરો થયા પછી ગુરુએ વીજળીની જીભો પેઠે લબકારા કરતી પોતાની ભયાનક શમશેર બહાર કાઢી અને તેને હવામાં વીંઝી ઘેરા ગંભીર સ્વરે બોલ્યા, 'હું તમારા બલિદાનનો ભૂખ્યો છું; મને બીજું કશું ન જોઇએ. શીખ વીરોનાં શિર જોઇએ. છે કોઇ શીખ બચ્ચો, જે આ દેવીને પોતાનું માથું અર્પણ કરે?'

આખી સભા સ્તબ્ધ બની સાંભળી રહી હતી. ગુરુએ ફરીથી તલવાર વીંઝી પૂછ્યું, 'છે કોઇ આ માતાના ખપ્પરમાં શિર સોંપનાર?'

શાન્ત મેદનીને બંને હાથે ખસેડતો કનૈયા જેવો રૂપાળો એક યુવાન શીખ આગળ આવ્યો. અને ગુરુ ચરણે શિર ઝુકાવી તે બોલ્યો:

'ગુરુજી, મારું માથું હાજર છે.' એક પણ શબ્દ બોલ્યા વિના ગુરુ તેને મંદિરમાં લઇ ગયા. થોડી વારે ગુરુ પાછા આવ્યા. તેમની તલવાર લોહીથી તરબોળ હતી! આ વિકરાળ દૃશ્યથી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. ગુરુએ ફરીથી હવામાં તલવાર ઉછાળી ગર્જના કરી. 'હજી વધુ બલિદાન જોઇએ! તૈયાર હોય તે ચાલ્યો આવે.'

એ એક બલિદાનથી તો શીખોનું લોહી ઊછળી ઊઠયું. ગુરુના એ શબ્દે સંખ્યાબંધ શીખો બલિદાન માટે ધસ્યા. તેમાં ધર્મસિંગ જાટ પહેલા હતા. પછી મોખનસિંગ તૈયાર થયા. પછી સાહેબસિંગ અને તેમની પછી હિંમતસિંગ. અને એ પાંચેયનાં એ જ રીતે બલિદાન લેવાયાં. ગુરુજીએ અંદર જઇ મંદિરનાં બારણાં બંધ કર્યાં. થોડી વારે મંદિરનાં દ્વાર ઊઘડયાં અને એ પાંચેય શિષ્યો 'વાહ ગુરુજીકી ફતેહ' પોકારતા બહાર આવ્યા! આખી મેદની પર વીજળી પડી હોય તેમ સૌ આશ્ચર્યથી ચમકી ઊઠયાં! ત્યાં તો ગુરુજીનો ઘેરો સ્વર સંભળાયો:

'પ્યારા શીખો! નવાઈ ન પામતા. આ તો માત્ર મેં તમારી કસોટી કરી હતી, અને એ કસોટીમાંથી તમે પાર ઊતર્યા છો. મારી ખાતરી થઇ છે કે મારો બોલ પડતાંવેંત શીખ ધર્મને ખાતર પોતાનું શિર દેતાં કોઈ પણ શીખ બચ્ચો હવે નહિ અચકાય.'

વર્ષો સુધી અખંડ પરિશ્રમ વેઠી ગુરુ ગોવિંદસિંહે શીખ પ્રજામાં સિંચીસિંચીને શૌર્ય અને ઝનૂન ભર્યાં હતાં. છેવટે, તેમણે આ પ્રસંગ શોધી, તેઓ બલિદાન માટે કેવાક તૈયાર છે તેની કસોટી કરી જોવા આ તદબીર કરી. તલવારમાંથી ટપકતું લોહી વગેરે બધું નકલી જ હતું. ગુરુએ બલિદાનમાં માથું માગ્યું, અને એક પછી એક પાંચ જણ માથાં આપનારા પણ નીકળ્યા. ગુરુજીએ એમને 'પંજ પ્યારા' કહી ભર સભામાં ભારે માન આપ્યું, અને ત્યારથી શીખસમાજ બલિદાન દેવા હરદમ ખડે પગે તૈયાર રહેવાનું શીખી ગયો.

અમૃતસરનું સુવર્ણમંદિર એ શીખ ધર્મનું મોટું ધામ છે. શીખો તેને 'હરિમંદિર' યા 'દરબારસાહેબ'ના નામે ઓળખે છે. તેઓ પોતાના ધર્મપુસ્તકને 'ગ્રંથસાહેબ' કહે છે. આમ શીખોએ 'સાહેબ' શબ્દનો અર્થ ધાર્મિક ને ઊંચો કર્યો છે. 'સાહેબ'નો અર્થ તેઓ 'પરમાત્મા' કરે છે. 'સત્ નામ સાહેબનું' એ એમનું મહાવાક્ય છે.

અમૃતસર લાહોરની દક્ષિણે ચાળીસ માઈલ પર આવેલું છે. તેની આજુબાજુ જેલમ અને ગગર નદીઓ આવેલી છે. આ બે નદીઓની વચ્ચેના પ્રદેશમાં શીખ ધર્મનો ફેલાવો અને શીખ લોકનાં ખૂબ પરાક્રમો થએલાં છે. શીખ ગુરુઓએ આ બે નદીઓના અંતરાળમાં રહીને જ પોતાનાં ભજન ગાયાં છે; ત્યાં જ તેઓએ મુઘલ સામ્રાજ્યની જોહાકી સામે ઝુંબેશ ઉઠાવી જીવસટોસટના સંગ્રામો ખેડેલા.

કહેવાય છે કે પંજાબની પાંચ નદીઓના કાંઠા ઉપર બેસી ઋષિઓ ઋગ્વેદનાં સ્તોત્રો બોલતા તે વેળા, અત્યારે જ્યાં આ સુવર્ણમંદિર છે તે જગ્યાએ, એક નાનકડું પવિત્ર સરોવર હતું. એ સ્થળનો ત્યાર પછીનો ઇતિહાસ જણાયો નથી; પણ એ સ્થળે આવેલા એક ખાબોચિયામાં નહાવાથી એક રક્તપીતીઓ સાજો થયાનો ચમત્કાર જોઇને ચોથા ગુરુ રામદાસે, એ ખાબોચિયાને સ્થળે મોટું તળાવ ખોદાવ્યું અને પાસે જ એક મોટું ધર્મમંદિર ચણવા માંડયું. અમૃતસરના સુવર્ણમંદિરની સ્થાપના આમ થઈ.

અહમદશાહ દુરાનીએ હિંદ ઉપર સવારી કરી તે વેળા તેણે એ મંદિરને જમીનદોસ્ત કરી અપવિત્ર કર્યું. પાછળથી શીખ રાજા રણજીતસિંહે મંદિરનો ઉદ્ધાર કરાવ્યો. એણે મંદિરનો નીચલો અરધો ભાગ આરસ અને બીજા બેમૂલ પથ્થરોથી ચણાવ્યો અને ઉપલા ઘુમટના ભાગને સોનાના પાતળા પતરાથી મઢાવ્યો. ત્યાર પછી એ સુવર્ણમંદિર તરીકે ઓળખાવા લાગ્યું.

શીખ પ્રજા વિષે એક વાત ખાસ જાણવા જેવી છે. કોઈ પણ શીખ જન્મથી શીખ નથી ગણાતો. બાળક જન્મ્યા પછી તેને એકાદ મુખ્ય મંદિરમાં લઈ જવામાં આવે છે. ત્યાં થોડાક પાણીમાં સાકર નાખી, એ વાસણને વીંટળાઇને પાંચ માણસ પ્રાર્થના કરતા બેસે છે. પ્રાર્થના દરમ્યાન કિરપાણથી પાણીને હલાવ્યા કરે છે. પછી એ પાણીને બાળકના મોં અને વાળ પર છાંટે છે અને બાકીનું એને પીવડાવી દે છે. આ દીક્ષા લીધા પછી જ બાળક શીખ થયો ગણાય છે.

શીખ લોકોમાં પણ અંદરઅંદર જુદાજુદા વિભાગો છે. દસમા ગુરુ ગોવિંદસિંહને માનનારા શીખો સિંહ તરીકે ઓળખાય છે. પહેલા ગુરુ નાનક અને એમની પછીના આઠ ગુરુઓમાં માનનારાઓ માત્ર શીખ કહેવાય છે. વળી તેઓની સંજ્ઞા પાંચ 'ક'માં રહેલી છે. એકેએક ધર્મચુસ્ત શીખ પાસે આ પાંચ વસ્તુ તો હોવી જ જોઇએ: કેશ-લાંબા વાળ, કિરપાણ-જમૈયા જેવી નાની તલવાર, કંગી-દાંતીઓ, કચ્છ, અને કાંડા ઉપર લોઢાનું કડું. આ બધાં ચિહ્નો બતાવે છે કે શીખોને લડાયક પ્રજા તરીકે તૈયાર કરવાનો જ એમના ધર્મગુરુઓનો ઉદ્દેશ હતો. કડું પહેરે છે તે સંયમની નિશાની છે; કચ્છ સહેલાઈથી સમજાય છે; કિરપાણ એ ધર્મની રક્ષા કરવાની શક્તિની નિશાની અને શત્રુને ત્રાસ પમાડનારી વસ્તુ રૂપે મનાય છે. કેશનું તો એ લોકો બહુ જતન કરે છે, તેથી કંગી (કાંસકી)ની તો જરૂર રહી જ છે. વાળ ઉતારવાની કે બીડી પીવાની એમને ધર્મની સખ્ત બંધી હોય છે એ સૌ માંસાહારી છે, પણ ગાયનું માંસ ખાવાની એમના ધર્મની મનાઈ છે.

સુવર્ણમંદિર તળાવની વચ્ચોવચ બાંધેલું છે. સૂર્યના તેજમાં ઝળહળતો સોને મઢેલો તેનો ઉપરનો ભાગ, અને તળાવના પાણીમાં પડતું પ્રતિબિંબ, દૂરથી આ મંદિર ઊંચા કરતાં બેઠા ઘાટનું અને પહોળું પથરાએલું વધારે લાગે છે. તળાવનો કાંઠો આરસની ફરસબંધીથી જડેલો છે, અને તેના ઉપર અનેક જાતનાં ચિત્રવિચિત્ર માનવીઓ –ભિખારીઓ, શીખ ભજનિકો અને શ્રદ્ધાળુ યાત્રાળુઓનાં ટોળાં બેઠેલાં જોવામાં આવે છે. તળાવની પાળ પરથી મંદિરમાં જવા માટે કોતરકામવાળા એક મોટા દરવાજામાંથી પસાર થઇએ; એટલે મંદિર તરફ જવાનો એક પહોળો આરસજડિત રસ્તો આવે છે, જેના ઉપર થઇને તળાવ ચીરી મંદિરમાં જવાય છે. મંદિરના મુખ આગળ આવેલા મોટા આરસના ચોગાનમાં, તથા ભીંતો પર ઠેરઠેર રંગબેરંગી પથ્થરનાં પશુપક્ષી, ફૂલવેલ વગેરે વિવિધ સુશોભનો કોતરેલાં છે. પ્રભુ સર્વ દિશાએથી પૂજાય એ આશયથી મંદિરની ચારેકોરની દીવાલોનાં બધાં દ્વાર સદા ખુલ્લાં રાખવામાં આવે છે. પ્રાર્થના સવારના ત્રણથી રાતના અગિયાર સુધી ચાલુ હોય છે. પ્રાર્થના ચાલતી હોય ત્યારે પણ ગમે તે ધર્મના માણસને દાખલ થવા દેવામાં આવે છે.

એમની પ્રાર્થના કરવાની રીત પણ રસિક હોય છે ગ્રંથી મોટેથી ગ્રંથસાહેબ વાંચે, એક જણ મોટા ચામર વડે ગ્રંથસાહેબને ચામર ઢાળે અને બાકીના શાંતિથી સાંભળે. ગ્રંથસાહેબને એક ઊંચી વ્યાસપીઠ પર રેશમની મોટી મુલાયમ ગાદી પર રાખવામાં આવે છે. ભક્તજન આવીને ગ્રંથસાહેબ પર ફૂલ ને દક્ષિણા ચડાવે છે. આપણાં મંદિરોમાં દક્ષિણાના બદલામાં ચરણામૃત મળે છે.' શીખ મંદિરમાં પૂજાને વખતે જાઓ તો 'કણાસાહેબ' પણ મળે. 'કણાસાહેબ' એટલે પ્રસાદનો શીરો. મંદિરના પાછળના ભાગમાં મંડપ છે. તળાવનો આ ભાગ ખાસ પવિત્ર ગણાય છે.

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

અમેરિકામાં ઉદ્યોગની ઈજનેરીમાં ડૉક્ટરેટનો
અભ્યાસ કરવા ગએલા શ્રી સુરેન્દ્ર છ. ધોળકિયાના એક પત્રમાંથી

. . . ભાઈ,

આવતી રજામાં અમારી યુનિવર્સિટીમાં જુદાજુદા દેશમાંથી આવેલા વિદ્યાર્થીઓ પ્રદર્શન ગોઠવશે. હિંદી વિભાગની જવાબદારી મારે માથે છે. તે માટેની બધી સગવડો 'યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘ' આપશે. પ્રદર્શન સફળ થાય એ જ અમારે જોવાનું છે. એક હિંદી ભાઈને ચિત્રકામ સારું આવડતુ હોવાથી, તેની પાસે એક બંગાળી સ્ત્રી, એક ગુજરાતી સ્ત્રી ને એક પંજાબી સ્ત્રીનાં ચિત્રો તૈયાર કરાવ્યાં છે: પ્રાંતીયતા બતાવવા નહિ. પણ આપણી સંસ્કૃતિનું વૈવિધ્ય દર્શાવવા. બહુ જ સુંદર અને આકર્ષક થયાં છે. ઉપરાંત, હિંદનો પૂંઠાનો નકશો, Hydro-electric power projects, ને બીજી Scientific researchની આંકડાસહિત વિસ્તૃત માહિતી; ભૂતકાળ તેમજ વર્તમાનના ચિરંજીવ પ્રસંગો આલેખતાં રંગરંગીન પોસ્ટરો; આ બધું તૈયાર કરવામાં ગુંથાયા છે. મિત્રોનો હાર્દિક સહકાર છે. ઉપરાંત, આપણા એલચીખાતાને ફિલ્મો ને ચિત્રો મોકલવા લખ્યું હતું. તેનો 'હા'માં જવાબ આવી ગયો. તેઓ Our Heritage I & II, 'શાંતિનિકેતન' ને 'ભારત નાટ્યમ્' એમ ત્રણ ફિલ્મ મોકલશે ને ૨૫-૩૦ સરસ ફોટોગ્રાફો (૮"×૮"). તેમાં આપણા નેતાઓનાં ચિત્રો તેમજ મરીનડ્રાઈવ, કાપડની મિલો, મ્યૂઝિયમ, દિલ્હીની સેક્રેટરિયેટ, તાજમહાલ, કુતુબમિનાર, અજંતા-ઇલોરા, સોફિયા કૉલેજની છોકરીઓ, ચાંદીનું માટીનું સુંદર નકશીકામ, ખેતીની રીતો, હિંદીસ્ત્રીનો પહેરવેશ વગેરેનાં સુંદર, લાક્ષણિક ને આકર્ષક ચિત્રો છે. અમારી પાસે હાથીદાંતની વસ્તુઓ છે; તે બધું મળીને પ્રદર્શન સરસ થશે.

...અહીં બધું જ ઊંધું લાગે. મોટરમાં હાંકવાનું પૈડું ડાબી બાજુ; રસ્તામાં પણ Keep Right,—જ્યારે આપણે ત્યાં Keep Left હોય છે. પરદેશ મોકલવાની મોટરોમાં ખાસ જમણી બાજુ પૈડું બનાવે છે. ઇલેક્ટ્રિક ચાંપ, (Switch) પણ નીચે ઉતારો એટલે off થાય—આપણે ત્યાં on થાય; હજામત કરવી, નહાવું, વાંચવું વગેરે રોજિંદાં કામો પણ અહીં રાત્રે જ પતાવાય છે. અહીં પાક વધારે પકવીને પછી ભાવ ટકાવવા બાળી મૂકવાનો રિવાજ ઘણો પ્રચલિત છે; તેમ પ્રાણીઓનું વધારાનું માંસ પણ બજારમાં મૂકે જ નહિ.

મોટર રસ્તા પર ઊભી રાખવી હોય તોપણ પૈસા પડે. તે લેનાર કોઇ માણસ ન હોય, પણ એવી parkingની જગ્યાઓએ એક થાંભલો હોય તેમાં, મોટર ઊભી રહે કે તરત જ લાલ બત્તી થાય, ને દસ સેન્ટ ન નાખો ત્યાં સુધી તે બળ્યા જ કરે; એટલે શરમાઇને પણ નાખવા પડે.

અહીં અરધો ડૉલર, ૦। ડૉલર, ૧૦ સેન્ટ, ૫ સેન્ટ, ૧ સેન્ટ એમ જુદાજુદા સિક્કાઓ છે. સેન્ટ તાંબાનો, ૧૦ સેન્ટ નિકલના ને બીજા થોડા ચાંદીના હોય છે. ડૉલરો તો કાગળના જ હોય છે. દેશની અંદરનું પોસ્ટેજ સાદું ૩ સેન્ટ, એરમેલ ૬ સેન્ટ; કાર્ડ ૧ સેન્ટ.

અહીં દર ગુરુવારે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી મફત ફિલ્મ દેખાડવામાં આવે છે: વૈજ્ઞાનિક સાહસોની, પાશ્ચાત્ય યંત્રયુગની સિદ્ધિઓની કે અમેરિકન સંસ્કૃતિની મહત્તા પ્રતિબિંબિત કરતી જ બહુધા તો હોય. ગયે ગુરુવારે 'This is United States' એટલે અમેરિકાના જુદાજુદા ભાગોનાં રંગીન ચિત્રોની ફિલ્મ દેખાડી. ખરેખર પ્રેરણામય રીતે, સુંદર કલાથી આ લોકો પ્રચાર કરે છે. આપણે ત્યાં તેનાથી વધી જાય તેવાં સ્થળો છે, પણ પ્રયાસ કરતા જ નથી.

'I love each stone, each leaf, each blade of grass; I love birds, animals and human beings; I love Liberty, I love Peace, I love the Flag—all of the United States'—એમ બોલીને પૂરું કરે છે, અને વાતાવરણમાં તેની માદક પ્રેરણા વ્યાપી રહે છે.

હમણાં વસંત ઋતુ આવતાં સવાર બહુ જ વહેલી ઊગે છે. તેને કારણે આખા ગામનાં ઘડિયાળો એક કલાક આગળ મૂક્યાં છે. પહેલાંના ૭ એટલે હમણાંના ૮. તેને D.S.T. (Daylight Saving Time)—દિવસનો પ્રકાશ બચાવવાનો સમય. કહે છે આ તો અહીં દર વર્ષે થાય ને સપ્ટેમ્બર સુધી રહે. આપણે ત્યાં સમય ફેરવવો હોય તો કેટલી ધમાલ થાય! જ્યારે, અહીં તો આ કુદરતી છે.

હમણાં અહીં ધાર્મિક સપ્તાહ થયું તેમાં જુદાજુદા નિષ્ણાતોનાં વ્યાખ્યાનો હતાં. પ્રમુખ ચીનના ડૉ. હૂ હતા. તે હિંદ આખું ફર્યા છે તેણે પોતાના પ્રવચનમાં અમેરિકાને ખૂબ ફટકા માર્યા. પણ પોતાના ચાલુ જીવનથી સામાન્ય અમેરિકનને સંતોષ છે. એને જીવનની કૃત્રિમતા સાલતી નથી કે અશાન્તિ જણાતી નથી, કેમકે તેના આચાર ને વિચારમાં સામ્ય છે.

પ્રકીર્ણ પત્રો

'કુમાર'નો મે માસનો અંક જોયો. મેં લખેલા પત્રનો ઉતારો છાપી આપે મને ઘણો આભારી કર્યો છે. એ લખાણના પ્રત્યુત્તરમાં મને 'કુમાર'ના ઘણા વાચક બંધુઓ તરફથી પત્રો મળ્યા છે: ઇંદોર, ઓખા, કલકત્તા, નડિયાદ, સુરત, અમદાવાદ, વલસાડ વગેરે સ્થળોથી પત્રો આવ્યા છે એ 'કુમાર'ના બહોળા ફેલાવાના લીધે છે. પણ એક વસ્તુ મારી સમજમાં ન આવી. કોઈ બહેનનો પત્ર હજી આવ્યો નથી. [કેમકે ઘણી બહેનોને પોકળ પત્રમિત્રોનો કડવો અનુભવ થયો છે. અમારી પાસે એવી ફરીયાદો પણ આવી છે–તંત્રી]

બીજું, 'કુમાર'ના લખાણના પ્રત્યુત્તરમાં ઘણાખરા પત્રો ગુજરાતીમાં આવેલા હોવાથી લખનાર ભાઇઓનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન કેટલું છે એ કળી શકાયું નહિ. અંગ્રેજી તો બાજુ રહ્યું, શુદ્ધ ગુજરાતી ભાષામાં પણ પત્ર લખી શક્યા નથી. ઘણાખરા ભાઇઓને અંગ્રેજીનું થોડુંઘણું જ્ઞાન હશે–પણ ભાન તો નથી જ. આ ફરિયાદ નથી પણ ખરી વસ્તુસ્થિતિ છે.' (કાસમઅલી એન. મર્ચંટ, ૪થે માળ, ૧૧૪, બનાતવાલા બીલ્ડિંગ, ડોંગરી સ્ટ્રીટ, મુંબઈ-૯.)

"અહીં ગુજરાતી મિત્રોમાં ટિકિટોની અદલાબદલીમાં મને ઘણા જ કડવા અનુભવો થયા છે. મૅટ્રિકમાં અને કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ મારી ટિકિટો પચાવી પાડી છે. વારંવાર લખવા છતાં બદલામાં ટિકિટો મોકલતા નથી. હમણાં જ ત્રણેક માસ ઉપર વડોદરામાં

બી. એસસી.નો અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનું સરનામું આવેલું. મેં તેમને કાર્ડ લખી ટિકિટો અદલાબદલી કરવા આમંત્રણ આપ્યું. તેમનો જવાબ આવ્યો કે 'અદલાબદલી કરવા રાજી છું. પરંતુ મારામાં વિશ્વાસ રાખજો.' એટલે મેં તેમને સારામાં સારી ૨૫ Commemorative ટિકિટો મોકલાવી. પરંતુ બદલામાં તેમણે બધી જ સામાન્ય, ને સારી હતી તે બધી જ ફાટેલી, મોકલી; અને પછી જણાવ્યું કે પરીક્ષા થઈ ગયા પછી સારી ટિકિટો મોકલીશ. પરંતુ પરીક્ષા થઇ ગયા પછી મેં તેમને બે પત્રો લખ્યા, તેમની ફાટેલી ટિકિટો પાછી મોકલાવી, પરંતુ હજી સુધી તેમનો કોઈ જવાબ નથી! આવા અનુભવો પરથી જાણી શકયો છું કે આપણે ત્યાં ફક્ત ૧૦ ટકા મિત્રો સારા નીકળે છે જ્યારે પરદેશોમાં ૯૦ ટકા.

ટિકિટ-સંગ્રાહકોને ઉપયોગી થઈ પડે અને કદાચ દુનિયામાં સૌથી મોટી છે એવી કલબનું સરનામું આ સાથે આપને મોકલું છું. એનું વાર્ષિક લવાજમ ૬॥ રૂપિયા છે. પહેલી નજરે જોતાં લવાજમ વધારે લાગે, પરંતુ અનુભવે જણાયું છે કે છુટક છુટક ગુજરાતી મિત્રો સાથે દસ-પંદર ટિકિટો મોકલી એકસચેન્જ કરવા કરતાં એકસામટી ૫૦-૧૦૦ જુદીજુદી ટિકિટો મોકલનાર એ કલબના સભ્યો સાથે એકસચેંજ કરવું એ સરવાળે વધુ ફાયદાકારક છે. કલબનું સરનામું: President J. R. Cooke, The Stamp Collector's Exchange Club, Hickson, Ontario, (Canada).

આ કલબના ૧૩,૦૦૦થી ઉપર સભ્યો છે: બધા જ ટિકિટ-સંગ્રાહકો. તે ઉપરાંત તેમને બીજા શૉખો પણ હોઈ શકે. એ કલબ તરફથી દર બે માસે ૩૨ થી ૩૬ પાનાંનું મૅગેઝીન નીકળે છે, તેમાં નવાજૂના ૨૫૦ સભ્યોનાં સરનામાં દરેક વખતે આપવામાં આવે છે. તે ઉપરાંત નવી બહાર પડતી ટિકિટોના સમાચાર, ટિકિટસંગ્રહ અંગેના લેખો, વગેરે હોય છે. આ કલબમાં જોડાવા માટે કોઈ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી. દુનિયાના દરેકે દરેક દેશના સભ્યો એમાં જોડાએલા હોય છે. બે આનાવાળું જવાબી કવર મોકલનારને એ કલબનું ફૉર્મ તેમજ માહિતી હું મોકલી આપીશ. (મોરારભાઈ ડી. પટેલ, દોલા ફળીઆ, પો. મટવાડ, વાયા જલાલપુર, જિ. સુરત)

ગયા માસના 'કુમાર'માં મારા ઑસ્ટ્રેલિયન કલબના ફૉર્મ વિષેનો ઉલ્લેખ કરેલો તથા ઘણા ભાઈઓએ લાભ ઉઠાવ્યો છે. નીચેના દેશોમાં આવેલી કલબોમાં જે ભાઇઓને દાખલ થવાની ઈચ્છા હોય તેઓ રિપ્લાઇ કાર્ડ લખશે તો તેમને હું તે દેશોની કલબનાં સરનામાં, માહિતી વગેરે જણાવીશ. આટલા દેશોનાં સરનામાં મારી પાસે છે: (૧) ઇટાલી, (૨) માલ્ટા, (૩) રહોડેશિયા, (૪) ઑસ્ટ્રેલિયા, (૫) નૉર્વે, (૬) જર્મની, (૭) ભારત, (૮) બગદાદ (ઈરાક), (૯) ચેકોસ્લોવાકિયા (યુરોપ), (૧૦) સ્વીડન, (૧૧) બેલ્જિયમ, (૧૨) અમેરિકા, (૧૩) ફિનલૅન્ડ, (૧૪) પાકિસ્તાન અને સ્કૉટલૅંડ.

–રમેશચંદ્ર સી. શાહ, ઝાંપાસ્ટ્રીટ, વાંકાનેર (સૌરાષ્ટ્ર).

પરદેશના પત્રમિત્રો

When writing to the following friends, add Germany (Br. Zone) in each address; and state that you have received the address from Mr. Girdharilal Shroff, 711/3, Sakar Bazar, Ahmedadad-2.

Boys Only

(1) Klaus Wosnitza, 24 Ttzehoe Reichustr, 21 Schleswig-Holstein—20, Agriculture, Music; (2) Armin Draber, 24 Ttzehoe Bruckenstr, 32 Schleswig-Holstein—17, Stamps; (3) Bodo Forstreuter, 24 Ttzehoe Brunnenstr, 39 Schleswig-Holestein—20, Science, Art; (4) Hans Behreadt, 24 Wilster Am Market, 23 Schleswig-Holstein—17, Literature; (5) Theodor Voigt, 24 Ttzehoe Kamper Weg, 100 Schleswig-Holstein—18, Literature; (6) Hans-Joachim Mohr, 24b Ttzehoe Breibestre, 6 Schleswig-Holstein—18, Sports, Biology; (7) Guido Dusch, 24b Ttzehoe Lindenstr, 59 Schleswig-Holstein—19, Hockey, Literature; (8) Michacl Dammann, 24b Ttzehoe Brookstr, 3 Schleswig-Holstein—18, Stamps; (9) Hans Junge, 24b Ttzehoe Brukenstr, 24 Schleswig-Holstein—18, Sport, Literature; (10) Horst Oft, 24b Ttzehoe Lindenstr, 28 Schleswig-Holstein—18, Stamps, Art; (11) Peter Klein, 24 Wilster Allee, 5 Scbelswig-Holstein—17, Art, Technic.

Girls Only–All 17 years old

(1) Heike Mollenhoff, 24b Ttzehoe Breifenburgestr, 19 Schleswig-Holstein-Culture, Economy; (2) Sigrid Hinrichsen, 24b Ttzehoe Edendorferstr, 84 Schleswig-Holstein-Regin, Custom; (3) Tlse Holm, 24b Ttzehoe Lindenstr, 76 Schleswig-Holstein–Religion, Economy. All 18 years old: (4) Horst Zindler, Schenefeld Bahnhofstr, 16 Schleswig Holstein –Art, Technic; (5) Hedwig Bielfeldf, 24b Ttzhoe Kirchenstr, 6 Schleswig-Holestein-Music, Literature; (6) Inge Dahl, 24b Poschendorf b. Schenefeld, Schleswig-Holstein, Music, Religion; (7) Inge Zentschura, 24b Looft Ttzehoe, Schleswig-Holstein-Religion, Literature; (8) Illse Langemack, 24b Ttzehoe Hindenburgstr, 6 Schleswig-Holstein–Sport, Music; (9) Alfons grand, 24 Ttzehoe Bergstr, 5 Schleswig-Holestein-Sport, Technic. 19 years old: (10) Ingrid Ralfs, 24b Ttzehoe Brunnenstr, 23 Schleswig-Holstein–Education, Sport; (11) Karl-Heinrich Ehrenforth 24 Ttzehoe Ht. Klosterhof, 10 Schleswig-Holestin—Music, Art. 20 years old: (12) Elisabeth Bruhn, 24b Wilster Market, 15 Schleswig-Holstein-Custom.

[A list of Indian boys' and girls' addresses is to be sent to Germany Pen-friends. Those who wish to correspond with them may write to Mr. Girdharilal Shorff, 711/3, Sakar Bazar, Ahmedabad-2 stating their full name, address, sex, age, hobbies etc. Those who want a reply from Mr. Shroff, Should enclose a reply-cover.]

હિંદી પત્રમિત્રો

(503) Zaveri Harendra Harjivandas, Sardat Bldg., 1st. Floor, Near Masjid, Bhavanishanker Rd., Dadar-Bombay-14–16, Stamps, Coins, Penfriendship; (504) Ravindra Krishnadas Bhatia, C/o Mr. K. C. Bhatia, Arvind Vastu Bhandar, Dharangaon, East

Khandesh—15, Stamps, Photography, Drawing and Painting; (505) Jayantilal Jivanlal Udeshi, C/o J. S. Bhatia, 84, Bora Bazar St., Fort Bombay-1—16, Stamps, Cricket, Science; (506) Indulal P. Lavingia, Lavingia Street, Dhandhuka—20, Stamps; (507) Miss Dina Vakil, C/o Mohanlal S. Vakil, Jhaveri Bldg., Top floor, Opp. Dunlop Rubber Co., French Road, Bombay 7—19, Stamps, Photography, Music, Coins; (508) Jaykumar H. Pandya, 621, Aumkar Kutir, Krishna Nagar, Bhavnagar (Saurashtra)—17, Stamps, Politics, Reading; (509) Mahendrakumar Pranjivandas Mody, Vajir Building, Bha Devani Street, Bhavnagar (Saur.)—16, Cricket, Swimming, Photography; (510) Jagdishchandra Patel, C/o Shivabhai K. Patel, Vanshikra Falia, Matvad, Via Jalalpur Dirt. Surat—17, Stamps.

(ચાલુ)

વિદ્યાર્થી તાલીમ-છાવણીની વિશિષ્ટ સમાજસેવા

આજે ગુજરાતના યુવાનો શારીરશ્રમથી શરમાતા હોય છે કે ખરા ચારિત્ર્યના ઘડતરને વિસરીને ફૅશન ને નાટક-ચેટકમાં પડ્યા હોય છે, ત્યારે વિદ્યાર્થીઓનું એક જૂથ શારીરશ્રમદ્વારા સમાજસેવા કરવાનો એક નાનકડો પણ અદ્ભુત પ્રયોગ સફળરીતે કરી બતાવે ને સમાજસેવાનો એક નવો જ ચિરાગ જલાવે એ હર્ષની વાત છે. ખંભાત ગામથી છ માઇલ દૂર, હજારેક માણસની વસતિનું ભૂવેલ નામનું એક નાનકડું ગામ છે. છેલ્લાં ૩૭ વરસથી એની સહકારી મંડળીના કાર્યની પ્રણાલિકા અને પ્રતિષ્ઠા માત્ર સરકારમાં જ નહિ પણ આજુબાજુનાં અનેક ગામડાંમાં સદ્ધર રીતે સ્થપાયેલી છે, અને વિશાળ વડની વડવાઇઓ પેઠે એ મંડળની છાયા નીચે બીજી અનેક નાનીમોટી પ્રવૃત્તિઓ પ્રજાહિતમાં ચાલે છે.

ગુજરાતનાં વિદ્યાર્થી મંડળોની મધ્યસ્થ સંસ્થા 'અખિલ ગુજરાત વિદ્યાર્થી કૉંગ્રેસે' આ વરસે ઉનાળાની રજાઓમાં ત્યાં શારીરશ્રમ દ્વારા સમાજસેવાનો પ્રયોગ કરવાનું નક્કી કરેલું. ભૂવેલના લોકોએ આ નિર્ણયને આવકાર્યો અને વિદ્યાર્થીઓની ખાવાપીવાની તમામ જવાબદારી સ્વીકારી લીધી. છાવણીના સ્થળ તરીકે શાળાનું મકાન નક્કી કરવામાં આવ્યું, અને એ મકાનની બાજુમાં જ આવેલા ગામના તળાવને ખોદીને ઊંડું કરવાનું કાર્ય ઉપાડી લેવાનું વિદ્યાર્થીઓએ નક્કી કર્યું. તા. ૧૨મી મેથી છાવણીની શરૂઆત થઈ. ૬૧ વિદ્યાર્થીઓ જોડાયા, જેમાં કૉલેજ તેમજ શાળાના ઉપરના ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ હતા. શરૂઆતમાં વીસ પચીસ ગામલોકો પણ જોડાયા, પરંતુ ચોમાસુ પવન ફૂંકાવા લાગતાં ગામલોકો ખાતર ઠાલવવાના કામમાં પડ્યા ને પછી માત્ર વિદ્યાર્થીઓએ જ ખોદકામ ઉપાડી લીધું.

છાવણીનો કાર્યક્રમ શિસ્તબદ્ધ અને વ્યવસ્થિત રહેતો. સવારના સાડા ચાર વાગે સૌ ઊઠી જતા અને પ્રાતઃવિધિ તથા પ્રાર્થના પતાવી બરાબર સાડા પાંચે સૌ કોદાળી, પાવડા, ત્રિકમ અને ટોપલા લઇને વ્યવસ્થિત ટુકડીઓમાં ખોદકામ શરૂ કરી દેતા. નવ વાગ્યા સુધી એટલેકે સતત રોજ સાડાત્રણ કલાક એ ખોદકામ કરવામાં આવતું.

બાદ નાસ્તામાં મગફળી અને ગોળ લઈ સૌ ગામના સહકારી પંપે સ્નાન માટે જતા ને ત્યાંથી ભોજન માટે જતા. ભોજનમાં બાજરીના રોટલા; શાક, દાળ અને સાંજના ઘણુંખરું દાળ-ભાત રહેતાં. ભોજન પછી ૩ વાગ્યા સુધી આરામ અને ૩ થી પાા વર્ગો લેવાતા. સાડાપાંચથી છ છાવણીને લગતું પરચુરણ કાર્ય પતાવી સાડા છથી સવાસાત ગામનાં બાળકોને રમતો રમાડવામાં આવતી. સાંજના ભોજન બાદ રાતના સવા આઠથી પોણા દસ સુધી નિયમિત ગામના ચોરે રંજનકાર્યક્રમ ગોઠવાતો આવતો. રાતના દસ વાગે સૌ સૂઈ જતા.

બૌદ્ધિક વર્ગોમાં જાણીતા સામાજિક કાર્યકરોએ નીચે મુજબના વિષયો ઉપર વર્ગો લીધા: આકાશ દર્શન, પછાત વર્ગના પ્રશ્નો, વિદ્યાર્થી મંડળોનું સંચાલન, યુરોપની વિદ્યાર્થી-પ્રવૃત્તિ, સાહિત્યનો શૉખ, સેવાકાર્ય અંગે સૂચનો, વિશ્વની રાજકીય અને ભોગોલિક પરિસ્થિતિ, પત્રકારત્વ, ભારતનું બંધારણ, ગુજરાતના સામાજિક અને કેળવણી વિષયક પ્રશ્નો, વિદ્યાર્થી પ્રવૃત્તિનાં મૂલ્યો, ગામડાનું અર્થશાસ્ત્ર વગેરે.

વર્ગ દરમ્યાન એક દિવસ બાજુના ઉનેલ ગામની મુલાકાત લીધી અને ત્યાં ગામલોકો સમક્ષ રંજનકાર્યક્રમ આપ્યાં. એક દિવસ ભૂવેલથી ૧૦ માઇલ દૂર આવેલા ધુવારણથી મછવામાં બેસીને ખંભાતના અખાતમાં સામે કાંઠે આઠેક માઇલ આવેલા ભરૂચ જિલ્લાના કાવી ગામ સુધી દરિયાનો પ્રવાસ કર્યો.

વળી એક દિવસ શિબિર-શણગારની હરીફાઈ યોજવામાં આવી. અને ગામના આગેવાનોની બનેલી એક પરીક્ષક સમિતી નક્કી કરવામાં આવી. શાળાનું મકાન ને મેદાન તદ્દન સ્વચ્છ બની ગયાં, અને જ્યાં ભોજન કરવામાં આવતું તે ગામની ધર્મશાળા તો કદી નહિ હોય તેવી વાળીઝૂડીને સાફ બનાવી દેવામાં આવી. ગામના કૂવાની, પરબડીની, ચોરાની પણ સફાઈ કરવામાં આવી. છાવણીમાં સફાઈ જળવાઈ રહે તે માટે છાવણીથી દૂર કામચલાઉ જાજરૂ બાંધી દેવામાં આવેલાં. પેશાબ કરવા માટે પણ અમુક અંતરે ખાસ વ્યવસ્થા કરવામાં આવી. થૂંકવાનું પણ ખાસ જગ્યાએ જ. પીવાના પાણીની કોઠીને અરધી જમીનમાં દાટી દેવામાં આવી જેથી પાણી ઠંડું રહી શકે. છાવણીમાં દવાખાનું પણ ચલાવવામાં આવતું અને એક તબીબી વિદ્યાર્થી તેનું કામ સંભાળતા. ઉપરાંત, છાવણીમાં રોજ ભીંતપત્રો લખાતાં જેથી છાવણીના સભ્યોમાં શી વાતો ચાલી રહી છે તેની જાણ મુખ્ય કાર્યકરોને થઇ શકતી. છાવણીમાં કુલ ૬૧ વિદ્યાર્થીઓ જોડાયા, તેમાં ઉત્તર ગુજરાત ૧૩, અમદાવાદ ૧૧, ખેડા ૪, વડોદરા ૧૮, સુરત ૧૫; તેમાંથી સરેરાશ ૪૦ વિદ્યાર્થીઓએ રોજ તળાવનું ખોદકામ કર્યું.

ખોદાણની માટીમાંથી પાળ પરનો રસ્તો પહોળો બનાવ્યો. તળાવને કાંઠે ચાલ્યો જતો, ૨૫૦ ફૂટ લાંબો અને સરેરાશ ૫ ફૂટ પહોળો તથા ૮ ફૂટ ઊંચો ગાડારસ્તો સમારવામાં આવ્યો. બાકીની માટી આજુબાજુ ખાડા પૂરવામાં, કાંટા દબાવવા વગેરેમાં વપરાઈ.

આજે યુવાનોમાં સમાજ ને દેશ પ્રત્યેની તેમની જવાબદારીનો દુઃખજનક અભાવ જણાય છે; અરે પોતાની જાત માટે જીવનસંગ્રામ લડી લેવાની પણ તેમનામાં શ્રદ્ધા નથી અને માત્ર વિદ્યાર્થીઓનું જ નહિ, પણ સમગ્ર સમાજના ચારિત્ર્યનું ધોરણ કથળી ગયું છે. આવી પરિસ્થિતિમાં ગુજરાતના મૂઠીભર વિદ્યાર્થીઓએ સમાજસેવાનો આ એક વિશિષ્ટ અને અદ્ભુત પ્રયોગ કરીને સમાજસેવામાં શારીરિક શ્રમને સુયોગ્ય પ્રાધાન્ય આપતી એક નવી હવા ફેલાવી છે તે નિઃશંક છે. અને તે માટે એ નવયુવાનો સાચે જ સમસ્ત ગુજરાતના અભિનંદનને પાત્ર છે. એ મૂઠીભર નવજુવાનોએ માત્ર સમાજસેવાના ગિજાજથી પસીનો પાડીને નિઃસ્વાર્થભાવે પ્રગટાવેલો એ ચિરાગ ગુજરાતનો વિદ્યાર્થીવર્ગ જાળવી રાખે અને સમસ્ત ગુજરાતના જાહેર જીવનમાં એ ચિરાગની જ્યોત પ્રસરે એવી આશા આપણે રાખીએ.

—બકુલકુમાર ભટ્ટ (ગુજ૦ સમાચાર)

ટિકિટસંગ્રહ આજનો સંસારવ્યાપી શૉખ

એ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

જગતમાં આજે અનેક પ્રકારના સંગ્રહ કરવાના શૉખ છે. દેશદેશના સિક્કા, કિસમકિસમનાં પતંગિયાં, વિવિધ પંખીઓ અને પ્રકારોનાં પીછાં, ઝાડઝાડનાં પાંદડાં અને વનસ્પતિઓ, દેશદેશની માટી અને રેતી, શંખલાં અને માછલીઓ, કીડા અને કરોળિયા, પંખીઓ, ઘાટઘાટનાં ગાડાં ને વાહનો, (જુદીજુદી બનાવટની પેન્સિલો દીવાસળીની છાપો વગેરે તો અતિ સામાન્ય ને બાલિશ છે)--એમ અનેક ગણાવી શકાય; પણ દુનિયામાં સૌથી મોટી સંખ્યાના માણસોને આકર્ષતો શૉખ તો ટિકિટસંગ્રહનો. એનું કારણ એ છે કે તેમાં ઘણા પ્રકારનાં આકર્ષણો છે, અને લગભગ બધા સ્વભાવના માણસોને તેમાં રસ પડે છે. બીજા શૉખોમાં અમુક મર્યાદાઓ છે. કેટલાકમાં ખૂબ ભમવા-ફરવાનું હોય છે, કેટલાકમાં ખૂબ શ્રમ લેવાનો હોય છે, કેટલાક સંગ્રહો માટે મોટી જગ્યા તેમજ નાણાં જોઇએ છે, કેટલાકમાં ચાલુ કડાકૂટ (માછલીઓ અને પંખીઓ જેવાની સારવાર) રાખવાની હોય છે. આ દૃષ્ટિએ ટિકિટોનો સંગ્રહ ઓછામાં ઓછી તકલિફ તથા ખર્ચ વાળો, સરળ, ગમે ત્યારે—ફુરસદની એકાંત પળોમાં-અભ્યાસ ને આનંદ આપનારો હોય છે. વળી તેમાં હરીફાઈનું વિશાળ ક્ષેત્ર રહેલું છે; અને છતાં એ હરીફાઈ ધંધાદારી હરીફાઇ જેવી ગળાકાપુ નથી, તેમ જ રમત-ગમતની હરીફાઇ પેઠે કોઈ એક જ પક્ષને વિજય અપાવનારી પણ નથી; પરંતુ એ તો સૌને મૂલ્યવાન ને વિરલ વસ્તુઓ મેળવવાની તકો આપતું બહોળું ક્ષેત્ર છે. વળી એમાં ઉચ્ચ-નીચ કે યુવાન-વૃદ્ધના ભેદ વિના સૌ નિકટરીતે હળીમળી શકે છે, એટલું જ નહિ પણ તે ભાષા કે જાતિના ભેદ ભુલાવીને આંતરરાષ્ટ્રીય મિત્રતા સ્થાપી આપે છે. જગતનાં રાષ્ટ્રો વચ્ચે એખલાસ લાવવા માટેની 'લીગ ઑાવ નેશન્સ' અને 'યુનો' જેવી સંસ્થાઓની કલ્પના પણ ન હતી ત્યારે ટપાલ વિષયક બાબતોમાં વિવિધ પ્રજાઓ ને દેશો વચ્ચે એક રાગથી કામ કરતી 'યુ. પી. યુ.' (યુનાઇટેડ પોસ્ટલ યુનિયન–વિશ્વટપાલસંઘ) જેવી સંસ્થા સ્થપાઈ હતી; પરંતુ દેશદેશનાં ટિકિટ સંગ્રાહકોના સંપર્કો વડે તો એ યુ. પી. યુ. કરતાં યે પહેલાં દુનિયાભરમાં મિત્રતાનો એક અદૃષ્ટ સંઘ સ્થપાઇ ચૂકયો હતો. આમ, સામાજિક ને જાગતિક બંધુભાવનું પોષક એક બલવાન સાધન (પત્રમિત્રતાની માફક) આ શૉખ બને છે.

આ ઉપરાંત, આ શૉખની શિક્ષણ શક્તિનું મહત્ત્વ તો અનેક વખત ગવાઈ ચૂકયું છે. ઈતિહાસ અને ભૂગોળના સામાન્ય જ્ઞાન ઉપરાંત, દેશદેશનાં લોકો, વિખ્યાત સ્થળો, ક્રાંતિકારક બનાવો, રાજકીય ઉથલાઓ, પ્રજાપ્રજાની વિભૂતિઓ, પાક-પેદાશો અને ઉદ્યોગો, વિચિત્ર વિશિષ્ટતાઓ આદિનું જ્ઞાન ટિકિટ-સંગ્રાહકને તેના શૉખને લીધે જેટલું સરળ અને મબલખરીતે મળી જાય છે તેટલું સામાન્ય માણસને નથી હોતું. પ્રકૃતિના અભ્યાસીને તેમાંથી દેશદેશનાં પંખી, પ્રાણી અને વનસ્પતિનો પરિચય મળે છે; અને સિક્કાઓ, ધ્યાનમુદ્રાઓ તથા રાજચિહ્નોના શૉખીનોને વળી તેની વિવિધતા મળી રહે છે. વિશેષમાં ટિકિટના ઉત્પાદનને લગતા અભ્યાસથી કાગળ ને શાહીની બનાવટ, છાપવાની પદ્ધતિઓ આદિનું જે જ્ઞાન થાય છે તેથી એ પણ પ્રતીત થાય છે કે ટિકિટોની બનાવટમાં વિજ્ઞાન ને કળાએ કેટલી પ્રગતિ કરી છે.

ઉપરાંત આ શૉખથી જે સામાન્ય તાલીમ મળે છે તે પણ કીમતી હોય છે. સ્વચ્છતા અને કલાત્મક રસદૃષ્ટિ તો આ શૉખ શરૂ કરવાની સાથોસાથ કેળવવાં જ 'પડે' છે; અને બારીક અવલોકન, તથા વિવિધતાઓ યાદ રાખવા માટેની તીવ્ર સ્મરણશક્તિ તો એવાં કેળવાય છે કે, એક નવી ભાષા શીખનારના જેટલી કક્ષાએ બુદ્ધિ કેળવાય છે.

જોકે આવા નિર્દોષ, જ્ઞાનદાયી શૉખની સાથે પૈસાની વાતને ભેળવવા જતાં હલકી કક્ષાની વાત કરવા જેવું થાય, પણ એટલું કહેવું જોઇએ કે બીજા શૉખો પાછળ રોકેલાં નાણાં જેમ તેમાં જ રોકાઇને સ્થગિત થઇ જાય છે તેવું આમાં નથી. જો જરા ગણત્રી, ચતુરાઇ અને વિવેકબુદ્ધિથી વિરલ ને મોંઘી ટિકિટોની આપલે કરવામાં આવે તો રોકાએલી રકમનું વળતર મળવા ઉપરાંત કોઇ વાર ઠીક રકમ મળી પણ રહે છે. પરંતુ આ કહેવાની સાથોસાથ એ પણ લાલ બત્તી બતાવવી જોઈએ કે આ શૉખમાં જે ઘડીએ 'કમાણીની જ' લાલચ પેઠી તે ઘડીએ તે 'શૉખ' મટીને 'સટ્ટો' બની જવાનો. અને એવા સટ્ટાખોરનું સ્થાન ટિકિટસંગ્રહના શૉ-



ચેકોસ્લોવાકિયાની ટિકિટ પર એ દેશનાં પ્રતીકો ને સંજ્ઞાચિહ્નો

ખીનોમાં કોડીના મૂલનું યે નથી ગણાતું.

ટિકિટ-સંગ્રાહક શૉખીનોના સામાન્ય રીતે ત્રણ પ્રકાર ગણાય: શરૂઆત કરનારો 'શિખાઉ', મધ્યમ કક્ષાનો 'સંગ્રાહક', અને 'નિષ્ણાત'. પણ એ ત્રણની વાખ્યા શી? જ્યાંત્યાંથી ટિકિટો એકઠી કરીને પડીકાં કે ખોખાં ભરભર કરનારો 'શિખાઉ' નહિ કહી શકાય; તેમ આલ્બમો ભર ભર કરનારો 'સંગ્રાહક' નહિ કહેવાય; કે અમુક વર્ષોનો રીઢો સંગ્રાહક અને ધંધાદારી યુક્તિઓ અજમાવીને સરસ વેચાણો કે સાટાં–દોઢાં કરીને પૈસા કમાતો માણસ 'નિષ્ણાત' પણ નહિ કહેવાય. ઈ. ૧૮૪૦માં પહેલવહેલી ટિકિટ છપાઇ ત્યારથી માંડીને તે આજ સુધીમાં દુનિયા આખીમાં ૧,૫૦,૦૦૦ (દોઢ લાખ) ઉપરાંતની જાતો ટિકિટોમાં છપાઈ છે એવી એક સામાન્ય ગણત્રી કહેવાય છે. એમાં જોકે દિનપ્રતિદિન વધારો થતો જાય છે, પણ ગણીત્રીના ધોરણ માટે એ આંકડો માન્ય રખાયો છે. તેના ૧૦ ટકા, એટલેકે પંદર હજાર વિવિધ 'કિસમ'ની ટિકિટો જેણે ભેગી કરી હોય તે હજી તો શરૂ કરનારો શિખાઉ ગણાય; પંદર હજાર અને પચાચ હજાર વચ્ચેની સંખ્યાની જાતો જેની પાસે હોય તે મધ્યમ; ને ૫૦,૦૦૦ ઉપરાંત જાતો જેની પાસે હોય તે જ નિષ્ણાત. ધ્યાન રાખવાનું છે કે આ સંખ્યા કુલ 'ટિકિટોની' સંખ્યા નથી, પણ 'જાતો'ની સંખ્યા છે કીમતનું તત્ત્વ પણ આમાં ગૌણ છે. ખરી કીમત તો જાતોની વિવિધતા અને વિશાળતા ધરાવવામાં છે. કોઇની પાસે ૨૦,૦૦૦ જાતની ટિકિટો હોય, પણ તેની કિંમત માંડ ૫૦૦ રૂપિયા પણ ન હોય; અને કોઈની પાસે માત્ર મોઘામૂલનાં ચુનંદાં ૨૦૦ નંગ હોય, પણ તેની કિંમત ૪૦,૦૦૦ રૂપિયા હોય; તો એ બેમાં ખરો સંગ્રાહક કોણ? ૨૦,૦૦૦ જાતવાળો જ ખરો શૉખીન કહેવાય, કેમકે તેણે સંગ્રાહકની દૃષ્ટિપૂર્વક જહેમત કરીને (કાળજી, ધીરજ અને અવલોકન પૂર્વક) એ સંગ્રહ કરેલો હોય છે; જ્યારે પેલો મોંઘામૂલી ૨૦૦ ટિકિટનો સંગ્રાહક તો સટ્ટાખોર છે, કેમકે તેની દૃષ્ટિ માત્ર મૂલ્ય ઉપર અને તેમાંથી કયારે સારો તડાકો પાડી શકાય

તેના ઉપર હોય છે.

પણ શિખાઉ પાસે ટિકિટોની આટલી મોટી વિવિધતા હોવી જોઈએ એ આંકડો સાંભળીને ગભરાવાની જરૂર નથી. આ શૉખમાં જે ખાસ અગત્યની વસ્તુ છે તે તો કાળજી, ધીરજ અને શ્રમપૂર્વક મેળવેલું જ્ઞાન. પાંચ હજાર પુસ્તકોની લાયબ્રેરી એકઠી કરનારા કોઈ સામાન્ય બુદ્ધિના શ્રીમંત કરતાં એક બહુશ્રુત અને અભ્યાસી વિદ્વાન જેમ ચડિયાતો છે, તે જ રીતે, બહુ સંખ્યાની વિવિધતા ખરીદી લઈને એકઠી કરી નાખનારા સંગ્રાહક કરતાં, ધીમેધીમે, શ્રમપૂર્વક, ચોતરફથી એકઠી કરીને, અદલાબદલી કરીને અને કાળજીપૂર્વક વીણીવીણીને નાના સંગ્રહથી શરૂઆત કરનાર ખંતીલો સંગ્રાહક ચડિયાતો છે. ટિકિટસંગ્રહ, એ મુખ્યત્વે જ્ઞાનનું સાધન બનવો જોઈએ. તેની પાછળ રસભરી એકાગ્રતા, ઊંડું અધ્યયન અને નિરીક્ષણ, ખંતપૂર્વકની શોધ અને ચૂંટણીની વિવેકબુદ્ધિ હોવી જોઈએ. શાંત અભ્યાસ અને ધીરજપૂર્વકની સાધના વડે જ માણસ હજારો જાતોનાં વર્ગીકરણ સમજી શકે તેમજ કરી શકે. જ્ઞાન અને ડહાપણ કદી નાણાંથી ખરીદી શકાતાં નથી.

સાચા ટિકિટ-શૉખીનને મન 'ટિકિટ' એ જ મુખ્ય વસ્તુ છે. સાચી તમન્નાવાળા સંગ્રાહકને તો, અમુક પરફોરેશનમાં થોડો ફેર શોધી કાઢવામાં, કે છાપવામાં કોઇ આંખે ન ચડે તેવી બારીક ભૂલ શોધી કાઢવામાં જે રસ પડે છે તે સોંઘા-મોંઘાનાં સાટાંદોઢાંમાં નથી પડતો. પોતે જે અવલોકનો નિરીક્ષણો ઉપાસના અને જાતજહેમતથી, કિસમકિસમની વિશિષ્ટતાઓ, વિવિધતાઓ અને વિરલતાઓ ભેગી કરી હોય છે તેનું જ તેને ખરું ગૌરવ અને ખરો રોમાંચ હોય છે.

ઑસ્ટ્રિયાની નવી ટિકિટો

રશિયાની અસર નીચેના હંગેરીની નવી ટિકિટોનો સમૂહ ગયા અંકમાં આપ્યો હતો. આ અંકને પાછલે પૂઠે ઑસ્ટ્રિયાના પ્રજાસત્તાકની નવી બહાર પડેલી ટિકિટોનો સમૂહ ભાઈ અજીતકુમાર સંઘવીના સૌજન્યથી આપીએ છીએ. તેમાં અનુક્રમે પુષ્પ છોડ, શાંતિ-સંદેશ ઉતારતું કબૂતર, ખ્રિસ્તી ધર્મનાં દેવળો અને કિલ્લા, માતૃમૂર્તિ મેરી, નગરોના ચોક અને વિખ્યાત મકાનો તથા છેલ્લી હારમાં વિવિધ પ્રતીકો છે. તેના ઉપર ત્યાંનો ખાસ ટપાલ-સિક્કો પણ છે. બીજી હારમાં પહેલી ટિકિટ કાર્લ મિલૅકરના સ્મરણમાં કાઢેલા ફર્સ્ટ-ડે કવર સાથેની છે.



ટિકિટ-સંગ્રહના શૉખથી થતો એક મોટો ફાયદો તે નાનાવિધ જ્ઞાનના ક્ષેત્રોનો પરિચય કહી શકાય. તેનો માત્ર આછો ખ્યાલ આપવા પૂરતો એક સમૂહ આ ઉપર છાપ્યો છે. તેની મથાળાની હારમાં ત્રણ વિખ્યાત પુરુષો છે: (૧) ડેન્માર્કની ટિકિટ ઉપર ત્યાંનો જગજાણીતો પરીકથાકાર હૅન્સ ઍન્ડર્સન; (૨) દક્ષિણ ર્હોડેશિયાની ટિકિટ ઉપર, આફ્રિકાનો અગ્રણી સંસ્થાન-સ્થાપક સેસિલ ર્હોડ્સ; અને (૩) રશિયાની ટિકિટ પર લેનિન. બીજી હારમાં પશુપંખીની વિવિધતાની વાનગી છે: (૧) ન્યૂઝીલાંડની ટિકિટ ઉપર 'કીવી' નામનું જાનવર; (૨) બેલ્જિયમ કૉંગોની ટિકિટ પર આફ્રિકાનું 'ઓકાપી' નામક પશુ; ને (૩) ગ્વાટેમાલા (મધ્ય અમેરિકા) ની ટિકિટ ઉપર 'ક્વેટ્ઝાલ' પંખી. ત્રીજી હારમાં (૧) જર્મનીની ટિકિટ ઉપર ત્યાંનો વિખ્યાત પુરાતન કિલ્લો; (૨) ગ્રીકની ટિકિટ ઉપર સૂર્યદેવ અને (૩) જાપાનની ટિકિટ ઉપર ત્યાંના વિશિષ્ટ સઢવાળા વહાણનો પરિચય મળવા ઉપરાંત તે તે દેશોની લિપિઓ પણ જોવા મળે છે. ચોથી હારમાં એરમેઇલની ટિકિટોના નમૂના છે, જેમાં પહેલી ઇટાલીની, બીજી હૉલંડની અને ત્રીજી જર્મનીની છે, અને એ ત્રણેમાં વાયુ-ઉડ્ડયનનાં વિવિધ પ્રતીકોનાં આલેખનો છે. પહેલીમાં પાંખાળો ઘોડો અને ત્રીજીમાં પૃથ્વીના ગોળાને આવરીને ઊડતો જર્મનીનો રાષ્ટ્ર-પ્રતીક ગરુડ છે, જ્યારે વચલી, વિમાનના આલેખનવાળી ટિકિટના અનોખા ત્રિકોણ ઘાટમાં વિશિષ્ટ ચિત્રરચના કરેલી છે.

આ માસ (જૂન) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ લાલા લજપતરાયની સહાયથી લાહોરની વિખ્યાત ડી. એ. વી. (દયાનન્દ ઍંગ્લો વૈદિક) કૉલેજ સ્થપાઈ. ૧૮૮૬.

તા. ૩ સ્ત્રી ઉન્નતિની ભાવનાથી કર્વે મહિલાવિદ્યાલય સ્થપાયું. ૧૯૧૬

તા. ૪ હિંદના 'સુવર્ણયુગ'ના કાળના રાજવી હર્ષનો જન્મ. ૫૯૦.

તા. ૫ પહેલા મહાયુદ્ધમાં બ્રિટિશ સેનાપતિ લૉર્ડ કિચનર દરિયામાં ગાયબ થયો, ૧૯૧૬.

તા. ૮ હઝરત મુહમ્મદ પયગમ્બર સાહેબનું અવસાન, ૬૩૨.

તા. ૯ દિલ્હીની લૂટ તથા કત્લ કરનાર નાદિરશાહનું ખૂન, ૧૭૪૭.

તા. ૧૨ ગોખલેજીએ પૂનામાં 'હિન્દ સેવક સમાજ' સ્થાપી. ૧૯૦૫.

તા. ૧૪ હવાઇ રસ્તે આટલાંટિક મહાસાગર પાર થયો, ૧૯૧૯.

તા. ૧૬ દેશબંધુ ચિત્તરંજન દાસનું અવસાન, ૧૯૨૫.

તા. ૧૮ નેપોલિયનનો અંત કરનાર વૉટર્લૂનું યુદ્ધ, ૧૮૧૫.

તા. ૨૧ વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ.

તા. ૨૨ કેપથી કેરો સુધીના સૌથી લાંબી રેલવે ખુલ્લી મુકાઇ, ૧૯૦૪.

તા. ૨૪ ઉત્તર અમેરિકાના ન્યૂ ફાઉન્ડ લૅન્ડ ટાપુની શોધ, ૧૪૯૭.

તા. ૨૫ બાળશિક્ષણના આચાર્ય ગિજુભાઇનું અવસાન, ૧૯૩૯.

તા. ૨૬ હિંદમાં સોનાનું ચલણ શરૂ થયું. ૧૮૯૩.

તા. ૨૮ સૌથી જૂનું ગુજરાતી દૈનિક મુંબાઈ સમાચાર શરૂ થયું ૧૮૮૬.

તા. ૩૦ હિંદના 'દાદા' દાદાભાઇ નવરોજીનું અવસાન, ૧૯૧૭.

વ્યક્તિવિશેષ : હઝરત મુહમ્મદ પયગંબર સાહેબ

જગતના ચાર મહાન ધર્મો પૈકીના એક ઈસ્લામ ધર્મના આ સ્થાપકનો જન્મ અરબસ્તાનમાં મક્કા શહેરમાં ત્યાંના ધાર્મિક સ્થળ કાબાની દેખરેખ રાખતા, કુરેશી નામના ઊંચા ગણાતા કુળમાં ઇ. સ. ૫૭૧ના એપ્રિલની ૨૦મીએ થએલો. બાળવયે માતા-પિતા ગુમાવી બેસવાથી દસ વર્ષની ઉમર સુધી બકરાં ચરાવવાનું આગજીવન ગાળી, ૧૨ વર્ષની વયે કાકા અબુ તાલિબ સાથે તે વેપારાર્થે સીરિયા ગયા, જ્યાં તેમના મન પર યહૂદી ને ખ્રિસ્તી ધર્મના પરિચયે એકેશ્વરવાદની ઊંડી છાપ પાડી. કાકા રુાથેના વેપારમા ખ્યાતિ મેળવ્યા બાદ ખદીજા નામની એક શ્રીમંત વિધવા બાઈના વેપારી કાફલાના મુખી તરીકે પરદેશોમાં વેપાર કર્યો, તેમાં બતાવેલી કુનેહ તથા ઇમાનદારીથી ખદીજાએ એમના ગુણોથી મોહિત થઇ તેમની સાથે લગ્ન કર્યું. એ વખતે એમની વય ૨૫ વર્ષની ને ખદીજાની ૪૦ની હતી. દરમ્યાન વેપારની સાથે લોકસેવાનાં પણ કાર્યો તેઓ કરવા લાગ્યા. મક્કાની હજે આવતા યાત્રાળુઓના જાનમાલના રક્ષણાર્થે તેમણે સૌ આગેવાનોને બોલાવી 'હલ ફુલ ફૂજૂલ' નામનું એક સંરક્ષક દળ ઊભું કર્યું ને બીજા પણ કેટલાક ધાર્મિક ઝઘડા શાંતિથી પતાવ્યા. વિચારશીલ પ્રૌઢ સ્વભાવ અને ધંધાની ઈમાનદારીથી તેમની પ્રતિષ્ઠા એટલી વધી કે લોકો તેમને 'અલ અમીન' કહેતા.



[પયગંબર સાહેબના નામાક્ષરો (મુહમ્મદ)વાળું સીલ]

પણ અરબ લોકોની અંધ ધર્મપૂજા, અજ્ઞાન, અંદરઅંદરની ફાટફૂટ તથા તેમની નૈતિક અને સામાજિક સ્થિતિથી તેમને ઘણો સતાપ થતો અને તેમનું મન સત્ય તથા ઇશ્વરની ખોજમાં બેચેન રહેતું. મક્કાની ઉત્તરે હીરા પહાડમાં તેમણે તપશ્ચર્યા કરી અને ૪૦ વર્ષની ઉમરે પોતાને ખુદાઇ પયગામ મળ્યો તે અનુસાર ઇસ્લામનો પ્રચાર આદર્યો. શરૂમાં તો લોકોએ તેમનો ઉપહાસ કર્યો. પણ તેમના ઉપદેશથી આકર્ષાઈ યસરબના કેટલાક માણસોએ ઇસ્લામ સ્વીકાર્યો અને ઈ. સ. ૬૨૨મા તેમને ધર્મોપદેશ અર્થે આમંત્ર્યા. ત્યાં જતાં તેમનું બળ વધી જશે એ બીકે કુરેશીઓએ તેમનું ખૂન કરવા ધાર્યું, પણ તેઓ ચેતીને રાતોરાત ઘરમાંથી છટકી જઈ શહેર બહાર એક ગુફામાં સંતાયા અને ત્રણ દિવસ બાદ ઇ. સ. ૬૨૨ની ૨૦મી સપ્ટેમ્બરે યસરબ પહોંચ્યા. આ 'હિજરત' (ઘર છોડીને જવા)ના પ્રસંગના સ્મરણમાં તે તારીખથી ઇસ્લામનો હીજરી સન શરૂ થયો, અને તેમના આગમનના માનમાં યસરબનું નામ બદલીને 'મદીનત-ઉન-નબી' (નબીનું શહેર–મદીના) પાડ્યું. ત્યાર પછી ઈસ્લામનો પ્રચાર વધતો જ ગયો. અને સૌએ તેમને નવા રાજ્યના હાકેમ બનાવ્યા. જોકે મદીનાનાએ નવા રાજ્ય પર કુરેશીઓએ તે પછી ત્રણ મોટા હુમલા કર્યા, પણ તે નિષ્ફળ ગયા.

ઈસ્લામ પયગંબર થયા બાદ ૬૦ વર્ષની ઉમરે તેમણે મક્કાની યાત્રાએ જવાનો નિર્ધાર કર્યો ને ત્યાંની એ હજ માટે ૧૪૦૦ માણસો લઈ સંપૂર્ણ અહિંસક રીતે હથિયારો વિના ત્યાં ગયા. કુરેશીઓએ શરૂમાં તો તેમને રોક્યા, પણ તેમના અહિંસક છતાં અણનમ વર્તનથી તેમના પર બહુ અસર થઇ અને બંને પક્ષ વચ્ચે 'હુદે બિયા'ની સુલેહ થઈ, જે અનુસાર બીજે વર્ષે હજે આવવાની શરત કરી તે પાછા ગયા. તે બાદ યહૂદીઓનું ખેબર શહેર જીતી લઇ આસપાસના બાદશાહો પાસે ઇસ્લામ સ્વીકારાવ્યો. તેને અંગે લડાઇઓ પણ થઈ. દરમિયાન 'હુદે બિયા'નો કુરેશીઓએ ભંગ કરતાં ૧૦,૦૦૦ માણસોનું લશ્કર મોકલી તેના સરદારને પકડી મંગાવ્યો, અને પછી તેને માફી આપી એક પણ માણસનું લોહી રેડ્યા વિના મક્કા સર કર્યું.

ઇ. સ. ૬૩૨માં ૬૨ વર્ષની વયે મક્કાની છેલ્લી યાત્રા કરી એ જ વર્ષના જૂનની ૮મીએ તેઓ જન્નતનશીન થયા.

પ્રસંગવિશેષ : રાજા દાહીરનો વધ

ઈ. ૭૧૨માં સિંધમાં બ્રાહ્મણ કુળના રાજા દાહીરનો અમલ ચાલતો હતો ત્યારે તે વખતના ધીકતા બંદર દેવળ પાસેના બેટો પર ચાંચિયા લોકોની આણ વર્તતી હતી. આ ચાંચિયાઓએ દેવળ બંદરેથી પસાર થતા ૧૦૦૦ અરબો પર હુમલો કરી તેમને પોતાના કેદી બનાવતાં, બગદાદના ખલીફાએ દાહીર રાજા પાસે એ મુસ્લિમોની માગણી કરી. પણ ચાંચિયાઓ પર પોતાનું વર્ચસ્વ ન હોવાને કારણે દાહીરે એ માગણી માન્ય કરવાની અશક્તિ દર્શાવતાં, ખલીફે મોટા સૈન્ય સાથે પોતાના સરદાર મીર કાસિમને હુમલો કરવા મોકલ્યો. મીર કાસિમે ચાંચિયાઓને હરાવી મુસલમાનોને છોડાવ્યા. તે પછી તેણે દાહીર પર પણ હુમલો કર્યો. દાહીરે સિંધને બચાવવા ખૂબ પ્રયત્ન કર્યો. મોટું યુદ્ધ જામ્યું. દાહીર બહાદુરીથી લડ્યો. પણ કેટલાક દેશદ્રોહીઓને કારણે તે હાર્યો અને ઈ. ૭૧૨ના જૂનની ૨૦મીએ મીર કાસિમે તેનો વધ કરાવ્યો. દાહીરની શૂરવીર રાણીએ બાકીની સેના ભેગી કરી યુદ્ધ ચાલુ રાખ્યું, પણ અંતે તેની યે હાર થતાં આખો સિંધ દેશ મુસલમાનોના તાબામાં ગયો. હિંદમાં મુસ્લિમ આક્રમણ અને મુસ્લિમોની સત્તાસ્થાપનાના ત્યારથી એ શ્રીગણેશ મંડાયા.



માધુકરી

ઉરમથનનાં પ્હેલાં પીવાં જહેર, અને પછી
ઉરઉદધિનાં પીયૂષોની રહે નહિ આરઝૂ;
નહિ જ કદી યે પામે કોઇ, વિના વિષ પીયૂષો.

વિધિવશ ગળે સૌએ, સૌએ છૂટા વિધિથી થવું.
જીવતરમહીં થોડું જીવી ઘણું ન બગાડવું.
ગત વિસરવું ભાવી સાચું પુનઃ સરજાવવા.

સ્વ. હરિશ્ચન્દ્ર ભટ્ટ

ઉપર ઉતારેલી, સુંદર પ્રવાહી હરિણી છંદની, આવી સચોટ બોધક પંક્તિઓ આપનાર કવિ આત્મહત્યા કરીને પોતાના જીવતરનો અંત આણે એ એક આઘાતજનક આશ્ચર્ય છે; પણ ગયા માસની ૧૮મીએ, મુંબાઈમાં એ આશ્ચર્ય હકીકત બની ગયું. પોતાનાં ઘણાં કાવ્યો અને લખાણોથી 'કુમાર'ના વાચકોના પરિચિત ભાઈ હરિશ્ચન્દ્ર લગભગ દોઢ દાયકા ઉપરાંતથી અમારા પરમ મિત્ર હતા. મુંબાઈના પ્રિન્સેસ સ્ટ્રીટના એક મકાનની નાની સામાન્ય બે ઓરડીમાંનો એમનો વાસ અમારું મુંબાઇમાંનું થાણુંહતું; અને તેઓ પોલાંડના કૉન્સ્યુલેટ (એલચીખાતા)માં નોકર રહ્યા ત્યારથી તો, મિત્રો મજાકમાં એમને અમારા મુંબાઈમાંના 'કૉન્સલ જનરલ' કહેતા, એ એક જ વાત ઉપરથી અમારા સંબંધનો વાચકોને ખ્યાલ આવશે. ભોંયતળિયાથી તે છત સુધી ઠામની પુસ્તકો અને વચ્ચેવચ્ચે સુંદર ચિત્રોથી ખીચોખીચ ભરેલી ભીંતોવાળી, એમની ગુફા જેવી બેઠકની એ ઓરડી અનેક કવિઓ અને કલાકારો તથા રાજકારણી, સાહિત્યરસિક તેમ જ સંસ્કારપ્રિય મિત્રો અને મુલાકાતીઓથી અંકિત થયા જ કરતી. મુંબાઈ-અમદાવાદના નવોદિત કવિઓથી માંડીને ઈરાનની કળા ઉપર જગતભરમાં નિષ્ણાત ગણાતા અંગ્રેજ કલાવિવેચક આર્થર અપહામ પોપ સુધીના માણસો એ મામૂલી મકાનની નાની ઓરડીમાં આવી ગએલા.

ક્યાંક તો વેદની ઋચાઓ જેવું પ્રગલ્ભ પદ્ય લખનાર એ કવિ, બિયાંબજારની



સ્વ. હરિશ્ચન્દ્ર ભટ્ટ (સ્કેચ : રસિકલાલ પરીખ



માસમાસનાં પંખી : ૫૩
પોપટ

લીલી હરિયાળી જમીન જોતાં જ આપણે ત્યાં પોપટ પણ જોવાની આશા સહેજે જ રાખીએ છીએ; પરંતુ તેમાં પણ જે જાણ જુદીજુદી જાતો થાય છે તેને તો બહુ થોડા જ તારવી શકતા હશે. તે વિશે થોડી માહિતી તો આ પાંગે કુમારના (૨૭૯મા) અંકમાં જોઈ ગયા છીએ.

મેનાના કદની તેની આ જાત વસંતઋતુમાં વિશેષ નજરે પડે છે. તેની લાંબી પૂંછડી તથા ખભા પરનાં લાલ લાખાં તો ધ્યાન ખેંચે જ છે, પણ તેની વિશિષ્ટતા તો છે તેનું લાલ માથું. માદાને વાદળી ઝાંયવાળું રાખોડી રંગનું માથું હોય છે, અને ખભા પરનાં લાખાં તો ક્વચિત્ જ હોય છે.

સામાન્યતઃ તે નાનાં ટોળાંમાં જંગલ કે બહુ વનસ્પતિવાળા પ્રદેશમાં રહે છે અને ક્યારેક મોટી સંખ્યામાં તેમનો નિશાળો કલબલાટ મચાવતા જંગલમાં વસેલ નેસડાની જે કંઇ થોડીઘણી ખેડાઉ જમીન હોય ત્યાં એકસામટાં તૂટી પડી પાકને ઘણું નુકસાન પહોંચાડે છે.

અનાજના કણ તથા ફળો ખાવા સાથે તેને ફૂલોનું મધ પણ બહુ ભાવતું હોવાથી બાગબાનીને પણ ઘણું નુકસાન પહોંચાડે છે.

જાન્યુઆરીથી મે દરમિયાન કોઇ ખખડધજ ઝાડના થડ કે ડાળીમાં, જમીનથી થોડી ઊંચાઇએ, માળાને યોગ્ય ગાળો કોતરી, તેમાંથી નીકળેલાં જ છોતરાં પાથરી, તેમાં લગભગ ગોળ, લીસાં, સફેદ, ચાર થી છ ઇંડા મૂકે છે. બચ્ચાંના ઉછેરમાં નરમાદા બને સરખો હિસ્સો આપે છે. આવી રીતે માળા કોરી કાઢતાં બીજાં પંખીઓ પેઠે પોપટ જરૂર પૂરતું કાણું ખુલ્લું રહેવા દઈ બાકીનો ભાગ બંધ નથી કરી દેતો.

એક વેપારી પેઢીમાં મહેતાજીનું કામ કરતાંકરતાં સંસ્કૃત, અંગ્રેજી, થોડા ફ્રેન્ચ ને પોલિશ સાહિત્યના સંપર્કવાળો બહુશ્રુત સાહિત્ય-સેવી બન્યો, એ એની એકધારી સાધના ને તમન્નાભર્યા પુરુષાર્થનું જ પરિણામ હતું. જર્મન, સ્પૅનિશ, પોલિશ કે રશિયન સાહિત્ય વિષેની કોઇ પૃચ્છા કરવા કે પુસ્તક માગવા આવનાર કૉલેજિયનોથી માંડીને, મુંબાઈની મોટી લાયબ્રેરીઓના લાયબ્રેરીઅનો સુધીના વિવિધ માણસો એમના આ વિશાળ જ્ઞાનસંપર્કનો લાભ પામતા.

એવા, આપબળે જાતઘડતર કરનાર ભાઈ હરિશ્ચન્દ્ર ભગવતી-શંકર ભટ્ટનો જન્મ, ૧૯૦૬ની છઠ્ઠી ડિસેમ્બરે અમદાવાદમાં થએલો. તેઓ મૂળ સુરત જિલ્લાના ઓલપાડ ગામના મોતાળા બ્રાહ્મણ.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબાઇમાં લઈ મૅટ્રિક થયા બાદ, ઉચ્ચ અભ્યાસ માટે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જવાની તૈયારી પિતાના અવસાનને લીધે પડતી મૂકી, દેશી વેપારી પેઢીમાં એમને નોકરી લેવી પડેલી. છતાં અભ્યાસના અનુરાગને લીધે એ નોકરી સાથે એક વર્ષ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરેલો. ઉપ-રાંત, હાઈસ્કૂલના શિક્ષણની સાથેસાથે જૂની ઢબ પ્રમાણે સંસ્કૃત અને વેદાધ્યયન શીખવાનો પણ પ્રયત્ન કરેલો.

કુટુંબપોષણને માટે નોકરી અર્થે અભ્યાસ છોડી દીધેલો હોવા છતાં વાચનનો નાદ એમનો એટલો તીવ્ર હતો કે કાવ્ય, રાજકારણ, સંસ્કૃતિ, ઈતિહાસ, કલાવિવેચન વગેરેનાં યુરોપી સાહિત્યનાં ઘણાં-ખરાં પુસ્તકોથી તેઓ પરિચિત હતા. તેમાં યે સ્લાવ સાહિત્ય અને સંસ્કૃતિ (મુખ્યત્વે પોલાંડ વિષે)નો એમનો અભ્યાસ એટલો બહોળો હતો, કે એક વખત પોલાંડ વિષે પોતે વાંચેલાં પુસ્તકોની યાદી મુંબા-ઈમાંના પોલાંડના એલચીને મોકલીને વિશેષ પુસ્તકોનાં નામ મેળ-વવા માટે તે એમને મળવા ગયા, ત્યારે એ એલચી (ડૉ. બાનાસિ-ન્સ્કી)એ કહેલું કે પોલાંડ વિષે મારા કરતાં પણ તમે વધારે પુસ્તકો વાચ્યાં છે! પાછળથી તેમને મુંબાઈમાંના પોલાંડના એલચી ખાતા-માં નોકરી મળી, જે, ગયા મહાયુદ્ધમાં એ દેશ પાદાક્રાંત થયા બાદ એલચીખાતું બંધ થયું ત્યાં સુધી રહેલી. ઉપરાંત તે કલાના અભ્યાસી ને રસિક ભોક્તા હતા ને રૂપસુંદર ગ્રંથવિધાનની પણ એમને દૃષ્ટિ હતી. સાહિત્ય ને કલાની આવી સુમેળવાળી દૃષ્ટિ હોવાથી પોલિશ એલચી ખાતામાંથી મુક્ત થયા બાદ મુંબાઈમાં શ્રી જયંત દલાલ ને શ્રી મુરલી ઠાકુરની સાથે એ 'નાલંદા' પ્રકાશનગૃહમાં જોડાયા અને એ સંસ્થાનાં શરૂનાં બધાં પ્રકાશનો એમનાં જ વિધાનો છે.

કલા, કવિતા, સાહિત્ય અને સંસ્કાર વિષેની એમની ધૂન કોઈ અનોખી ભક્તિ જેવી હતી. તદ્દન મધ્યમ આવકમાં સાદું જીવન ગાળતા એ મહેતાજી જેવા માણસને કોઈ કલાપ્રદર્શનમાંથી સવાસો રૂપિયાનું ઇચિંગ કે વૂડકટ ખરીદતાં જોનારા ઘડીભર અચરજ પામી જતા. એ જ રીતે કોઈ કવિ કે સાહિત્યરસિક મિત્રને, તેના જન્મદિને ટપાલમાં એકાએક ઉમદા છપાઇનો મૂલ્યવાન કાવ્યસંગ્રહ કે સાહિત્ય-ગ્રંથ એમના તરફથી ભેટ આવી પડીને તેને આશ્ચર્યમુગ્ધ ને આર્દ્ર બનાવી મૂકતો. કલાત્મક ગ્રંથવિધાનને ઉમદા મુદ્રણકાર્યના એ આશક પાસે સારો ડગલો કદી ન હોય, પણ યુરોપ-અમેરિકાના ગ્રંથરત્ન ગણાતી 'લિમિટેડ એડિશન'ની મોંઘી ચોપડીઓનો સંગ્રહ રહેતો.

આવી ઊંચી રસવૃત્તિ અને વિશાળ વાચનવાળા ભાઈ હરિશ્ચન્દ્ર આ જમાનાની છાપાળવી જાહેરાત પામ્યા નથી; બલ્કે, એક સન્મિત્રે હમણાં જણાવ્યું હતું તેમ, આ ક્ષેત્રના એ unknown soldier– અણજાણ્યા સૈનિક જેવા હતા; અને એમ જ અણજાણ્યા રહીને, અચાનક એ ગયા માસમાં ચાલ્યા ગયા. પણ જેમના જેમના અંતરમાં એમના સંસ્કારસંપર્ક અને ઉત્સાહી હૂંફાળા હૈયાની ફોરમ રહી ગઈ છે તે સૌને એક ઉમદા મિત્રની અને ગુજરાતને એક ઉમદા સંસ્કારસેવકની મોટી ખોટ પડી છે. આ લખનારને અંગત રીતે તો, એમના જેવો હેતાળ મિત્ર ગુમાવ્યાની જે અંગત ખોટ પડી છે તેના આઘાતની કળ વળે ત્યારે ખરી. આજે માત્ર આ અધુકડી અંજલિથી એમના આત્માને શાંતિ ઈચ્છી મન વાળીએ છીએ.

—બ. રા.

કોડઈકાનલ

પ્રકૃતિએ જ્યાં છૂટે હાથે પોતાનું માધુર્ય રેલાવ્યું છે એવું, હિંદ-ભરમાં કદાચ શ્રેષ્ઠ આબોહવાવાળું આ હવા ખાવાનું સ્થળ, મદ્રાસ ઈલાકાના મદુરા જિલ્લામાં, પાલનીની ટેકરીઓના પહાડી પ્રદેશમાં આવેલું છે. ગિરિ-નિવાસોમાં રાણી રૂપ મનાતા નીલગિરિના ઉતા-કામંડ કરતાં પણ અહીંનું હવામાન ચડિયાતું ગણાય છે; અને એટલી જ ઊંચી એની પ્રતિષ્ઠા ત્યાંની વેધશાળાને લીધે છે.

કોડઈકાનલ રોડ સ્ટેશનથી ૫૦ માઈલ દૂર, સમુદ્ર સપાટીથી ૬૫૦૦ ફૂટ ઊંચે વસેલું આ નાનું ગામ શાંતિ અને આરામનું આદર્શ ધામ છે. વૉટરવર્ક્સ તથા વીજળીની આધુનિક સગવડો સાથે હરિ-યાળી ટેકરીઓ ને આહ્‌લાદક નિસર્ગદૃશ્યોથી ભર્યુંભર્યું એ રમણીય ગ્રીષ્મધામ ત્યાંના વિશાળ સરોવરને લીધે વધુ આકર્ષક બને છે.

કોડઈની ફરતો ગૉશેન રોડ નામનો, ટેકરીઓ અને ખીણમાંથી પસાર થતો ૩૦ માઇલ લાંબો રસ્તો ફરવા જવા માટેનું એક મોટું આકર્ષણ છે. તેની આજુબાજુની હરિયાળી ને પાણીના ધોધો બધી જ ચિંતા ભુલાવી દે તેવું માદક વાતાવરણ રચી રહે છે.

શહેરથી ત્રણ માઈલ દૂર આ પ્રદેશના સર્વોચ્ચ સ્થળે ૭૬૮૮ ફૂટની ઊંચાઇએ સરકાર સ્થાપિત વેધશાળા છે, જેમાં પૃથ્વીનું ચુંબ-કત્વ, હવામાનશાસ્ત્ર તથા સમયને લગતાં આકાશી અવલોકનો અને ખગોળશાસ્ત્રીય નિરીક્ષણો કરવામાં આવે છે. તેમાં પણ મુખ્ય કામ તો સૂર્ય-વિજ્ઞાનને લગતાં નિરીક્ષણોનું થાય છે.

ટેકરીની બાજુમાં લૅડી રામનાથન્ નામની એક અમેરિકન હિંદુ બાઇએ બંધાવેલું સુબ્રહ્મણ્યનું સુંદર મંદિર છે. અહીંથી અને પ્રૉસ્પેકટ પોઈન્ટ પરથી પહાડના માળામાંથી દૂર પાલનીની ટેકરી પરનું વિખ્યાત જાત્રાધામ (મંદિર) તથા તેનું સરોવર જોઇ શકાય છે. 'પિલર રૉક્સ' નામના ૪૦૦ ફૂટની ઊંચાઈવાળા ત્રણ પ્રખ્યાત સીધા ખડકો પણ અહીંના દૃશ્યમાં મધુર ભવ્યતા ઉમેરે છે.

સિંહોની વસતિ-ગણતરી

સોરઠનો વનરાજ એ આખી દુનિયામાં સિંહોની એક વિશિષ્ટ જાતિ ગણાય છે, અને હિંદભરમાં તેની વસતિ કાઠિયાવાડના ગીરના જંગલમાં જ માત્ર મર્યાદિત છે. ઉપરાંત તેની વસતિ દિનપ્રતિદિન ઘટતી જતી હોવાથી જગતનું આ મોંઘું પ્રાણીધન સાચવવા માટે થોડા સમય પર વડાપ્રધાન જવાહરલાલના ખાસ ફરમાનથી તેના શિકારની બંધી કરવામાં આવી હતી. હવે, તેમાં એક ડગલું આગળ વધીને ગયા ઍપ્રિલની ૨૧મી તારીખે સિંહોની વસતિ ગણત્રી કર-વામાં આવી છે. એ ગણત્રી મુજબ સૌરાષ્ટ્રનાં જંગલોમાં હાલ ૨૧૨ સિંહો રહે છે, એમાં ૧૭૨ મોટા અને ચાલીસ નાના છે.

એમાં જામવળા ખાતે ૪૫ વીસાવદર ખાતે ૨૪, સાસણ ખાતે ૬૮, જસધાર પાસે ૪૫, અમરેલી પાસે ૨૬ અને ગિરનારમાં ૩ સિંહો રહે છે. આ ઉપરાંત બીજા ડુંગરોઓમાં પણ ક્યાંક ક્યાંક સિંહો રહેતા હોય એમ જણાય છે. પરંતુ એ અંગેની વિગતો મેળ-વવી હજી બાકી છે. આ કપરી વસતિગણતરી જે રીતે કરવામાં આવી છે તેની પદ્ધતિ રસદાયક છે. દોઢ વર્ષના સંશોધન બાદ અને વન-

શાઓની ગર્જનાથી ગાજતાં જંગલોમાં સાત સાત સપ્તાહ સુધી પૂરી વ્યવસ્થા કર્યા બાદ જ આ ગણતરી કરી શકાઈ છે. વસતિગણતરી-ટુકડીની સરદારી રાજકોટની રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ શ્રી વીનર બ્લાઇથે લીધેલી. એમણે અને મેજર દુગાઇએ દોઢ વર્ષના સતત સંશોધન બાદ સિંહોની ખાસિયતને લગતા ચોક્કસ સિદ્ધાંતો શોધી કાઢ્યા, અને તેના પાયા પર યોજના તૈયાર કરવામાં આવી.

આ સિદ્ધાંતો નીચે મુજબ છે: (૧) દરેકે દરેક સિંહને ઓછામાં ઓછું એક વખત પાણી પીવું પડે છે; (૨) સિંહો હમેશાં ધોરી માર્ગ પર જ ચાલે છે; (૩) કોઈ પણ સંજોગોમાં કોઇ પણ બે સિંહોનાં પગલાંમાંની છાપ એકબીજાને મળતી આવતી નથી.

ટુકડીએ પહેલાં તો છયે વિસ્તારોમાં જ્યાંજ્યાં સિંહો ઘૂમતા હોય ત્યાંત્યાં સત્તાવીસમી એપ્રિલે સારાયે દિવસની જહેમત ઉઠાવી સિંહોનાં જે કંઇ પગલાં પડ્યાં હોય તે ભૂંસી નાખ્યાં. ત્યાર બાદ ૨૮મીએ સવારે તેઓ પાણી પીવાના સ્થળે જતા તમામ ધોરી માર્ગ પર છુપાઇને રોકાયા અને સિંહોનાં તાજાં પગલાંની છાપ પડતી ગઈ તેમતેમ તેનું માપ લઈ ગણતરી કરતા ગયા. ૨૯મી તારીખે તેમણે આમાં એકબીજાને મળતાં નહિ આવે એવાં પગલાંઓની ગણતરી કરી. દરેક સિંહ ચોવીસ કલાકમાં એક વખત તો પાણી પીવા અચૂક આવે છે જ. એટલે ગણતરીમાં એક પણ સિંહ બાકી રહી ગયો હોય એમ નથી. તેમ કોઇ પણ સિંહ બે વખત પણ ગણાયો નથી કારણ કે પગલાંમાંની કોઈ છાપ એકબીજીને મળતી આવતી નથી.

ભારતભરમાં આવી સિંહોની વસતિગણતરી આ પહેલી જ છે. વળી એ ગણતરી પાછળ આધારભૂત એવા શોધાએલા સિદ્ધાંતો પણ તદ્દન નવા જ હોઇ એ સિદ્ધાંતો પણ અતિ મહત્ત્વના બની જાય છે.

લવિંગ

મુખવાસ તથા ગરમ મસાલા તરીકે વપરાતા આ તેજાનાનો એક ખાસ ઉપયોગ દાંતના દુખાવાના ઉપચાર તરીકેનો છે, એ ઘર-ઘરની જાણીતી વાત છે. એ અદ્‌ભુત શોધ ઘણી પ્રાચીન છે, કેમકે આજથી બે હજાર વર્ષો પૂર્વે દાંતના દુખાવામાં તેમજ દવા-ઔષધોમાં લવિંગના ઉપયોગની નોંધનો ઉલ્લેખ જડી આવે છે! ઇતિહાસમાં જૂનામાં જૂનાં ઔષધોમાં લવિંગની ગણના થાય છે.

લવિંગનું ઝાડ પૂર્વ હિંદી દ્વીપસમૂહના ટાપુઓનું મૂળ વતની. એ ટાપુઓના મૂળ વતનીઓ અને ચીની ખલાસીઓ વચ્ચે તેનો વેપાર ધમધોકાર ચાલતો. ઘણા પ્રાચીન સમયથી દાંતનો દુખાવો રોકવા ઉપરાંત આંખનાં દર્દો અને પેટના અપચામાં, રસોઇમાં તેમજ ધાર્મિક ક્રિયાઓમાં લવિંગનો ઉપયોગ થતો આવ્યો છે. મધ્ય યુગમાં લવિંગનું તેલ ખુલ્લા ઘાનું ડ્રેસિંગ કરવા માટે વપરાતું. આધુનિક સમયમાં તેને આસવીને તેમાંથી સુગંધીદાર પદાર્થો તૈયાર કરવામાં આવે છે. કોકો, ચૉકલેટ, આઇસ્ક્રીમ અને બીજી એવી ખાદ્ય વસ્તુઓની બનાવટમાં વપરાતું બનાવટી વૅનીલા ઇસેન્સ પણ તેમાંથી જ તૈયાર કરવામાં આવે છે. પૂર્વના દેશોમાં, ખાસ કરીને જાવામાં, લવિંગનું ધૂમ્રપાન કરવામાં આવે છે.

લવિંગના ઝાડની સૂકવેલી વણઉઘડેલી કળીઓ એટલે લવિંગ. તે લગભગ ૪૦ ફૂટ ઊંચું થાય છે અને બારે માસ લીલું રહે છે. કળીઓ ત્રણત્રણના ઝૂમખામાં થાય છે. તે ઊઘડે છે ત્યારે જે ફૂલ નીકળે તે સાવ નાનાં હોય છે. ઝાડને બે ફાલ આવે છે: એક જુલાઈથી ઑક્ટોબર સુધીમાં અને બીજો નવેમ્બરથી જાન્યુઆરી સુધીમાં. એક મોસમમાં એક ઝાડ ૪૦૦૦ લવિંગ આપે છે.

દુનિયામાં વર્ષે દિવસે ૧૨૦૦૦ ટન લવિંગની વપરાશ છે અને આમાંનો મોટો ભાગ ઝાંઝીબાર (આફ્રિકા)માંથી આવે છે. લવિંગનો ઉપયોગ વધતો ગયો તેમતેમ તેનું વાવેતર પણ વિસ્તાર પામતું ગયું. પૂર્વ હિંદી ટાપુઓમાંથી મોરિશિયસ, માડાગાસ્કર, પિનાંગ, અને છેવટે અઢારમી સદીમાં આફ્રિકામાં ઝાંઝીબાર પર્યંત લવિંગનાં ઝાડ પહોંચ્યાં: અને ઝાંઝીબારના પડોશી પેમ્બા ટાપુમાં તેને સાનુકૂળ સ્થળ મળી ગયું. તે આરબ ખેડૂતોની નિપુણતા અને સસ્તી મજૂરી એ બે કારણોને આભારી છે, કેમકે લવિંગના ઝાડની ખૂબ કાળજી રાખવી પડે છે. —ડૉ. નરસિંહ મૂ. શાહ (પ્રસ્થાન)

પાણીકળા મહારાજ

પાણીકળા મહારાજ નામથી ઓળખાતા શ્રી જીવરામ દુર્લભજી વ્યાસ જમીનમાં પાણી શોધી કાઢવાની અદ્‌ભુત શક્તિ ધરાવે છે. માત્ર નકશા ઉપર હાથ મૂકીને 'આ જગ્યાએ તળાવ છે, આ સ્થળે કૂવો છે, ૬૦ હાથ નીચે પાણી પુષ્કળ છે, ભૂખરા રંગનો પથ્થર છે' એ રીતની હકીકતો તે સ્થળ પર ગયા વિના તેઓ કહી શકે છે.

સૌરાષ્ટ્ર સરકારે હમણાં ખાસ આમંત્રણથી ઝાલાવાડમાં પાણી શોધવા માટે રાજસ્થાન સરકારમાંથી એમને બોલાવ્યા છે. તેઓ રાજસ્થાન અન્ડરગ્રાઉન્ડ વૉટર કમિટીના ચૅરમૅન છે. એમણે પંડિત જવાહરલાલ સાથે રહી કુરુક્ષેત્ર અને સીમલામાં પાણી શોધી આપ્યું હતું. જે જગ્યાએ પરદેશથી પાછા ફરેલા મોટા નિષ્ણાતો નહોતા કહી શક્યા ત્યાં આ મહારાજે કેટલા હાથ નીચે મીઠું અગર કડવું પાણી નીકળશે તે કહેલું, અને તે પ્રમાણે યથાર્થ નીકળેલું.

તે મોરબી પાસેના એક ગામડાના બ્રાહ્મણ છે. સૌરાષ્ટ્રમાં બે વર્ષ પહેલાં જ્યારે આવ્યા ત્યારે તેમના કથનને પાગલપણું સમજવામાં આવતું, પરંતુ પાછળથી જ્યારે તેમણે પંડિત જવાહરલાલમાં વિશ્વાસ બેસાડ્યો તેમજ સૌરાષ્ટ્રમાં કરેલી આગાહી ખરી પડી ત્યારે વિશ્વાસ બેઠો. તેઓ લાંબો કોટ, મિલનું ધોતિયું ને માથે લાલ પાઘડી પહેરે છે. સામાન્ય રીતે પાઘડી તેમના હાથમાં જ હોય છે. માથે તેલ નાખ્યા વિના ટૂંકા વાળ ને લાંબી મૂછો. પંડિતજી અને જામસાહેબ સૂચના આપે તો જ આ કામ માટે તે બહાર નીકળે છે. પાણી શોધવા માટે તેમને કોઈ સાધનની જરૂર રહેતી નથી.

તેમના કામ માટે તે કંઇ મહેનતાણું લેતા નથી. પંડિતજી સાથે તેમણે નક્કી કર્યું છે કે જામનગરમાં તેમના તરફથી જે સદાવ્રત ચાલે છે તેનું ખર્ચ આપવું; એટલે અત્યારે તેઓ મહિને પગાર તરીકે તેનું ખર્ચ રૂપિયા ૨૩૦૦ મેળવે છે. (તારવીને)

ચોમાસું : મૉન્સૂન


ચોમાસા માટે વપરાતો અંગ્રેજી ભાષાનો શબ્દ મૉન્સૂન પોર્ટુગીઝ શબ્દ મૉન્સાઓ (Moncao) ઉપરથી આવેલો છે. મૉન્સાઓ અરેબિક ભાષાના શબ્દ મૌસીમ ઉપરથી બનેલો છે. મૌસીમની ધાતુ વસ્મ્ છે. વસ્મ્‌નો અર્થ 'સૌંદર્યમાં વધારો થવો' એવો થાય છે. બીજી બાજુ ચીની ભાષાનો શબ્દ 'માઓ-ચાન'નો અર્થ 'ભારે વરસાદનો સમય' એવો થાય છે. આ માઓ-ચાનનો ઉચ્ચાર કેન્ટનની ભાષામાં 'મૌ-ત્સીમ' કરવામાં આવે છે, જેનું અરેબિક ભાષામાં મૌસીમ અક્ષરશઃ ઉચ્ચારણ થાય. આ મૌસીમ શબ્દ ચીનના ખલાસીઓ દ્વારા અરબસ્તાનમાં આવેલો હોય યા અરબસ્તાનમાંથી ચીનમાં ગયો હોય. —ન૦ મૂ૦ શાહ

(એસ. મહદીહસને 'કરન્ટ સાયન્સ' (સપ્ટે૦ '૪૯)માં 'ચીનમાંથી ઊતરેલા સાંસ્કૃતિક શબ્દો'વાળા લેખમાં કરેલી ચર્ચાનો સારભાગ)

એક કપુત કાળું કરે ઉજ્જવલ બીજો પ્રકાશ,
દીપકના બે દીકરા કાજળ ને અજવાશ.



આવતી પહેલી તારીખે એક કરોડ વૃક્ષો વાવીને દેશવ્યાપી વૃક્ષારોપણ પર્વ ઊજવવાનો અનુરોધ થયો છે તે સમયે, ગોંડળ (સૌરાષ્ટ્ર)ના સદ્ગત રાજવી ભગવતસિંહજીના વૃક્ષપ્રેમનો એક પ્રસંગ યાદ આવે છે. એમની અંગત પરવાનગી વિના ઝાડ કાપવાની એમના આખા રાજ્યમાં મનાઇ હતી. એક વખત રાજધાની ગોંડળની જ એક નવી થતી ફુરાદે સડકની વચ્ચોવચ જંગી ઝાડ આવતું હતું, તે કાપવાની સ્ટેટએન્જિનીઅરે અનુમતિ માગી. તેને ના પાડતાં એમણે કહ્યું, 'આપણો આ નવલખો મહેલ છે તે કદાચ પડી ગયે નવો ચણાવીને ઊભો કરવાનો સંકલ્પ કરીએ, તો ધારી મુદતમાં–અરે એક રાતમાં પણ, આપણે ચાહીએ તેટલી લક્ષ્મી ખરચીને કરી શકીએ; પણ કાપી નાખેલું ઝાડ આપણે ગમે તેટલા ખર્ચે પણ ઊભું કરી શકવાના હતા?'



૧૯૫૦ : આ ત્રિકોણની ત્રણે બાજુઓ ઉપર, ત્રણે વેધ (ઊંચાઇઓ)માં, અને બીજા સમૂહોમાં આવતા નાના ત્રિકોણોમાંની રકમોનો સરવાળો ઈ.સ.ના આ વર્ષ (૧૯૫૦) જેટલો થાય છે. (અમેરિકાના આયોવા પરગણાના એરોક્રા ગામના શ્રી બેન લેપોરસ્કી રચિત.)

અનેકાર્થી શબ્દ: **ચાસ**=ખેડવાથી પડતો લાંબો આંકો; ખોટ; ચાસણી; એક પક્ષી.

દુશ્મનાવટની હદ સુધી પહોંચેલા બે હરીફો એક સ્થળે સામાસામા થઇ ગયા. એક અંદર જતો હતો, બીજો બહાર આવતો હતો. એકે બીજાને જોઇને ગુસ્સાથી કહ્યું: 'હું બદમાસોનું મોં જોતો નથી.'

'હું તો જોઉં છું.' બીજાએ ડંકથી કહ્યું.

કહેવતોના અર્થ: 'વાધરી માટે ભેંશ મારવી' વાધરી (ચામડાની નાની દોરી)નો ખપ પડતાં તેને માટે આખી ભેંશ મારી નાખવા નીકળવું જેવું બેવકૂફી ભરેલું છે, તેવું જ કોઇ મામૂલી કામ માટે મોટું નુકસાન વહોરવા નીકળવું મૂર્ખાઇભર્યું છે, એમ દર્શાવવા માટે આ સચોટ ઉદાહરણવાળી કહેવત વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'આગ લગાડીને તાપણી કરવી;' 'વડ ભાંગીને ઉટીપણું કરવું;' 'ખીલા માટે ભીંત પાડવી' વગેરે.



તમે કલ્પી પણ શકો ખરા, કે આ બે જણ જે વસ્તુને અઢેલી રહ્યા છે તે સિક્કા છે?! પાસિફિક મહાસાગરના કેરોલીન દ્વીપસમૂહમાંના 'યાપ' ટાપુના વતનીઓ આવા કાણાંવાળા પત્થરના સિક્કા વાપરે છે, જેમાં લાકડું ભરાવી બે જણ ઊંચકીને તે લઈ જાય છે!

વિલાયતમાં ઠંડો મુલક હોવાને કારણે માણસો બહુ સ્નાન ન કરતાં હાથમોં જ ધૂએ છે; ત્યાં, એવી ગણત્રી નીકળી છે કે, એક માણસ તેના આખા જીવનમાં હાથમોં ધોવા માટે દોઢ હજાર ટન પાણી વાપરે છે.

ચાંદીની ચીજો તથા વાસણો સાથે કપૂરનો કટકો રાખી મૂકવાથી રૂપું ઝાંખું નહિ પડે અને વળી ચીજો સુગંધિત રહેશે.

આખી જીવસૃષ્ટિમાં કદના પરિમાણથી કરોળિયો સૌથી ઝડપી ને તમરું સૌથી બલવાન સાબિત થયાં છે. કરોળિયો પોતાની લંબાઇ કરતાં સો ગણું અંતર એક સેકંડમાં દોડી શકે છે; ને તમરું પોતાના વજન કરતાં ૮૫૦ ગણું વજન ઊંચકી શકે છે.



એકલા લંડન શહેરની વસતિ આખા ઑસ્ટ્રેલિયા ખંડની વસતિ કરતાં વધુ છે.

આંખ આવીને બહુ દુખતી હોય તેના ઉપર લીંબોઇનાં પાનને સાફ કરી, ઘી ચોપડીને ગરમ કરી, દરેક આંખે ચાર ચાર પાંચ-પાંચ પાનની થોકડી મૂકી પાટો બાંધી દેવાથી આંખમાંથી ગરમ પાણી રૂપે ગરમી ઝમી જઈને સવારે આંખ ચોખ્ખી થઇ જશે.


અત્યંત બારીક મલ્લિન જેવાં કપડામાં સલામતરીતે પિન ભરાવવી હોય, તો કાપડની તળેના ભાગમાં કૉટનવૂલ (રૂ)નો ટુકડો રાખી, તેમાં ભરાવવાથી તેને ટકે પિન અક્કડ રહેશે અને કપડું ફાટશે નહિ.

એક અદ્ભુત ચીજ છે. દુનિયાના તવંગરમાં તવંગર માણસ પાસે પણ એને ખરીદવાના પૈસા નથી. પણ તમે ધારો તો એ મફત મેળવી શકો. એનું નામ સંતોષ.



નાગદમન
પ્રાચીન
ગુજરાતી
શિલ્પ

સમતોલ પ્રમાણભાર અને પ્રવાહી રેખાવહનવાળુ આ અદ્ભુત મધુર શિલ્પ તો દેલવાડાના મંદિરનું જ હશે એમ જ સ્વાભાવિકરીતે લાગે; પરંતુ કોઇને ક[illegible]માયે ન આવે કે તે સૌરાષ્ટ્રના છેક પશ્ચિમ કિનારાના એક અજાણ સ્થળના ખંડિયેરમાંનું રત્ન છે. પોરબંદર રાજ્યના માધવપુર ગામથી એક માઈલ દૂર આવેલા 'મૂળ માધવપુર' ગામના અસલ માધવરાયના મંદિરના ખંડિયેરોની છતમાંનું એ શિલ્પ છે. એની રેખાઓ ગુજરાતના તળપદા શિલ્પની છે એ તો સ્પષ્ટ છે, અને આબુના શિલ્પ કરતાં તે વધુ પ્રાચીન અને વધુ સુંદર છે. નીચે નાગ, ઉપર કૃષ્ણ, ચોમેર નાગણીઓ અને વચ્ચેનાં નાનાં વર્તુલોમાં જલથલની પ્રાણીસૃષ્ટિ, એ બધાંનું સામંજસ્ય કલાકારે વહેતા વળાંકાઓની શોભનગૂંથણીમાં અદ્ભુતરીતે સાધ્યું છે. પોરબંદરની ભાવસિંહજી હાઇસ્કૂલના વિદ્યાર્થી-સંગ્રહસ્થાનના સૌજન્યથી એ મળ્યું છે તેનું સાભાર ઋણ સ્વીકારીએ છીએ. [illegible]. નીચે છાપેલા આધુનિક મુક્ત શૈલીના ચિત્રમાં તાદૃશ્ય આલેખનને બદલે લણણી વેળાના સમૂહકાર્યમાં થતા અંગવિન્યાસમાંની ગતિનું સંગીત ને ઉત્સાહનો ભાવ જ દર્શાવવાનો પ્રયત્ન છે.



લણણી
વી. એસ.
ધાપતકર



ઑસ્ટ્રિયાના પ્રજાસત્તાકની નવી ટિકિટો: એક ફર્સ્ટ-ડે કવર તથા ખાસ ટપાલ-છાપ સહ (અજિતકુમાર સંઘવીના સૌજન્યથી) વર્ણન અંદર ટિકિટ-સંગ્રહ વિભાગમાં આપ્યું છે.

KUMAR Reg. No. B. 1808

વર્ષ ૧૯૫૦ · સળંગ અંક ૩૧૮ · છૂટક ૦-૧૨-૦